ISSN-0971-8397

# યોજના

જૂન ૨૦૧૮ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૨

## ભારત પ્રગતિના પંથે

**ખાસ લેખ**

ડિજીટલાઇઝેશન દ્વારા વિકાસ

અમિતાભ કાંત

મોદી સરકારની વિકાસ વ્યૂહરચનાઃ એક દ્રષ્ટિકોણ

રાજીવ આહૂજા

સ્વચ્છ ભારત - સ્વચ્છ ભારત તરફનું વધુ એક કદમ

પરમેશ્વરન ઐયર

**ફોકસ લેખ**

મહિલા અને બાળકો તરફ સુરક્ષાનો હાથ લંબાવવો

રાકેશ શ્રીવાસ્તવ

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશેષ**

પંચેન્દ્રીયોનાં સંયમથી શાંતિ

આર. એસ. રામાસ્વામી



# વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનનો પ્રારંભ; આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રોડમેપ જાહેર કર્યો

તાજેતરમાં મધ્યપ્રદેશના મંડલા ખાતે વડાપ્રધાન દ્વારા રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમણે આગામી પાંચ વર્ષમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રોડમેપ (રૂપરેખા) જાહેર કર્યો છે.

મંડલા જિલ્લાના માનેરી ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા તૈયાર થઈ રહેલા એલપીજી બોટલિંગ પ્લાન્ટનો તેમણે શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત તેમણે સ્થાનિક સરકારી ડિરેક્ટરીનું પણ વિમોચન કર્યું હતું.



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના મંડલા ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, ૨૦૧૮ના પ્રસંગે આગામી પાંચ વર્ષ દરમિયાન આદિવાસી સમુદાયના સમગ્રલક્ષી વિકાસ માટે રોડ મેપનો પ્રારંભ કરી કરી રહ્યાં છે. આ પ્રસંગે મંચ પર મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી આનંદીબહેન પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યપ્રધાન શ્રી શિવરાજસિંહ ચૌહાણ પણ જોવા મળ્યાં હતા.

આ દરમિયાન વડાપ્રધાને એવા તમામ સરપંચોનું સન્માન કર્યું હતું જેમણે ૧૦૦ ટકા ધુમાડારહિત રસોડા, ઈન્દ્રધનુષ મિશન અંતર્ગત ૧૦૦ ટકા રસીકરણ અને સૌભાગ્ય સ્કીમ અંતર્ગત ૧૦૦ ટકા વિદ્યુતિકરણનું લક્ષ્ય હાંસલ કર્યું છે.

સમગ્ર દેશમાંથી મંડલામાં આવેલા પંચાયતીરાજ પ્રતિનિધીઓને સંબોધતી વેળા વડાપ્રધાને મહાત્મા ગાંધીના ગ્રામોદયથી રાષ્ટ્રોદય અને ગ્રામ સ્વરાજના નારાને યાદ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, મહાત્મા ગાંધીએ હંમેશાં ગામડાઓના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને હંમેશાં 'ગ્રામ સ્વરાજ'ની વાત કરી હતી. તેમણે આપણા ગામડાઓની સેવા કરવા માટેની કટિબદ્ધતાને ફરી નિષ્ઠાપૂર્વક આગળ ધપાવવા માટે સૌને હાકલ કરી હતી.

# આયુષમાન ભારત અભિયાન અંતર્ગત હેલ્થ ઇન્શ્યોરન્સ પ્રોગ્રામના પ્રારંભની તૈયારીઓની વડાપ્રધાને સમીક્ષા કરી

આયુષમાન ભારત અભિયાન અંતર્ગત મહત્વાકાંક્ષી હેલ્થ ઇન્શ્યોરન્સ પ્રોગ્રામના પ્રારંભ માટે ચાલી રહેલી તૈયારીઓમાં પ્રગતિની સ્થિતિ અંગે વડાપ્રધાને સમીક્ષા કરી હતી.

આ યોજના અંતર્ગત દરેક પરિવારને રૂપિયા ૫ લાખ સુધીનું વીમાકવચ પૂરું પાડવામાં આવશે. આ યોજના હેઠળ ગરીબ અને નિ:સહાય એવા ૧૦ કરોડથી વધુ પરિવારોને આવરી લેવાનું લક્ષ્ય છે.



આ યોજના હેઠળ ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગને મહત્તમ લાભ મળે તેના પર વડાપ્રધાને ભાર મૂક્યો હતો.

ગત મહિને, આંબેડકર જયંતિ નિમિત્તે, છત્તીસગઢના મહત્વાકાંક્ષી જિલ્લા બીજાપુરમાં વડાપ્રધાને આયુષમાન ભારત અભિયાન અંતર્ગત સૌપ્રથમ 'સ્વાસ્થ્ય અને કલ્યાણ કેન્દ્ર' (હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર)નું ઉદ્ઘાટન કર્યું હતું.

Follow us on Facebook - https://www.facebook.com/pages/Yojana-Journal

ISSN-0971-8397

www.yojana.gov.in

જૂન-૨૦૧૮

યોજના

વિકાસને સમર્પિત

*Let noble thoughts come to us from all sides*
*Rig Veda*

વર્ષ : ૪૬ અંક : ૩ સળંગ અંક : ૮૧૦ કિંમત: ₹ ૨૨

**યોજના કાર્યાલય, પ્રકાશન વિભાગ**
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.
ફોન : ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.
E-mail : yojanagujarati@gmail.com
કુલ પાના : ૪૪

લવાજમ અંગેની માહિતી શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસોમાં બપોરના ૧૨ થી સાંજના ૫ વાગ્યા સુધી ફોન નંબર ૦૭૯-૨૬૫૮૮૬૬૯ ઉપર મળશે.

**મુખ્ય તંત્રી**
દીપિકા કચ્છલ

**વરિષ્ઠ તંત્રી**
નવલસંગ પરમાર

| | | |
|---|---|---|
| છૂટક નકલ | : | ₹ ૨૨-૦૦, |
| વાર્ષિક લવાજમ | : | ₹ ૨૩૦-૦૦, |
| બે વર્ષ | : | ₹ ૪૩૦-૦૦, |
| ત્રણ વર્ષ | : | ₹ ૬૧૦-૦૦. |

**લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"ના નામે મનીઑર્ડર/ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે.**

**લવાજમ માટે "yojanagujarati@gmail.com" પર e-mail કરવો, માર્ગદર્શિકા અને સબસ્ક્રિપ્શન ફોર્મ માંગવું.**
**સાથે તમારું પૂરું નામ, સરનામું, પીન કોડ, ઈમેલ-આઈ.ડી., મોબાઈલ નંબર મોકલવા.**
**યોજના ગુજરાતીનું લવાજમ ઑનલાઈન ભરી શકાશે :**
**(1) https://bharatkosh.gov.in/1/1/PD/Yojana**
**(2) http://yojana.gov.in/**
**(3) http://publicationsdivision.nic.in/Subscription.aspx**

વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, હિંદી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

*DISCLAIMER : The views expressed in various articles are those of the authors' and they do not necessarily reflect the views of the Government or the organisation they work for. Maps / flags, photos & design are only indicative. They do not reflect the political map or legal representation of the flag of India / any other country. The readers are requested to verify the claims made in the advertisements regarding career guidance books / institutions. YOJANA does not own responsibility regarding the contents of the advertisements.*

**www.publicationsdivision.nic.in**
@DPD_India

# વિષયસૂચિ

ડિજીટલાઈઝેશન દ્વારા વિકાસ
અમિતાભ કાંત........૫
મોદી સરકારની વિકાસ વ્યૂહરચના: એક દ્રષ્ટિકોણ
રાજીવ આહૂજા........૮
સ્વચ્છ ભારત - સ્વચ્છ ભારત તરફનું વધુ એક કદમ
પરમેશ્વરન ઐયર........૧૨
મહિલા અને બાળકો તરફ સુરક્ષાનો હાથ લંબાવવો
રાકેશ શ્રીવાસ્તવ........૧૬
પંચેન્દ્રીયોનાં સંયમથી શાંતિ
આર. એસ. રામાસ્વામી........૨૦
પ્રધાનમંત્રી ભારતીય જનૌષધી પરિયોજના (PMBJP)
બિપ્લબ ચેટર્જી........૨૩
નવા યુગની કુશળતા - યુવાનો માટે તકોનું સર્જન (૧૯૧૫)
ડૉ. જતિન્દર સિંઘ........૨૬
ભારતમાં કર સુધારાઓ – એક સંક્ષિપ્ત ઈતિહાસ
ટી.એન.અશોક........૩૦
ગ્રામીણ ભારતના ઉત્કર્ષ માટે ભારત સરકારે લીધેલાં પગલાં
ડૉ. એમ. ચિન્નાદુરાઈ અને ડૉ. કે.આર. અશોક........૩૭
શું તમે જાણો છો ?
અટલ ઈનોવેશન મિશન........૪૧

## ટાઈટલ

૧. આવરણ ડિઝાઇન
૨. વિકાસનો રોડમેપ
૩. ભારત - નેપાળના સંબંધોમાં વધતી ઘનિષ્ઠતા
૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો

## તંત્રીલેખ

# યોજના

## વિકાસનો એજન્ડા




સિંધુ ખીણ સંસ્કૃતિ હોય, ઈજીપ્ત, રોમન, ગ્રીક કે મેસોપોટેમિયાનું શાસન હોય, દરેક સારો શાસક હંમેશાં એવી મહત્વાકાંક્ષા રાખતો હોય છે કે તેનો પ્રદેશ વિકાસને પંથે આગળ વધતો હોય. થોડીક નજીકના સમયની વાત કરીએ તો અકબર, કૃષ્ણ દેવરાય, ચંદ્રગુપ્ત મૌર્ય, રાજારાજા ચોલા, ટીપુ સુલતાન વગેરેએ સારી વહિવટી વ્યવસ્થા પૂરી પાડીને પોતાના પ્રદેશમાં સારૂ શાસન આપવા માટેનો પ્રયાસ કર્યો હતો. આ તમામ શાસકો પોતાની પ્રજાની સમૃધ્ધિ માટે સર્વગ્રાહી આર્થિક- સામાજીક વિકાસનું મહત્વ સમજ્યા હતા.

આજે રાષ્ટ્રના વિકાસની બાબતે ઘણાં નમૂનારૂપ ઉદાહરણો ધ્યાન પર લઈ શકાય તેમ છે. વિકાસને આજે માત્ર રાષ્ટ્રની આર્થિક વૃધ્ધિની પરિભાષામાં જોવામાં આવતો નથી, પણ તેમાં શિક્ષણ, આરોગ્ય, કૃષિ અને ખેડૂતોનું કલ્યાણ, કૌશલ્ય વિકાસ અને યુવાનો માટે રોજગારીની તકો જેવા માપદંડોનો સમાવેશ કરવામાં આવે છે. ભારત સરકાર પણ દેશના વિકાસને પ્રોત્સાહિત કરવામાં પાછળ રહી નથી. આજે સમાવેશી વૃધ્ધિનો મંત્ર અપનાવાયો છે, કે જેથી વિકાસના ફળ દેશના ગરીબમાં ગરીબ લોકો સુધી પહોંચી શકે અને આ માટે સરકારની નીતિઓ પણ તે તરફની રહે તે દિશામાં વાળવામાં આવી છે. અર્થતંત્રથી શરૂઆત કરીએ તો સરકારે કર માળખાનું તાર્કિકરણ કરીને જીએસટી અને બેંકિંગ સેક્ટરના સુધારા જેવા પગલાં ભર્યા છે. જીએસટી એ અત્યાર સુધીનો દેશનો સૌથી મોટો કર સુધારો છે, જે દેશમાં કરવેરા ક્ષેત્રે તેજી લાવવામાં દૂરગામી પરિબળ પૂરવાર થશે. ટેક્સ ઈન્ફોર્મેશન નેટવર્ક (TIN) ઈલેક્ટ્રોનિક રિટર્નને સ્વિકૃતિ અને કોન્સોલિડેશન સિસ્ટમ (ERACS) ઈ-સહયોગ વગેરે દ્વારા સીધા કરવેરા વ્યવસ્થાનું સરલીકરણ કરવામાં આવ્યું છે.

જ્યારે સમગ્ર દુનિયા ડીજીટાઈઝ થઈ રહી છે ત્યારે શું ભારત પાછળ રહી શકે? વિવિધ ક્ષેત્રોમાં ડીજીટલ ટેકનોલોજીને બિઝનેસ પ્રોસેસ એન્જિનિયરિંગ, ટેકનોલોજી, ડેટા એનાલિટીક્સ દ્વારા સરકારી કાર્યક્રમોને પુનઃ આકાર આપી ડિઝાઈન કરીને અમલમાં મૂકવામાં આવ્યા છે. ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર, પબ્લિક ફાયનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ, ઈ-માર્કેટ પ્લેસ, ભીમ એપ્પ દ્વારા ડીજીટલ પેમેન્ટના આર્થિક વ્યવહારો વગેરે બાબતો નવી ક્રિયા- પ્રક્રિયા દ્વારા પ્રતિભાવ આપી રહી છે.

સ્વચ્છ ભારત મિશન સાચા અર્થમાં લોક ચળવળ અથવા તો જન આંદોલન બની રહ્યું છે. આ ખૂબ જ મહત્વનાં સરકારી ફ્લેગશીપ પ્રોગ્રામને અભૂતપૂર્વ પ્રતિભાવ મળ્યો છે. ૨ ઓક્ટોબર, ૨૦૧૪થી શરૂ કરીને ૭.૧ કરોડ જેટલા આવાસો માટે ટોયલેટસનું બાંધકામ કરવામાં આવ્યું છે અને એ દ્વારા રૂરલ સેનિટેશનનો વ્યાપ ઓક્ટોબર ૨૦૧૪માં ૩૯ ટકા હતો તે આજે ૮૩ ટકા સુધી પહોંચીને બમણાથી પણ વધુ થયો છે.

આરોગ્ય સુવિધાઓ એ વિકાસનો વધુ એક મહત્વનો દ્રષ્ટિકોણ છે. વાજબી ભાવે ગુણવત્તાયુક્ત દવાઓ મળી રહે તે ગરીબો માટે પડકારરૂપ બાબત હતી. પ્રધાન મંત્રી જન ઔષધિ પરિયોજના દ્વારા દેશભરમાં કેન્દ્રો સ્થાપીને આ સમસ્યા હલ કરવામાં આવી છે.


દયનિય સ્થિતિમાં જીવતા લોકોની સુરક્ષા કરવી તે સરકાર માટે મહત્વની બાબત છે. બેટી બચાવો, બેટી પઢાવો જેવી કન્યાઓ માટેની યોજના તથા જેન્ડર ચેમ્પિયન્સ દ્વારા લોકોનું માનસ બદલવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મુશ્કેલીમાં હોય તેવી મહિલાઓ અને બાળકો માટે હેલ્પલાઈન અને હિંસામાંથી બચાવી લેવાયેલ માટે પુનઃ વસન જેવી બાબતોમાં સરકાર હંમેશા ખાત્રી રાખી રહી છે કે ભારતની દરેક મહિલા અને બાળક એવા વાતાવરણમાં જીવન વ્યતીત કરે કે જે ભયમુક્ત હોય અને તેમના દ્વારા રાષ્ટ્રની વૃધ્ધિમાં યોગદાન મળી રહેતુ હોય.

રાષ્ટ્રના વિકાસ માટે ગ્રામ વિકાસ એ ખૂબ મહત્વની બાબત છે. સરકાર તેની નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના તથા ખેડૂતોની આવક બમણી કરવાના તથા ગામડાંઓ અને શહેર વચ્ચેની ભેદ રેખા દૂર કરતી યોજનાઓ મારફતે ખેડૂતોના કલ્યાણના મુદ્દાઓને હલ કરી રહી છે.

વૃધ્ધિ હંમેશાં ઓચિંતી પ્રાપ્ત થતી નથી, પરંતુ તે સાથે કામ કરીને મેળવાયેલુ પરિણામ છે અને ભારતમાં વિવિધ વિકાસલક્ષી પરિબળો રાષ્ટ્રને નવી ક્ષિતિજો સુધી લઈ જવા માટે યોગ્ય દિશામાં કૂચ કરી રહ્યા છે.

# ડિજીટલાઈઝેશન દ્વારા વિકાસ

અમિતાભ કાંત




*સક્રિય સંચાલન અને સમયસર અમલીકરણ (પ્રગતિ) કાર્યક્રમ હેઠળ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિભાગીય અંતર અને ભૌગોલિક સરહદોને તોડવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે જેથી કોઈપણ પ્રોજેક્ટનું ઝડપી અમલીકરણ સુનિશ્ચિત કરી શકાય.*

કોઈ ઔદ્યોગિક સાહસ પ્રોડક્ટનું ઉત્પાદન કરે કે વેચાણ, વ્યક્તિઓ તેમના રોજિંદા જીવનમાં વ્યવહારો કરે કે સરકારો તેમના નાગરિકોને સામાજિક સેવાઓ આપે, સમગ્ર વિશ્વ હવે તમામ ક્ષેત્રે ખૂબ જ તેજ ગતિથી ડિજીટલાઈઝેશન તરફ આગળ વધી રહ્યું છે. ડિજીટલ ડેટા સર્જનની અવકાશી ગતિ, ડેટા સંગ્રહનો ઘટતો ખર્ચ અને કમ્પ્યુટર માળખાકીય સુવિધાઓએ ડિજીટલાઈઝેશનની પ્રક્રિયા અભૂતપૂર્વ કક્ષાએ શક્ય બનાવી છે, જેને હવે ૪થી ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. ભારત સરકાર અને જુદા-જુદી રાજ્ય સરકારોએ ડિજીટલ ઈન્ડિયાની ક્રાંતિકારી શક્યતાઓ ઓળખી લીધી છે અને આ ટેક્નોલોજીનો ખૂબ જ સક્રીય રીતે સ્વીકાર શરૂ કર્યો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં સરકારે બિઝનેસ પ્રોસેસ રિએન્જિનિયરિંગ, ટેક્નોલોજી અને ડેટા એનાલિટિક્સ દ્વારા તમામ ક્ષેત્રોનું પુનઃનિર્માણ શરૂ કર્યુ છે. ટેક્નોલોજી કાર્યક્રમોની પુનઃરચના અને અમલીકરણ દ્વારા સરકારની કામ કરવાની પદ્ધતિ સુધરી રહી છે. ટેક્નોલોજીના ઉપયોગે વધુ સારી વ્યવસ્થાઓ, વધારે કાર્યદક્ષતા પૂરી પાડી છે અને શાસન ઉપર જબરજસ્ત પ્રભાવ ઊભો કરવાની શરૂઆત થઇ છે.

સરકારે કેટલાક મોટા અને નાના ઇ – ગવર્નન્સ અને ડિજીટલાઈઝેશન કાર્યક્રમો શરૂ કર્યા છે જેણે "ડિજીટલ ઈન્ડિયા" કાર્યક્રમના વ્યાપમાં અનેકગણો વધારો કર્યો છે. ઇ - ક્રાંતિઃ નેશનલ ઇ – ગવર્નન્સ પ્લાન ૨.૦ અંતર્ગત ૩૧ મિશન મોડ પ્રોજેક્ટની શરૂઆત પછી "મોબાઇલ" અને "ક્લાઉડ" જેવા નવા પ્લેટફોર્મની વધતી જતી સ્વીકૃતિના કારણે "શાસનમાં પરિવર્તન માટે ઇ – ગવર્નન્સમાં પરિવર્તન"ની દીર્ઘદ્રષ્ટી સાથે ડિજીટલ ઇન્ડિયા કાર્યક્રમનું પુનર્ગઠન કરવાની જરૂરિયાત અનુભવાઇ હતી. તમામ ઇ – ગવર્નન્સ કાર્યક્રમો હવે ઇ - ક્રાંતિના મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો અનુસરે છે જેવા કે 'ભાષાંતર નહીં પરંતુ પરિવર્તન', 'વ્યક્તિગત નહીં પરંતુ સંકલિત સેવાઓ', 'દરેક એમએમપીમાં ફરજિયાત ગવર્મેન્ટ પ્રોસેસ રિએન્જિનિયરિંગ (જીપીઆર)', 'આઇસીટી – ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઓન ડિમાન્ડ', 'ક્લાઉડ બાય ડિફોલ્ટ', 'મોબાઇલ ફર્સ્ટ', 'ફાસ્ટ ટ્રેકિંગ એપ્રુવલ', 'ધારાધોરણો અને નિયમોનું ફરજિયાત પાલન', 'સ્થાનિક ભાષાને ઉત્તેજન', 'નેશનલ જીઆઇએસ (જીયો-સ્પેશિયલ ઇન્ફર્મેશન સિસ્ટમ)', 'સિક્યુરિટી અને ઇલેક્ટ્રોનિક ડેટાની સાચવણી'.

સામાજિક લાભોમાં અસરકારકતા અને કલ્યાણકારી કાર્યક્રમો અંતર્ગત મોટી સંખ્યામાં ગેરકાયદેસર લાભાર્થીઓના પ્રમાણમાં ઘટાડો કરવા માટે વિશિષ્ટ બાયોમેટ્રિક ઓળખનો ઉપયોગ અને નાણાકીય સમાવેશનો સમન્વય કરાયો છે. સીધો લાભ હસ્તાંતર (ડીબીટી) સમગ્ર ૪૩૭ કાર્યક્રમોમાં અમલ કરવામાં આવ્યો છે અને આજ દિન સુધી તેણે રૂ.૮૩,૦૦૦ કરોડની બચત કરવામાં મદદ કરી છે. તેના અમલના

કારણે ૨.૭૫ કરોડ ડુપ્લિકેટ, નકલી અથવા અસ્તિત્વ નહીં ધરાવતાં રેશન કાર્ડ રદ કરવામાં આવ્યાં છે અને ૩.૮૫ કરોડ ડુપ્લિકેટ અને નિષ્ક્રિય લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી( સબસિડી)ના ગ્રાહકો નાબૂદ કરવામાં આવ્યાં છે.

**નાણાકીય સમાવેશના માર્ગ પર આગળ વધી રહેલું ભારત**

અગાઉ સરકારો કેવી રીતે કામ કરતી હતી તેનું આ તદ્દન વિપરિત ઉદાહરણ છે. કેરળમાં મારા કાર્યકાળ દરમિયાન મને મસ્ત્ય ક્ષેત્રમાં કામ કરવાની વિશિષ્ટ તક પ્રાપ્ત થઇ હતી. આ ક્ષેત્ર દલાલોથી ભરપૂર હતું અને માછીમારોને માછલીની બજાર કિંમતના માત્ર ૨૫ ટકા રકમ જ પ્રાપ્ત થઇ રહી હતી.

અમે સ્વ-સહાય જૂથોની રચના કરી અને તેમની ઉત્પાદકતામાં વધારો કરવા માટે ફાઇબરગ્લાસથી બનેલી નૌકાઓ, આઉટબોર્ડ મોટર અને માછલી પકડવાની જાળો પૂરી પાડી. અમે કિનારા-સ્તરે હરાજી પણ શરૂ કરી જેથી દરરોજ માછલી પકડવાથી થતી કમાણીને તેમના બેન્ક ખાતામાં જમા કરાવી શકાય. સૌથી મોટો પડકાર માછીમારો માટે બેન્ક ખાતા ખોલાવવાનો હતો. આ કામગીરી પૂરી કરવા બેન્કો અને બેન્ક મેનેજરની સાથે વાતચીત કરતાં અમને ૧૦ મહિના જેટલો સમય લાગ્યો. 'નો યોર કસ્ટમર' (કેવાયસી)ની પ્રક્રિયા એક દુઃસ્વપ્ન સમાન હતી.

મારો ગયા મહિનાનો અનુભવ તેનાથી સાવ વિપરિત છે. હું એક બેન્કની બ્રાન્ચમાં ગયો અને માત્ર એક જ મિનિટમાં એક નાના ઉપકરણ ઉપર બાયોમેટ્રિક ઓળખનો ઉપયોગ કરીને બેન્કમાં મારું ખાતું ખોલાવી દીધું. ૧૦ મહિનામાંથી એક મિનિટ સુધી આ મહત્ત્વપૂર્ણ પરિવર્તન શક્ય બન્યું છે.

જેએએમ (જન ધન — આધાર — મોબાઇલ) ભારતીય ડિજીટલ સેવાઓમાં આ ત્રિપુટી પાયાના ડેટા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની રચના કરે છે. તેમાં ઇ — કેવાયસી, ઇસાઇન, ત્વરીત ચૂકવણી (યુપીઆઇ) અને ફાઇલ સંગ્રહ (ડિજીલોકર)નો સમાવેશ થાય છે. સમગ્ર વિશ્વમાં આર્થિક સમાવેશીકરણના વિસ્તાર માટે તે એકમાત્ર સૌથી મોટું પરિબળ બની રહ્યું છે. વિશ્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલા ગ્લોબલ ફિન્ડેક્સ રિપોર્ટ ૨૦૧૭માં જણાવ્યાં અનુસાર ભારતમાં તમામ બેન્ક ખાતાઓમાંથી ૫૫ ટકા ખાતાઓ ૨૦૧૪-૧૭ દરમિયાન ખોલવામાં આવ્યાં હતા. જન ધન યોજના દ્વારા, જેના કારણે ૨૦૧૪થી અત્યાર સુધી ૩૧ કરોડથી વધારે નવા બેન્ક ખાતાઓ શરૂ કરવામાં આવ્યાં છે તેમાં ભારતીય વયસ્કોનો હિસ્સો ૨૦૧૪માં ૫૩ ટકાથી હતો જે વધીને ૨૦૧૭માં હવે ૮૦ ટકા જેટલો થઇ ગયો છે.

**જાહેર નાણાં અને જાહેર સંપાદનનું ડિજીટલાઇઝેશન**

જાહેર નાણાકીય સંચાલન વ્યવસ્થા (પીએફએમએસ) દ્વારા તમામ આયોજિત યોજનાઓ માટે નાણાકીય સંચાલન મંચ, તમામ પ્રાપ્તિ સંસ્થાઓ, બેન્કોના કોર બેન્કિંગ સોલ્યુશન સાથે સંકલન, રાજ્યની તીજોરીઓ સાથે સંકલન અને રિયલ - ટાઇમ ધોરણે આયોજિત યોજનાઓના અમલીકરણના સૌથી નીચેના સ્તરે નાણાં ભંડોળના પ્રવાહ ઉપર દેખરેખ શક્ય બનાવવામાં આવ્યું છે. પીએફએમએસના કારણે સમયસર ભંડોળની ઉપલબ્ધ અને અંતિમ ઉપયોગિતા સહિત ભંડોળના ઉપયોગમાં કાર્યક્ષમ સંચાલનને સંભવ બનાવ્યું છે. ૨૮મી માર્ચના રોજ, ૯૮ લાખ વ્યવહારો માટે પીએફએમએસ પોર્ટલ દ્વારા રૂ.૭૨,૦૦૦ કરોડની ડિજીટલ રીતે લેણદેણ હાથ ધરવામાં આવી હતી. તે કોઇ એક જ દિવસમાં સૌથી મોટી સંખ્યામાં હાથ ધરાયેલી લેવડ-દેવડ છે.

૨૦૧૬માં, સામાન્ય રીતે વપરાતી, ઓછા મૂલ્યનો માલ અને સેવાઓના સિંગલ - વિન્ડો ઓનલાઇન સંપાદન માટે ગવર્મેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જીઇએમ) શરૂ કરવામાં આવ્યું હતું. જીઇએમ સીધી ખરીદી, ઇ — બિડિંગ, પુનઃ ઇ — હરાજી, સરકારી વપરાશકારો, પ્રોડક્ટ વેચનારા અને સેવા પૂરી પાડનારા માટે ઓનલાઇન નોંધણીની સુવિધા ઉપલબ્ધ કરાવે છે અને સરકારી ખરીદી માટે બજારસ્થાન પૂરું પાડે છે. ચાલુ વર્ષના એપ્રિલ મહિના સુધીમાં ૨૨,૦૦૦થી વધારે સરકારી ખરીદદારો, ૧ લાખથી વધુ વેચાણકારો અને સેવા પુરી પાડનારા દ્વારા ૨.૩૧ લાખ નોંધાયેલી પ્રોડક્ટ રૂ.૬૫૦૦ કરોડની કિંમતના કુલ વ્યવહારો ધરવામાં આવ્યાં છે. આમાંથી ૪૪ ટકા સંપાદન એમએસએમઇ દ્વારા કરવામાં આવ્યું છે.

**ગ્રાહક ચૂકવણી ક્ષેત્રે ભારત અગ્રેસર**

યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ) અને ભારત બિલ પેમેન્ટ સિસ્ટમ (બીબીપીએસ) દ્વારા ખાનગી ક્ષેત્રની — નવીન એપની ભરમાર ખોલીને મૂકી દીધી છે, જેણે સરકાર દ્વારા પૂરી પડાતી સેવાઓ માટે બિલ ચૂકવવા માટે નાગરિકોને નોંધપાત્ર રીતે રાહત પૂરી પાડી છે. એપ્રિલ ૨૦૧૭થી જ્યારે તેની શરૂઆત કરવામાં આવી હતી ત્યારથી બીબીપીએસ થકી ડિજીટલ રીતે ચૂકવવામાં આવેલી બિલની સંખ્યા બમણી થઇ છે. આ સમયગાળા દરમિયાન પ્લેટફોર્મ ઉપર ચૂકવવામાં આવતા બિલના મૂલ્યમાં ૪૬ ટકા જેટલો વધારો નોંધાયો છે. કેપીએમજી અહેવાલ અનુસાર ૨૦૧૬ સુધીમાં ભારતમાં બિલ ચૂકવણી બજારનું કદ રૂ.૫.૮૫ ટ્રિલિયનથી પણ વધારે હતું, જેમાંથી ૭૦ ટકા બિલની ચૂકવણી રોકડ અથવા ચેકનો ઉપયોગ કરીને હાથ ધરાતી હતી. ૨૦૨૦ સુધીમાં ભારતમાં બિલ ચૂકવણીનું બજાર રૂ.૯.૪ ટ્રિલિયન થવાનો અંદાજ છે.

ભારત ઇન્ટરફેસ ફોર મની (બીએચઆઇએમ) યુપીઆઇને આભારી ડિજીટલ પેમેન્ટ લેણદેણ હવે ખૂબ જ સરળ બની ગઇ છે. આપણે ગૂગલ તેજ અને વોટ્સએપ પેમેન્ટનો ઉદ્ભવ પણ જોયો છે. ૨૦૧૭ — ૧૮માં પ્રમાણની દ્રષ્ટીએ ભારતમાં અબજો રૂપિયાની ડિજીટલ ચૂકવણી અને મૂલ્યમાં ટ્રિલિયન રૂપિયાની લેણદેણ જોવા મળી છે. આ નવા ખેલાડીઓ અને નવી ટેક્નોલોજીની સાથે તેના પ્રમાણમાં ખૂબ જ વધારો જોવા મળશે. ક્રેડિટ સૂસી દ્વારા રિપોર્ટમાં ૨૦૨૩ સુધીમાં ભારતના ડિજીટલ ચૂકવણીના કદમાં ૧ ટ્રિલિયન ડોલરનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

**રાજકોષીય વ્યવસ્થાનું ડિજીટલ પરિવર્તન**

પ્રત્યક્ષ કરવેરાઓની ડિજીટલ રીતે ઉઘરાવવાના કારણે અનેક લાભો પ્રાપ્ત થયા છે. નાણાકીય વર્ષ ૧૭ – ૧૮માં આવકવેરા વિભાગને ૬.૮૪ કરોડ ઇન્કમટેક્સ રિટર્ન પ્રાપ્ત થયા હતા, જેમાં ૨૬ ટકાની વૃદ્ધી નોંધાઇ છે અને વધુમાં એક કરોડથી વધારે નવા ટેક્સ રિટર્ન પ્રાપ્ત થયા છે. તેમાંથી ૯૮.૫ ટકા આઈટી રિટર્ન ઓનલાઈન ફાઇલ કરવામાં આવ્યાં હતા.

માલ અને સેવા કર (જીએસટી) જીએસટી પહેલાની વ્યવસ્થાની સરખામણીમાં વિશિષ્ટ પરોક્ષ કરદાતાઓમાં ૫૦ ટકાના વધારામાં પરિણમ્યો છે. તેના પરિણામે ૩.૪ મિલિયન નવા પરોક્ષ કરદાતાઓ અર્થતત્રના આમૂલ સુધારા તરફ દોરી જાય છે.

**ડિજીટલ મોડેલ્સ દ્વારા સંચાલન અને દેખરેખ**

સક્રિય સંચાલન અને સમયસર અમલીકરણ (પ્રગતિ) કાર્યક્રમ હેઠળ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિભાગીય અંતર અને ભૌગોલિક સરહદોને તોડવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે જેથી કોઈપણ પ્રોજેક્ટનું ઝડપી અમલીકરણ સુનિશ્ચિત કરી શકાય. તેમણે સીધા જ કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે ચર્ચા કરીને સામાજિક ક્ષેત્રની યોજનાઓ તેમજ માળખાકીય વિકાસના પ્રોજેક્ટ્સ કે જેને આગળ ધપાવવામાં અડચણો આવી રહી છે તેની દેખરેખ, સમીક્ષા અને પ્રગતિના મૂલ્યાંકનની જવાબદારી તે લોકોને સોંપી છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા, વડાપ્રધાને ૨૫ પ્રગતિ મિટિંગનું આયોજન કર્યું છે અને કુલ રૂપિયા ૧૦.૫ લાખ કરોડથી વધુ કિંમતના ૨૨૭થી વધુ પ્રોજેક્ટ ક્લિઅર કર્યા છે.

તાજેતરમાં પ્રસ્તાવિત આયુષમાન ભારત યોજના અંતર્ગત પ્રાથમિક અને સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રોને જિલ્લા હોસ્પિટલ્સ સાથે ડિજીટલી સાંકળવામાં આવશે. ૫૦ કરોડ ભારતીયોને આવરી લેતા રૂપિયા ૫ લાખના સ્વાસ્થ્ય વીમાની સાથે સાથે, તેનાથી સ્વાસ્થ્ય સંભાળ પેપરલેસ, કૅશલેસ, પોર્ટેબલ સ્કીમ થઈ જશે. હેલ્થ સ્ટેકને આધાર સાથે સાંકળવાનો નિર્ણય પરિવર્તનકારી પુરવાર થશે.

**ફ્રન્ટીઅર (મોખરા)ની ટેકનોલોજીઓનો પ્રભાવ**

એસેન્ચ્યર દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણ અનુસાર આર્ટિફિશિઅલ ઈન્ટેલિજન્સ (એઆઇ)માં વર્ષ ૨૦૩૫ સુધીમાં ભારતના અર્થતંત્રમાં વર્તમાન સકળ મૂલ્ય વર્ધિત (ગ્રોસ વેલ્યૂ એડેડ)ના ૧૫ ટકા એટલે કે ૯૫૭ અમેરિકી ડોલરનો ઉમેરો થવાની સંભાવના છે. ભારત અનન્ય પડકારો આપે છે જે એઆઈના અમલીકરણ દ્વારા ઉકેલી શકાય છે. વધુમાં, તાજેતરમાં હાથ ધરાયેલા માઈક્રોસોફ્ટ- ઈન્ટરનેશનલ ડેટા કોર્પોરેશન (આઈડીસી) અભ્યાસ, 'અનલોકિંગ ધ ઈકોનોમિક ઈમ્પેક્ટ ઓફ ડિજીટલ ટ્રાન્સફોર્મેશન ઈન એશિયા પેસિફિક', માં ટાંકવામાં આવ્યું હતું કે, ડિજીટલ પરિવર્તનથી વર્ષ ૨૦૨૧ સુધીમાં ભારતના જીડીપીમાં વધુ ૧૫૪ અબજ અમેરિકી ડોલર ઉમેરાશે, જેનાથી વાર્ષિક ૧ ટકાના વૃદ્ધિ દરથી વધારો થશે. વર્ષ ૨૦૧૭માં, જીડીપીના લગભગ ૪ ટકા હિસ્સો ડિજીટલ પ્રોડક્ટ્સ અને સેવાઓમાંથી આવતો હતો જે ક્લાઉડ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઈઓટી) અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો સીધો જ ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી છે.

સરકાર નવી ટેકનોલોજીના ઉપયોગ તેમજ સરકારી પ્રક્રિયાઓ અને યોજનાઓમાં તેને અપનાવવાની સંભાવનાઓનું અન્વેષણ કરી રહી છે. નીતિ આયોગે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર રાષ્ટ્રીય કાર્યક્રમના વિકાસની કામગીરી ફરજિયાત કરીને, મંત્રાલયો, શૈક્ષણિક સંકુલો, ઉદ્યોગજગત, સંશોધકો તેમજ સ્ટાર્ટઅપ્સ સાથે આ દિશામાં વાટાઘાટો આરંભી દીધી છે. ટેકનોલોજી, આર્થિક અને રાજકીય સંચાલનમાં તેનો ઉપયોગ, તેના કારણે આવનારા સંભવિત જોખમો અને તેમના ભાવિ વિકાસ પથને સમજવા માટે આ એક ગુણવત્તાભર્યો પ્રયાસ છે. નીતિ આયોગ દ્વારા નેશનલ પ્રાથમિકતા ક્ષેત્રોમાં કેટલાક ચોક્કસ કિસ્સાઓમાં આવી ટેકનોલોજીનું અમલીકરણ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેથી આવી ફ્રન્ટીઅર (મોખરા) ટેકનોલોજીઓનું મૂલ્યાંકન અને તેના લાભોનું પ્રદર્શન શક્ય બને. આને પ્રૂફ ઓફ કન્સેપ્ટ (પીઓસી) પ્રોજેક્ટ્સ તરીકે ગણાવવામાં આવે છે અને એઆઈનો ઉપયોગ કરીને ચોક્કસાઈ કૃષિ, બ્લોકચેઈન્સ પર જમીનના રેકોર્ડ્સ, એઆઈનો ઉપયોગ કરીને સહાયાત્મક સ્વાસ્થ્ય સંભાળ નિદાન વગેરે જેવા ક્ષેત્રોમાં તેનું પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે. આ પીઓસીનું લક્ષ્ય વર્તમાન સમસ્યાઓના ઉકેલમાં ટેકનોલોજીના ઉપયોગની અસરકારકતાનું પરીક્ષણ અને રાષ્ટ્રીય સ્તરે સરકારી વહીવટોમાં ફ્રન્ટીઅર ટેકનોલોજીઓ અપનાવાવની સંભાવનાઓ ચકાસવાનું છે.

વર્ષો સુધી, ભારત એક જટીલ રાષ્ટ્ર રહ્યું છે જેના કારણે, સામાન્ય માણસોને સરકારી સેવાઓ સુધી પહોંચવામાં ઘણી મુશ્કેલી પડી છે. તમામ ક્ષેત્રોમાં ડિજીટલ ટેકનોલોજીને ઝડપથી અપનાવવાથી હવે બધુ સરળ થઈ રહ્યું છે અને તમામ પ્રકારના માનવીય હસ્તક્ષેપો દૂર થઈ રહ્યા છે. આના કારણે સરકારી સંચાલનની કાર્યદક્ષતા અને અસરકારકતા પર ઘણો મોટો પ્રભાવ જોવા મળ્યો છે.

**લેખક નીતિ આયોગ (નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા) ના સીઈઓ, ભારતીય સનદી સેવા, આઈએએસ (કેરાલા કેડરઃ ૧૯૮૦ની બેચ). તે "Branding India – An Incredible Stroy" ના લેખક છે અને "મેક ઈન ઈન્ડિયા", "સ્ટાર્ટઅપ ઈન્ડિયા", "ઈનક્રેડીબલ ઈન્ડિયા" અને "ગોડ્ઝ ઓન કન્ટ્રી" પહેલના મહત્વના પ્રેરક છે. તેમણે "અતિથિ દેવો ભવ" – "મહેમાન એ ભગવાન છે" ની ઝુંબેશનો અભિગમ તૈયાર કરીને અમલમાં મૂક્યો, જેમાં ટેક્સી ડ્રાઈવરો, ગાઈડઝ, ઈમિગ્રેશન ઓફિસરો વગેરેને તાલિમ આપીને તેમને પ્રવાસન વિકાસ પ્રક્રિયામાં સહભાગી બનાવવાની ઝુંબેશ હાથ ધરી છે.**

**E-mail: amitabh.kant@nic.in**

# મોદી સરકારની વિકાસ વ્યૂહરચનાઃ એક દ્રષ્ટિકોણ

રાજીવ આહૂજા



*એક એવો દેશ કે જ્યાં લોકોની વધતી જતી મહત્વાંકાંક્ષા સામે વિકાસની ભારે ઊણપ છે, એવાં ઘણાં ક્ષેત્રો છે કે જે સરકારનું ધ્યાન માંગી લે છે. સરકાર અનેક મોરચે, એક સાથે, સમાંતરપણે આગળ વધી રહી છે. દિશા બાબતે વાત કરીએ તો સરકાર સારી કામગીરી બજાવે છે. આમ છતાં સુધારા કે કાર્યક્રમ અમલીકરણમાં સરકારની બેન્ડવીથ, સ્થાપિત હિતો દ્વારા સુધારાને આડે પાયે લઈ જવા માટે ઉભા કરાતા પડકારો જેવાં ઘણાં બધાં પરિબળોનો સમાવેશ થાય છે.*

વર્તમાન સરકારે જાહેર કર્યું છે કે એનો ત્રિપાંખિયો એજન્ડા છેઃ જેમાં વિકાસ, ઝડપી વિકાસ અને સર્વગ્રાહી વિકાસનો સમાવેશ થાય છે. બીજા સંદર્ભમાં વાત કરીએ તો સરકારે એવું પણ જણાવ્યું હોવાનો અહેવાલ છે કે વિકાસને લોક ચળવળ બનાવવાની તાતી જરૂરિયાત છે.

ખૂબ થોડા લોકો સંમત થશે કે અગાઉની કોઈ પણ સરકારની તુલનામાં વર્તમાન સરકાર વિકાસને ભારતીય રાજકારણમાં કેન્દ્ર સ્થાને લાવી છે. વિકાસ અને વૃદ્ધિને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી તેણે ઘણાં કાર્યક્રમો હાથ ધર્યા છે, જેમાં જન ધન યોજના, ડીજીટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, મુદ્રા બેંક યોજના, સ્વચ્છ ભારત અભિયાન, આયુષ્યમાન ભારત અને તેની યાદી ઘણી લાંબી છે. સરકારે છેલ્લા ૪ વર્ષમાં જે કાર્યક્રમો હાથ ધર્યા છે તે અંગે સામાન્ય માનવીની શું સમજ છે ?

એક સરળ અભિપ્રાય એવો છે કે વિવિધ સુધારા/ કાર્યક્રમોને આર્થિક વૃધ્ધિ અને પરિવર્તનનાં સાધન ગણવાં જોઈએ. એનો વ્યાપ મર્યાદિત હોવા છતાં આ દ્રષ્ટિકોણનું એક ઉપયોગી પાસુ છે. આ દ્રષ્ટિકોણ લાગુ કરવાથી વ્યક્તિ સુધારા/ કાર્યક્રમોને વ્યાપકપણે ત્રણ કેટેગરીમાં વહેંચી શકે તેમ છેઃ (૧) જે ઝડપથી હાંસલ કરી શકાય છે અને લાંબો સમય આશાભરી નજરથી જોવુ પડતું નથી. (૨) એવા કાર્યક્રમો કે જેના લાભ મધ્યમ કે લાંબે ગાળે મળવાના હોય (૩) જે ટૂંકા ગાળામાં ખર્ચાળ નિવડે પણ પાછળથી નોંધપાત્ર લાભ થાય.

ઝડપથી લાભ હાંસલ થાય તેવા ઉદાહરણોમાં સેન્ટ્રલ હેલ્થ સર્વિસીસ માટે તમામ ડોક્ટરોની નિવૃત્તિ વયમાં વધારો કરીને ભારતમાં ડોક્ટરોની તંગી નિવારવા માટે પગલાં લેવા અને વાંસને ભારતીય વન ધારામાંથી ડીલીસ્ટ કરીને બિન જંગલ વિસ્તારોમાં તેની ખેતીને પ્રોત્સાહન આપીને ખેડૂતોની આવક વધારવાના પગલાંનો સમાવેશ થાય છે. મધ્યમ કે લાંબે ગાળે લાભ આપનાર યોજનાના ઉદાહરણોમાં દેશના વિવિધ રાજ્યો/ પ્રદેશોમાં એઈમ્સ જેવી હોસ્પિટલો સ્થાપવાની યોજના, હાઈ-ટેક બુલેટ ટ્રેન રજૂ કરવાના તથા તેવા અન્ય પગલાં લેવાનો સમાવેશ થાય છે. સમાન પ્રકારે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ અને ઉંચા મૂલ્યના ચલણની નોટબંધી, એ એવા સુધારાઓ છે કે જેના દ્વારા ટૂંકા ગાળામાં સહન કરવું પડ્યું છે અથવા અવરોધ ઉભો થયો છે,



પરંતુ નોંધપાત્ર આર્થિક લાભ થવાની અપેક્ષા રહે છે.

**અર્થશાસ્ત્રીનો દ્રષ્ટિકોણ**

અર્થશાસ્ત્રીઓની દ્રષ્ટિએ બીજો એક ઉપયોગી દ્રષ્ટિકોણ આર્થિક સુધારા/ કાર્યક્રમો કે જે બજારની નિષ્ફળતાઓને હલ કરી શકે તથા સરકારની નિષ્ફળતાનો ઉપાય શોધી શકે તેમ છે. બજારના મજબૂત સમર્થકો પણ માને છે કે એવી પરિસ્થિતિ પણ આવે છે કે જયારે બજારની તંત્ર વ્યવસ્થા ભાંગી પડે છે. આથી સરકારી દરમ્યાનગિરી પૂરી પાડવી જરૂરી બની રહે છે. જનતા માટે વિવિધ માલ-સામાનની જોગવાઈની બાબત હોય કે કેટલીક પ્રવૃત્તિઓને મર્યાદિત/ પ્રોત્સાહિત કરવાની જરૂર હોય ત્યારે હકારાત્મક/ નકારાત્મક અસરો સ્વાભાવિક બની રહે છે અથવા તો બજારમાં પ્રભાવશાળી સ્થિતિ ધરાવતી કંપનીઓને નિયંત્રિત કરવાની વાત હોય કે મેક્રો- ઈકોનોમિક સ્થિરતા દ્વારા રક્ષણ આપવાની વાત હોય કે પછી નબળી કે ઓછી માંગ હોય તેવી અથવા અન્ય પરિસ્થિતિમાં બજારની ખૂટતી કડીઓ પૂરી કરવાની બાબતનો સમાવેશ થાય છે.

**બજારની નિષ્ફળતાઓ હલ કરવી**

વર્તમાન સરકાર માળખાગત સુવિધાઓના પ્રોજેક્ટસને મજબૂતપણે વેગ આપી રહી છે. એમાં માત્ર નવા પ્રોજેક્ટસ નહીં, પણ અગાઉની સરકારના અટકી પડેલા પ્રોજેક્ટસ શરૂ કરવાનો પણ સમાવેશ થાય છે. આ બાબત બજારની નિષ્ફળતા હલ કરવામાં અર્થપૂર્ણ કદમ બની શકે છે. વધુમાં, ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સના સ્થાપક સભ્ય હોવાના કારણે સરકારે વૈશ્વિક હિતની દ્રષ્ટિએ પણ સારી કામગીરી કરી છે.

ડીજીટલ આર્થિક વ્યવહારોને મજબૂતીથી વેગ આપવાની વાત હોય કે રાષ્ટ્રીય પોષણ મિશન અથવા સ્વચ્છ ભારત અભિયાનને વેગ આપવાની વાત હોય. વિકાસની પ્રક્રિયામાં આ દરેક પ્રયાસના હકારાત્મક પરિણામો હાંસલ થયા છે. સમાન પ્રકારે વાહનો દ્વારા થતું પ્રદૂષણ રોકવા માટે ચોથા કે છઠ્ઠા તબક્કા સુધી પહોંચવાની વાત હોય અથવા સંભવિત દુરૂપયોગ રોકવા માટે ઓક્સિટોસિનનું વેચાણ અને આયાત રોકવાની બાબત હોય. આ માટે સરકાર પગલાં ભરીને નકારાત્મક અસરો નિવારી રહી છે.

સરકાર જન ધન યોજના દ્વારા નાણાંકીય સમાવેશિતા, સૌના માટે આવાસની યોજના દ્વારા ઓછી આવક ધરાવતા લોકો માટે આવાસ ધિરાણોનો ખર્ચ ઘટાડવાની યોજના, તે પછી વ્યવસાયિક અને ટેકનિકલ તાલિમ માટેનું સ્કિલ ઈન્ડિયા મિશન જેવા ખૂટતાં પગલાં ભરી રહી છે.

મેક્રો-ઈકોનોમિક સ્થિરતા માટે આર્થિક વૃધ્ધિ ખૂબ જ મહત્વની છે. સાતત્યપૂર્ણ વિકાસને વેગ આપવા માટે સરકારે કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કાર્યક્રમો (પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના, સોઈલ હેલ્થ કાર્ડઝ, ફસલ વીમા યોજના વગેરે) હાથ ધર્યા છે. નાના ઉદ્યોગ સાહસિકો/ ઈનોવેટર્સને પ્રોત્સાહિત કરવા માટે સરળ

બેંક ધિરાણ (મુદ્રા યોજના, સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને સ્ટેન્ડ અપ ઈન્ડિયા) અને અન્ય યોજનાઓ દ્વારા સરકારે તેના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે, જેમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની વાત હોય કે આગામી ત્રણ વર્ષમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા બમણી કરવાની વાત હોય કે પછી ૨૦૨૨ સુધી ૧૦૦ ગીગા વોટ સોલર ઉર્જા પ્રાપ્ત કરવાની વાત હોય કે અન્ય યોજનાઓની વાત હોય. આ બધી યોજનાઓ આર્થિક વૃધ્ધિનો ઝોક ધરાવે છે. એવુ જણાય છે કે સરકાર વૃધ્ધિના સ્રોતોનું વિવિધિકરણ કરવા ઉપરાંત સમાજના તમામ વર્ગોના લોકોની ક્ષમતા ઉપયોગમાં લઈ શકાય તે પ્રકારે વૃધ્ધિનું લોકશાહીકરણ કરી રહી છે.

બજારની નિષ્ફળતાઓ ઉપરાંત સરકારી નિષ્ફળતાઓ પણ હોય છે. સરકાર બજારની નિષ્ફળતાઓ સુધારવામાં અથવા તો તેના ગરીબી નિવારણ અને સમાનતાને પ્રોત્સાહિત કરવાના મહત્વના કામોમાં નિષ્ફળ પણ જઈ શકે છે.

## સરકારી નિષ્ફળતાઓ હલ કરવી

બજારલક્ષી અર્થતંત્રમાં સરકારના મહત્વના કાર્યક્રમોમાં ધોરણો સ્થાપવાનું અને નિયમન વ્યવસ્થા વિકસાવવાનું છે, જેથી બજારો સારી રીતે કામ કરી શકે. સરકારે નવી નિયંત્રણકારી સંસ્થાઓ સ્થાપવા માટે જોગવાઈઓ કરી છે. સાથે સાથે હયાત નિયમનકારી સંસ્થાઓને મજબૂત કરવાનું પણ કામ કર્યું છે. ઉદાહરણ લઈએ તો સરકારે રિયલ એસ્ટેટ એક્ટ મંજૂર કર્યો છે કે જેથી રિયલ એસ્ટેટના કામકાજોમાં વધુ પારદર્શકતા આવી શકે અને ઘર ખરીદનારના હિતોની સુરક્ષા થઈ શકે. સમાન પ્રકારે સરકાર ભારતમાં આહાર સુરક્ષાના નિયમનને પણ મજબૂત બનાવી રહી છે અને બેકિંગના નિયમનને કડક બનાવી રહી છે. વ્યવસાયિક નીતિમત્તાની ખાત્રી માટે સરકાર તબીબો, હિસાબનીશો, ઓડિટરો વગેરેની વ્યવસાયિક વર્તણૂંક ઉપર પણ નજર રાખી રહી છે. સામાજીક ક્ષેત્રની વાત કરીએ તો સરકાર નિયમનની સમસ્યાઓ હલ કરી રહી છે. ઉદાહરણ રૂપે આરોગ્ય ક્ષેત્રના નિયમનકારની ગેરહાજરીમાં ઔષધો અને મેડિકલ ડિવાઈસ ઈન્ડસ્ટ્રીમાં મોટા પાયે માર્કેટ ફેઈલ્યોર શક્ય બની શકે તેમ છે અને કમિશનો તથા લાંચ લેવાની પ્રણાલિ આગળ વધી શકે છે. આ સમસ્યા હવે સરકારના રડાર ઉપર જ છે અને તેનો હલ શોધવામાં આવશે.

જાહેર ક્ષેત્રના એકમોની કામગીરીમાં સુધારા માટે સરકારે ડીસ-ઈન્વેસ્ટમેન્ટના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે. તે જાહેર ક્ષેત્રના સાહસો/ એકમોને બદલાતા આર્થિક સંદર્ભો વચ્ચે સુસંગત બની રહે તે રીતે કામગીરી કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આનું એક ઉદાહરણ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક છે, જેનો લાભ દોઢ લાખ પોસ્ટ ઓફિસો દ્વારા ટપાલ વિભાગને પ્રાપ્ત થશે. વધુમાં, આ બધા એકમોમાં રાજકીય હસ્તક્ષેપ ઓછામાં ઓછો થાય તેવું સરકાર ઈચ્છી રહી છે.

આ પહેલ હેઠળ મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સનું સૂત્ર અપનાવાયું છે. સરકાર પાયાની જાહેર સેવાઓમાં માનવ હસ્તક્ષેપ ઘટાડવા માટે ડીજીટલ ટેકનોલોજીનો વિકલ્પ અપનાવી રહી છે, કે જેથી જીવવામાં આસાની થાય અને સાથે સાથે બિઝનેસ અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન મળે તથા વાતાવરણ ધમધમતું થાય.

## સમાનતાને પ્રોત્સાહન

સમાનતાને પ્રોત્સાહન માટે સરકાર દ્વારા વિવિધ પ્રકારે પહેલ હાથ ધરવામાં આવી છે, જે ચોક્કસ પ્રદેશો અથવા તો ચોક્કસ વસતિ જૂથોને લાગુ પડે છે. ઉદાહરણ તરીકે લઈએ તો સરકાર દ્વારા જેની લાંબા સમયથી અવગણના થઈ રહી હતી તેવા નોર્થ- ઈસ્ટ (એનઈ) ક્ષેત્રના વિકાસ ઉપર ઝોક આપવામાં આવી રહ્યો છે. સરકાર દ્વારા નોર્થ- ઈસ્ટ ક્ષેત્રમાં કેટલીક વિકાસ યોજનાઓ હાથ ધરવામાં આવી છે, જેથી આ ક્ષેત્રનો સમાન ધોરણે વિકાસ થાય. સમાન પ્રકારે સરકાર દ્વારા ૧૦૦ મહત્વાકાંક્ષી (inspirational) જીલ્લાઓ સુનિશ્ચિત કરાયા છે, જે મહત્વના વિકાસલક્ષી નિર્દેશકોમાં પાછળ રહી ગયેલા જણાય છે. આ જીલ્લાઓમાં સરકાર વિકાસની ગતિને સતેજ કરવા ઉપર વિશેષ ભાર મૂકી રહી છે. એવી જ રીતે ૧૦૦૦ દિવસમાં ૧૦૦ ટકા ગ્રામ વિજળીકરણ હાંસલ કરવાની મોદીની પહેલ પણ ન્યાયી વિકાસ તરફનું પ્રેરકબળ છે. આ પહેલને અન્ય યોજનાનો પૂરક સહયોગ પ્રાપ્ત થયો છે, જેમાં દરેક ઘર સુધી વિજળી પહોંચાડવાની યોજનાનો સમાવેશ થાય છે.

બાળકો અને મહિલાઓના આરોગ્યની સુરક્ષા માટે સરકારે ઉજ્જવલા યોજના શરૂ કરી છે. જેની અંતર્ગત ગરીબીની જીવનરેખા નીચે જીવતા

પરિવારોની મહિલાઓને વિનામૂલ્યે એલપીજી (રસોઈ માટે સ્વચ્છ બળતણ) નું જોડાણ, નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ કે જે ગરીબ અને દયનીય સ્થિતિમાં જીવતા પરિવારોને હોસ્પિટલમાં દાખલ કરવા પડે તો માંદગી દરમ્યાન ખર્ચની ચૂકવણ થાય છે. આ બધી યોજનાઓ એ ચોક્કસ વસતિ અથવા તો તેના પેટા જૂથોમાં સમાનતા લાવવાના પ્રયાસો છે.

શાસનમાં સુધારણા માટે અને વિવિધ યોજનાઓમાં રોકડ પ્રોત્સાહનો/ રોકડ તબદીલીઓમાં લીકેજ ટાળવા માટે રકમો સીધી ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર યોજના દ્વારા લાભાર્થીઓના બેંકના ખાતાઓમાં જમા કરવામાં આવે છે.

**અન્ય તાર્કિક પગલાં**

બજારની નિષ્ફળતાઓ હલ કરવા ઉપરાંત સમાનતાનો ઉદ્દેશ હાંસલ કરવા માટે એક નવી તાર્કિક સરકારી દરમ્યાનગિરી વર્તણૂંકલક્ષી અર્થશાસ્ત્રમાં જોવા મળી છે, જેમાં લોકોને તથા તેમની પસંદગીઓને અસર કરવામાં સરકારની ભૂમિકા જણાઈ આવે છે. સાચે જ સરકાર લોકોની વિચાર પ્રક્રિયા, વર્તણૂંકો અને પસંદગીઓને વિવિધ ક્ષેત્રોમાં સોશ્યલ મેસેજીંગ દ્વારા પ્રભાવિત કરવા માંગે છે, જેમાં કન્યાઓને પ્રોત્સાહિત કરવાની વાત હોય કે ગામડાંમાંથી ખૂલ્લામાં શૌચ કરવાની બાબત નાબૂદ કરવાનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ પોતાનો અવાજ રજૂ કરવામાં સાચે જ શરમ રાખી નથી. આ બાબત પણ એક મજબૂત અસ્કયામત છે, જેના દ્વારા સિધ્ધિ હાંસલ થઈ શકે છે. ઉદાહરણ લઈએ તો લોકોને તંદુરસ્ત રહેવા માટે યોગ પ્રણાલિ અપનાવવાની બાબત હોય કે પછી ખાદી કાર્યક્રમો માટે આવક ઉભી કરવા માટે ખાદીના પોશાકને પ્રોત્સાહનની બાબત હોય કે પછી જે લોકોને પોસાઈ શકે તેમ છે તે લોકો દ્વારા સબસીડી છોડવાની બાબત હોય કે પછી વિજળીની બચત કરવા માટે એલઈડી બલ્બનો ઉપયોગ કરવાની વાત હોય. આ બધા પ્રયાસો દ્વારા સરકાર આ દિશામાં પ્રયાસો કરી રહી છે.

**વિકાસને સારા રાજકારણમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ**

ઉપર જે કોઈ ઉદાહરણ દર્શાવ્યા છે તે દાખલા તરીકે અપાયા છે. સુધારા / કાર્યક્રમોની યાદી ઘણી મોટી છે. આપણને એ બાબતની પ્રતિતી થાય છે કે સરકાર મહદ અંશે લોકરંજક પગલાં લેવાથી દૂર રહી છે. આ રીતે તેણે વિકાસની પ્રક્રિયાને અવગણીને લોકરંજક બનવાનો પ્રયાસ કર્યો નથી. એવા ઘણાં સુધારા /કાર્યક્રમો છે કે જે સમાજના તમામ વર્ગો, તમામ વય જૂથો અને જે કોઈ રીતે ગણતરીમાં લઈએ તો તે અન્ય વર્ગોને પણ સ્પર્શે છે. આવું કરવાના પ્રયાસમાં તે ઘણી વાર વિકાસ અને રાજકારણ વચ્ચે મહત્તમ રીતે એક બીજાને વટાવી જઈને આગળ નિકળી જાય છે.

એક એવો દેશ કે જયાં લોકોની વધતી જતી મહત્વાંકાંક્ષા સામે વિકાસની ભારે ઊણપ છે, એવાં ઘણાં ક્ષેત્રો છે કે જે સરકારનું ધ્યાન માંગી લે છે. સરકાર અનેક મોરચે, એક સાથે, સમાંતરપણે આગળ વધી રહી છે. દિશા બાબતે વાત કરીએ તો સરકાર સારી કામગીરી બજાવે છે. આમ છતાં સુધારા કે કાર્યક્રમ અમલીકરણમાં સરકારની બેન્ડવીથ, સ્થાપિત હિતો દ્વારા સુધારાને આડે પાયે લઈ જવા માટે ઉભા કરાતા પડકારો જેવાં ઘણાં બધાં પરિબળોનો સમાવેશ થાય છે. આ લેખમાં જો કે બહેતર દ્રષ્ટિકોણનું માળખુ રજૂ કરવાનો પ્રયાસ કરાયો છે. આવી પ્રગતિની ગતિ અંગે કોઈ ટીપ્પણી કરવામાં આવી નથી. આ એક મહત્વનો વિષય છે, જેને માટે અલગ લેખ લખવો જરૂરી લાગે છે, કદાચ કોઈ અન્ય પ્રસંગે તે લખીશું.


**લેખક વિકાસ ક્ષેત્રે ૧૫ થી વધુ વર્ષનો અનુભવ ધરાવતા ડેવલપમેન્ટ ઈકોનોમિસ્ટ છે. તેમની નજીકની નોકરીમાં બીલ એન્ડ મેલિન્દા ગેટ્સ ફાઉન્ડેશન (BMGF) નો સમાવેશ થાય છે. UNDP, ILO, DFID અને હાર્વર્ડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના કન્સલ્ટન્ટ તરીકે પણ રહી ચૂક્યા છે.**

**E-mail:ahujaahuja@yahoo.com**



**આગામી આકર્ષણ**

**જૂલાઈ-૨૦૧૮**

**ભારતનું પુનરુત્થાન**

**RESURGENT INDIA**

# સ્વચ્છ ભારત - સ્વચ્છ ભારત તરફનું વધુ એક કદમ

પરમેશ્વરન ઐયર




*સ્વચ્છાગ્રહી લોકો એક કુદરતી આગેવાન હોય છે અને તે હાલની પંચાયતી રાજ સંસ્થાઓ, સહકારી મંડળીઓ, આશા વર્કર્સ, આંગણવાડી કામદારો, મહિલા જૂથો, સમુદાય આધારિત સંસ્થાઓ વગેરે સાથે જોડાયેલા હોય છે. આ લોકો સામાન્ય રીતે ગ્રામ પંચાયત સાથે કામ કરતા હોય છે અને કેટલાકે સ્વૈચ્છિક રીતે અને ખાસ સ્વચ્છતાના હેતુ માટે આ કામગીરી સ્વીકારી હોય છે.*

સલામત સફાઈ અને શુધ્ધ પાણી તંદુરસ્ત વસ્તી માટે જરૂરી છે અને માનવ વિકાસના કેન્દ્રમાં છે. સમગ્ર દુનિયામાં દર વર્ષે કરોડો લોકો, તેમાંનાં મોટા ભાગનાં બાળકો હોય છે તે અપૂરતા સ્વચ્છ પાણી પૂરવઠા, સ્વચ્છતા તથા સફાઈના અભાવ સાથે સંકળાયેલા રોગોને કારણે મૃત્યુ પામે છે. શુધ્ધ પાણી અને સલામત સફાઈ એ જીવન ટકાવી રાખવા માટે મહત્વના છે અને તેની ઊણપને કારણે આરોગ્ય, આહાર સલામતિ અને દુનિયાભરના પરિવારોની આજીવિકાને માઠી અસર થાય છે. એક પાયાની જરૂરિયાત તરીકે અને માનવ અધિકારની રૂએ છેલ્લા કેટલાક દાયકાઓથી એક પછી એક સરકારોએ સફાઈ ઝુંબેશો હાથ ધરી છે. આ ઝુંબેશો સ્વચ્છ સેનિટેશન માટે કેટલાક મોરચે કામ કરે છે, જેમાં ખૂલ્લામાં હાજતે જવાથી મુક્ત (ODF) દરજ્જો, માસિક કાળમાં સ્વચ્છતાની વ્યવસ્થા (MHM) વગેરેનો સમાવેશ થાય છે. સ્વચ્છ ભારત મિશન એ એક અભૂતપૂર્વ યોજના છે. તેને દુનિયામાં વર્તણૂંકના પરિવર્તન માટેની સૌથી મોટી ઝુંબેશ તરીકે ઓળખવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ વર્ષ ૨૦૧૯ સુધીમાં 'સ્વચ્છ ભારત' ની સિધ્ધિ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં જીવનની ગુણવત્તામાં સુધારો હાંસલ કરવાનો છે. સ્વચ્છતાનો વ્યાપ વધારવાનો તથા સમુદાયોને લાંબા ગાળા માટે સ્વચ્છતા પ્રણાલી અપનાવવા માટે પ્રેરણા આપવાનો અને તે ઉપરાંત ઘન અને પ્રવાહી કચરાની નિકાલ વ્યવસ્થા તેમજ અન્ય બાબતોનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૧૪માં સ્વાતંત્ર્ય દિન પ્રસંગે પ્રધાનમંત્રીએ લાલ કિલ્લાની ટોચ પરથી ૨ ઓકટોબર, ૨૦૧૯ સુધીમાં એટલે કે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ સુધીમાં 'સ્વચ્છ ભારત' ની સિધ્ધિ હાંસલ કરવા માટે રાષ્ટ્રને હાકલ કરી હતી. આ સિમાચિન્હરૂપ જાહેરાતથી ભારતે તેના ઈતિહાસની એક આશ્ચર્યજનક સફર શરૂ કરી છે. વિશ્વનો સૌથી મોટો આ સ્વચ્છતા કાર્યક્રમ, સ્વચ્છ ભારત મિશનનો ઠરાવ ભારતને ઓકટોબર ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ અને ખૂલ્લામાં શૌચથી મુક્ત (ODF) બનાવવાનો હતો. તે ઈતિહાસમાં એક અભૂતપૂર્વ બાબત છે. તેની પ્રથમ વખત શરૂઆત કરવામાં આવી ત્યારે ૫૫૦ મિલિયન લોકો ભારતમાં ખૂલ્લામાં શૌચ (OD) કરતા હતા. આ સંખ્યા આજે ઘટીને અંદાજે ૨૦૦ મિલિયન થઈ છે.

એવી દલીલ કરી શકાય કે સરકારના વડા દ્વારા કરવામાં આવેલી દુનિયાની આ ખૂબ જ મહત્વાકાંક્ષી અને હિંમતભરી જાહેરાત છે. સ્વચ્છતાને રાષ્ટ્રીય નીતિ અને વિકાસમાં અગ્ર સ્થાને મૂકવામાં આવી છે. ૨૧મી સદીના ભારતમાં ભારત વિશ્વનું સુપર પાવર બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે તેમાં ગંદકી અને ખૂલ્લામાં શૌચને કોઈ સ્થાન હોવું જોઈએ નહી. પ્રધાનમંત્રીએ તેમની રાજકીય મૂડીને સફાઈ અને સ્વચ્છતાની પાછળ લગાડી દીધી છે અને તેને દેશમાં અગ્ર સ્થાન આપ્યું છે !



(આકૃતિ-૧)

આ એક સૌથી મોટું પરિબળ છે કે જે સ્વચ્છ ભારત મિશન (SBM)ને અગાઉના વર્ષોની સમાન પ્રકારની વ્યવસ્થાઓની તુલનામાં નોંખુ પાડે છે.

**આકૃતિ-૧ ની સમજણ**

**૧૯૮૧ની વસતી ગણતરી પછી ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં સેનિટેશનનો વ્યાપ**

૨ ઓકટોબર, ૨૦૧૪થી શરૂ કરીને ૭.૧ કરોડ આવાસોમાં ટોયલેટનુ બાંધકામ થઈ ગયું છે. આનો અર્થ એ થયો કે ભારતના ગ્રામ્ય વિસ્તારોમાં સેનિટેશનનો વ્યાપ બમણા કરતાં વધુ થયો છે. ઓકટોબર ૨૦૧૪માં તે ૩૯ ટકા હતો તે આજે ૮૩ ટકા કરતાં પણ વધુ છે. આને તુલનાત્મક રીતે જોઈએ તો સેનિટેશનનો વ્યાપ છેલ્લા સાડા ત્રણ વર્ષમાં વધ્યો છે તેટલો અગાઉના ૬૭ વર્ષ દરમ્યાન પણ વધ્યો ન હતો. ૩.૬ લાખથી વધુ ગામ, ૩૮૨ જીલ્લા, ૧૩ રાજ્ય, (અરૂણાચલ પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કેરાલા, મહારાષ્ટ્ર, મેઘાલય, મિઝોરમ, પંજાબ, રાજસ્થાન, સિક્કીમ અને ઉત્તરાખંડ) તથા ૪ કેન્દ્ર શાસિત પ્રદેશો (આંદામાન અને નિકોબાર ટાપુઓ, ચંદીગઢ, દમણ અને દીવ, તથા દાદરા અને નગર હવેલી) ખૂલ્લામાં શૌચથી મુક્ત (ODF) બન્યાં છે અને ભારત ખૂલ્લામાં શૌચથી મુક્ત (ODF) બનવાની માર્ગે છે. ગ્રામીણ ભારત આ સિધ્ધિ સમયસર એટલે કે તા. ૨ ઓકટબર ૨૦૧૯ સુધીમાં આ મિશન હાંસલ કરવા સજ્જ છે.

પ્રગતિની આવી ગતિશિલતા હાંસલ થવાને કારણે આપણે ક્રમશઃ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM-G) હાંસલ સુધી પહોંચી જઈશું. વિતેલાં વર્ષોમાં મિશનનાં કેટલાંક પાસાં સ્વચ્છ ભારત મિશન (SBM) ને તેના પૂરોગામીઓ કરતાં નોંખુ પાડે છે અને તેને પરિવર્તન લાવવાની સ્થિતિમાં મૂકે છે. પરિવર્તન હાંસલ થઈ શકે તે માટે શરૂઆતથી જ આ કાર્યક્રમને સર્વોચ્ચ સ્તરેથી ટેકો મળ્યો છે. પ્રધાનમંત્રી પોતે આ બાબતે સંદેશા વ્યહવારમાં મોખરે રહ્યા છે. તમામ સહયોગીઓને આ પ્રવૃત્તિમાં જોડીને તેમણે સ્વચ્છતા અંગેની વાત ભારપૂર્વક કહીને તેને દરેક વ્યક્તિ માટેની પ્રવૃત્તિ બનાવી દીધી છે.

આ કાર્યક્રમ સ્વયં ડીઝાઈનના તબક્કે જ વિચારનો વ્યાપ વધારવાની રીતે આગળ વધ્યો હતો અને દરેક વ્યક્તિ સુધી અને દરેક જગાએ પહોંચવાનું ધ્યેય નક્કી કરવામાં આવ્યું હતું. તેના સહયોગીઓની સાથે આ મિશનનો સતત અને ઘનિષ્ઠ સંપર્ક રહ્યો છે, તેનો અમલ કરનાર સમુદાયે રાજ્યો અને જીલ્લાઓમાં જઈ ગતિશીલતા ચાલુ રાખી છે અને વિવિધ સ્તરે સંવાદનુ સાતત્ય જાળવ્યું છે.

ગતિશીલતાનુ નિર્માણ થવાની સાથે સાથે જન આંદોલન રોજેરોજ મજબૂત થતુ રહ્યું હતું. મંત્રાલય માટે મહત્વનું કામ એ હતું કે હાઉસકિપીગની ગુણવત્તાયુક્ત અને સારી પ્રણાલી જળવાઈ રહે. આ માટે મંત્રાલયે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) માટે એક મજબૂત ઓનલાઈન પ્લેટફોર્મ ઉભું કરવામાં આવ્યું. દેશનાં તમામ ગામોના આવાસોનો સેનિટેશનની સુવિધા સહિતનો ડેટા રાજ્ય સરકારો દ્વારા બેઝલાઈન સર્વે ૨૦૧૨-૧૩ મુજબ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (MIS) ને પૂરો પાડવામાં આવ્યો.

પારદર્શકતા અને જવાબદેહિતામાં આથી વધુ સુધારો કરવા માટે મંત્રાલય દ્વારા ત્રાહિત પક્ષ દ્વારા સર્વેક્ષણ હાથ ધરીને મોટા સેમ્પલ આધારિત નેશનલ સર્વે દ્વારા તાગ મેળવવામાં આવે છે. ધ કવોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) દ્વારા દેશમાં મે અને જૂન ૨૦૧૭ દરમ્યાન રેન્ડમ ધોરણે પસંદ કરાયેલાં ૪૬૨૬ ગામડાંના ૧.૪ લાખ પરિવારોનુ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું અને એમાં પ્રતિબિંબિત થયું કે ૯૧.૨૯ ટકા ટોયલેટનો વપરાશ થઈ રહ્યો છે.

ખૂબ નજીકના ગાળાની વાત કરીએ તો નેશનલ એન્યુઅલ રૂરલ સેનિટેશન સર્વે (NARSS) ૨૦૧૭-૧૮નું વિશ્વ બેંકના સહયોગથી સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) નું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં ૬૧૩૬ ગામનાં ૯૨,૦૦૦ ગામની સેમ્પલ સાઈઝ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો. ઈન્ડિપેન્ડન્ટ વેરિફિકેશન એજન્સી (IVA) દ્વારા NARSS ની કામગીરીની સમીક્ષા માટે જેમાં વર્લ્ડ બેંક, યુનિસેફ, વોટર એઈડ, બીલ એન્ડ મેલિન્ડા ગેટસ ફાઉન્ડેશન, ઈન્ડિયા સેનિટેશન કોએલીએશન, સુલભ ઈન્ટરનેશનલ નોલેજ લીક, નીતિ આયોગ અને આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય સહિતનુ પ્રતિનિધિત્વ ધરાવતા રજૂ કરવામાં આવેલાં સર્વેનાં તારણોમાં નિષ્ણાંત કાર્યકારી જૂથ (EWG) ને સર્વેક્ષણનાં તારણો જણાવવામાં આવ્યાં છે અને EWG એ સર્વે સંતોષકારક



રીતે પૂર્ણ કરાયો હોવાની નોંધ લીધી છે અને ૯૫.૬ ટકા ગામો ખૂલ્લામાં શૌચથી મુક્ત (ODF) દરજ્જો ધરાવતાં હોવાના દાવાની ચકાસણી બાબતે ખાત્રીપૂર્વક સ્વીકાર્યું છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) નું પરિણામ દર્શાવે છે કે ખૂલ્લામાં શૌચની પ્રથા મર્યાદિત બની છે. એક ગ્રામ મળ ૧૦,૦૦૦,૦૦૦ વાયરસ અને ૧,૦૦૦,૦૦૦ બેકટેરીયા અને ૧,૦૦૦ પરોપજીવી જીવો ધરાવે છે. આથી ગામ જો સંપૂર્ણપણે ખૂલ્લામાં શૌચથી મુક્ત બને નહીં તો મુખ અને સ્પર્શના માર્ગે ચેપ લાગવાના ભાગ રૂપે ચાલુ રહે છે. આથી આવતીકાલનો તંદુરસ્ત માર્ગ કોઈ વ્યક્તિ માટે નહી પણ સમગ્ર સમુદાય માટે જરૂરી બની રહેતો હોય છે. આથી સમુદાયે સાથે મળીને નવી ટેવોને અનુસરવાનો નિર્ણય કરવો જોઈએ.

આ થોડાંક વર્ષોમાં સ્વચ્છ ભારત મિશને પાયાના સ્તરે આરોગ્ય અને આર્થિક બાબતોમાં નોંધપાત્ર અસરો દર્શાવી છે. ભારતમાં સ્વચ્છ ભારત મિશનની નાણાંકીય અને આર્થિક અસરો અંગેના અહેવાલમાં યુનિસેફ દ્વારા એવો અંદાજ વ્યક્ત કરાયો છે કે ગ્રામ્ય ભારતમાં ખૂલ્લામાં શૌચથી મુક્ત ગામ દર વર્ષે વાર્ષિક રૂ.૫૦,૦૦૦ની બચત કરે છે. બીએમજીએફ દ્વારા બહાર પાડવામાં આવેલા બીજા એક અભ્યાસમાં આંકડાઓ દ્વારા બહાર આવ્યું છે કે આ યોજનાને કારણે ખૂલ્લામાં શૌચથી મુક્ત ગામડાં, જે ગામો ખૂલ્લામાં શૌચથી મુક્ત થયાં નથી તેવાં ગામોની તુલનામાં ઝાડા અને શારીરિક વિકાસ રૂંધાવાનું પ્રમાણ ઓછું જણાયું છે.

આ સમગ્ર ચળવળ લોકોની સહભાગિતા ઉપર આધારિત હોવાથી ગામના તમામ લોકો એકત્રિત થઈને જાહેર સભામાં ઠરાવ કરીને ગામને ખૂલ્લામાં શૌચથી મુક્ત બનાવે છે. એ પછી ગામના સભ્યો ચકાસણી સમિતિની રચના કરે છે, જેથી કોઈ વ્યક્તિ ટોયલેટનો ઉપયોગ કરવાના નિયમનો ભંગ કરે નહી. તે પછી ત્રાહિત પક્ષો દ્વારા ખૂલ્લામાં શૌચથી મુક્ત હોવાનું બ્લોક, જીલ્લા અને રાજ્યના સ્તરે ચકાસણી કરવામાં આવે છે. દરેક ઘર સહિતના તમામ ડેટાની મજબૂત જાળવણી કરવામાં આવે છે અને તે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) નું બીજુ એક મહત્વનું ઘટક ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન (SLWM) છે. SLWMની પહેલને આર્થિક રીતે તથા કાર્યક્ષમ રીતે અમલમાં મૂકવા માટે પાયાના સ્તરે માલિકી અને સામુદાયિક સામેલગીરી ખૂબ જ મહત્વની બની રહે છે. આ માટે એક પહેલ હાથ ધરવામાં આવી છે. અને તે માટે ગ્રામ સ્વચ્છતા ઈન્ડેક્સ (VSI) નામનું માપણી માટેનુ એક ઘનિષ્ઠ સેલ્ફ એસેસમેન્ટ ટુલ વિકસાવીને બહાર પાડવામાં આવ્યું છે. VSI જેમને ત્યાં સલામત ટોયલેટ હોય, ઘરની આજૂબાજુ અને જાહેર સ્થળોએ ગંદકી ન થતી હોય તથા આવાસોની નજીક ડહોળાં પાણી ભરાયાં ન હોય તેની ટકાવારીને આધારે સ્વચ્છતા સ્કોર નક્કી કરે છે. લોકશાહી પધ્ધતિથી આ સેલ્ફ એસેસમેન્ટ ગામના લોકો જાતે ગ્રામ સભામાં રજૂ કરે છે. એપ્રિલ ૨૦૧૮ની સ્થિતિએ ૪ લાખથી વધુ ગામોએ પોતાના ગ્રામ સ્વચ્છતા ઈન્ડેક્સ (VSI) નો અહેવાલ આપ્યો છે.

અવારનવાર એવું પણ અવલોકન પ્રાપ્ત થયું છે કે જ્યારે કોઈ સમુદાય સેનિટેશન માટેની દરમ્યાનગીરીમાં તેના ખુદના સ્ત્રોતોનું (ખાસ કરીને નાણાંકીય સ્ત્રોતો) નું રોકાણ કરે છે ત્યારે તે ઘણા લાંબા સમય સુધી ટકી રહે છે. ટોયલેટની કામગીરીને ધ્યાનમાં લઈએ તો સ્વચ્છ ભારત મિશન એના બાંધકામથી પણ આગળ વધે છે અને તેનો પાયો વર્તણૂંક બાબતે પરિવર્તનમં પડેલો છે. એનો ઉલ્લેખ પ્રધાન મંત્રી તેમનાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંગેનાં પ્રવચનોમાં કરતા હોય છે. તેમણે ૨૦૧૬ના તેમના એક પ્રવચનમાં જણાવ્યું હતું કે 'સ્વચ્છતા માત્ર બજેટની ફાળવણીથી જ હાંસલ થઈ જતી નથી, વર્તણૂંકમાં પરિવર્તન તેનો ઉપાય છે અને તે એક સામૂહિક ચળવળનો હિસ્સો બની રહેવો જોઈએ.'

જ્યારે વર્તણૂંકમાં પરિવર્તન એ ભારતના સ્વચ્છ સપનાનો હિસ્સો છે ત્યારે તે ભારતની વિવિધતા, સંકુલતા અને વિભિન્નીકરણને જોતાં આટલા વ્યાપક સ્તરે વર્તણૂંકમાં પરિવર્તન એ એક પડકાર પણ બની રહે છે. આ મિશન હેઠળ સંખ્યાબંધ

ઈનોવેશન હાથ ધરવામાં આવ્યા છે. આ માટે બે પ્રણાલીઓ સારી રીતે કામ કરી રહી છે. એમાંની એકને પ્રી-ટ્રીગરીંગ તરીકે ઓળખવામાં આવે છે. વર્તણૂંકમાં પરિવર્તન લાવવા માટે અગાઉથી સજ્જતા કેળવી તૈયારી કરવી પડે છે. વર્તણૂંકમાં પરિવર્તન માટે ઘણી બધી ગુણવત્તા તેના વ્યાપ માટે તૈયારીઓમાં પૂર્ણતા જરૂરી બને છે. આ માટે ગામ અને તેના નિવાસીઓની માહિતી મેળવવાનુ અને તેમની સાથે સંપર્ક ઉભો કરવાનું જરૂરી બને છે અને તે પછી ગામના લોકો તથા અધિકારીઓને આ કામગીરી માટે સજ્જ કરવાના રહે છે. ગ્રામ સફાઈના સમુદાયલક્ષી અભિગમમાં ટ્રીગરીંગનો ઉપયોગ સમાજના તમામ વર્ગો માટે થઈ શકે છે. આપણે એક સમુદાયને યુનિટ તરીકે લઈએ તો તે તેનું મહત્વ સમજી શકાય છે અને આવું એકમ પોતાના ગામ માટેની સ્વચ્છતા માટેની જવાબદારી અને જવાબદેહિતા સ્વિકારી શકે છે.

આ પ્રકારનાં ટ્રીગરીગ એ સ્થળ ઉપર કામ કરતા સ્વચ્છાગ્રહી દ્વારા સ્વચ્છ ભારત મિશનની આગેવાની હેઠળ હાથ ધરાયેલી ઘણી પહેલમાંની એક છે. સમુદાયના સ્તરે ફૂટ સોલ્જર્સ અને સેનિટેશનના સામુદાયિક અભિગમ (CAS) માટે કામ કરતા મોટીવેટર્સ સ્વચ્છ ભારત મિશનમાં દેશને ખૂલ્લામાં શૌચથી મુક્ત રાષ્ટ્ર બનાવવાની દિશામાં ખૂબ જ મહત્વના બની રહે છે.

સ્વચ્છાગ્રહી લોકો એક કુદરતી આગેવાન હોય છે અને તે હાલની પંચાયતી રાજ સંસ્થાઓ, સહકારી મંડળીઓ, આશા વર્કર્સ, આંગણવાડી કામદારો, મહિલા જૂથો, સમુદાય આધારિત સંસ્થાઓ વગેરે સાથે જોડાયેલા હોય છે. આ લોકો સામાન્ય રીતે ગ્રામ પંચાયત સાથે કામ કરતા હોય છે અને કેટલાકે સ્વૈચ્છિક રીતે અને ખાસ સ્વચ્છતાના હેતુ માટે આ કામગીરી સ્વીકારી હોય છે. હાલમાં ૪.૩ લાખ જેટલા સ્વચ્છાગ્રહીઓ નોંધાયેલા છે. આ મિશનનો ઉદ્દેશ દરેક ગામમાં એક સ્વચ્છાગ્રહી હોય તેવુ ઈચ્છે છે. આથી માર્ચ ૨૦૧૯ સુધીમાં ૬.૫ લાખ સ્વચ્છાગ્રહીઓની સેના તૈયાર થવી જોઈએ.

મંત્રાલય માઈક્રો લેવલે જન આંદોલનનો ધમધમાટ ચાલુ રહે તેવુ ઈચ્છે છે ત્યારે એપ્રિલ ૨૦૧૯માં અગાઉ ક્યારેય જોવા મળ્યો ન હોય તેવો સ્વચ્છાગ્રહીઓ માટેનો મેગા ઈવેન્ટ જોવા મળ્યો.

મહાત્મા ગાંધીજીએ એક સદી પહેલાં ૧૦ એપ્રિલ ૧૯૧૭ના રોજ ચંપારણ્ય સત્યાગ્રહનો પ્રારંભ કર્યો હતો અને બિહારના લોકોની હાલત સુધારવા માટે પાયાનું શિક્ષણ, કૌશલ્ય વિકાસ, મહિલા સશક્તિકરણ, અને સ્વચ્છતા ઝુંબેશ સહિત કેટલાંક પગલાં ભર્યાં હતાં. ૧૦ એપ્રિલ ૨૦૧૮ના રોજ ચંપારણ્ય સત્યાગ્રહનો શતાબ્દી સમારોહ પૂરો થયો અને તેની ઉજવણી 'સત્યાગ્રહથી સ્વચ્છાગ્રહ' ઝુંબેશ દ્વારા કરવામાં આવી હતી. આ સમારંભની ઉજવણી માટે પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયે બિહાર સરકાર સાથે સંકલન કરીને તા.૩ થી ૧૦ એપ્રિલ ૨૦૧૮ સુધી 'સત્યાગ્રહથી સ્વચ્છાગ્રહ' ઝુંબેશ શરૂ કરી. દેશના વિવિધ ભાગોમાંથી ૧૦,૦૦૦થી વધુ સ્વચ્છાગ્રહી બિહારમાં એકઠા થયા. ત્યાં તેમણે બિહારના સ્વચ્છાગ્રહીઓ સાથે મળીને રાજયના ૩૮ જીલ્લાઓમાં વર્તણૂંકલક્ષી પરિવર્તન લાવવાના પ્રયાસ કર્યા અને એ દ્વારા જન આંદોલનને વધુ આગળ ધપાવીને તેમાં ગતિશીલતા લાવવામાં આવી.

આ વ્યાપક ટ્રીગરીગ ભારે ઉત્સાહ અને ધગશભેર કરવામાં આવ્યું. બિહારમાં બહારથી આવેલા સ્વચ્છાગ્રહીઓની હાજરીને કારણે દર્શકો એમનો સંદેશ વધુ સારી રીતે સ્વીકારવા લાગ્યા. બહારથી આવેલા સ્વચ્છાગ્રહીઓને ભાષાનો કોઈ બાધ નડ્યો નહી અને તેમના સ્થાનિક સાથીદારોની અને સ્થાનિક અધિકારીઓ તેમજ ટેકનિકલ સ્ટાફની મદદથી તેમણે ઝુંબેશ આગળ ધપાવી. તેમની આ દરમ્યાનગિરી ખૂબ જ લાભદાયી પૂરવાર થઈ અને વિવિધ જૂથોમાં એક સ્પર્ધા ભાવ ઉભો થયો, જે ખૂબ જ લાભદાયી બની રહ્યો.

ચાર પડકારજનક રાજ્યો બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડીશા, જમ્મુ અને કાશ્મીર રાજ્યોએ ભેગા મળીને તા.૧૩ માર્ચથી ૧૦ એપ્રિલ સુધીમાં ૩૦.૯૧ લાખ ટોયલેટનો ઉમેરો કર્યો છે, જેમાંથી ૧૪.૮૨ લાખ ટોયલેટનો ઉમેરો તા.૪ થી તા.૧૦ એપ્રિલ દરમ્યાન થયો હતો.

આ સમગ્ર પ્રક્રિયામાં એક સંઘ ભાવના ઉભી થઈ અને ભારતના સમુદાયોમાં જાહેરમાં શૌચ મુક્ત બનાવવાની સબળ ભાવના ઉભી થઈ. આ કદમ સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ને એક ગ્રામ આંદોલન તરીકે આગળ ધપાવવામાં ખૂબ જ ઉપયોગી નિવડ્યું. આ મિશન બાકીની દુનિયા માટે પણ ઉદાહરણરૂપ બની શકે તેમ છે અને વિશ્વમાં તમામને માટે સ્વચ્છતાની ઝુંબેશ તરીકે આગળ ધપીને યુનાઈટેડ નેશન્સનો સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેય નં.૬ હાંસલ કરવાના મિશન મોડમાં પ્રવેશ કરી શકશે તેવુ લાગે છે. જો એવું થશે તો દરેકને માટે સ્વચ્છતા અને પીવાના પાણીની સાતત્યપૂર્ણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવાનું આસાન બની રહેશે.

**લેખક ભારત સરકારના પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયના સચિવ છે. તે સ્વચ્છતાના ક્ષેત્રે દીર્ઘ અનુભવ ધરાવે છે. અગાઉ તેમણે વિશ્વ બેંકમાં પ્રોગ્રામ લીડર તરીકેની જવાબદારી સંભાળીને પાણી અને સ્વચ્છતાના વિશેષજ્ઞ તરીકે નેતૃત્વ પૂરૂ પાડ્યું હતું અને વિશ્વ બેંકના વોટર એંકર પ્રોગ્રામનો તે હિસ્સો બની રહ્યા છે.**
**E-mail:param.iyer@gov.in**

# મહિલા અને બાળકો તરફ સુરક્ષાનો હાથ લંબાવવો

રાકેશ શ્રીવાસ્તવ



*જો ભારતમાં મહિલાઓને માત્ર પોતે સલામત અને સુરક્ષિત હોવાનો અહેસાસ થશે તો જ, તેઓ જાહેર જીવનમાં કામગીરી માટે આગળ આવશે અને આર્થિક વિકાસમાં તેઓ સહભાગી થશે. તે પ્રમાણે જ, બાળકોને જો હિંસા મુક્ત માહોલ સુનિશ્ચિત નહી થાય તો તેઓ સકારાત્મક વિકાસની દિશામાં આગળ નહી વધી શકે. સરકાર તરીકે, અમે ઈચ્છિએ છીએ કે ભારતમાં દરેક મહિલા અને બાળકો સહેજ પણ ભય વગર તેમના ઘર બહાર આવે અને તેઓ જે ઈચ્છા છે તે લક્ષ્ય હાંસલ કરે.*

વર્ષોથી, આપણા સમાજમાં મહિલાઓ અને બાળકો સાથે અસમાન અને ઓરમાયું વર્તન કરવામાં આવે છે. આપણી કુલ વસ્તીમાં તેઓ ત્રીજા ભાગના હિસ્સામાં હોવા છતાં, આપણા દ્વારા જ તેમના મહત્ત્વના પરિદશ્યોની અવગણના કરવામાં આવે છે, અને વિકાસના પાટા પર તેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. વિકાસનું આ માળખું બિન ટકાઉક્ષમ છે. કોઈપણ દેશ કે સંસ્કૃતિ જ્યાં સુધી મહિલાઓ અને બાળકોના અધિકારોને ઉપર ન લાવે અને સમાજમાં તેમને સમાન સ્થાન ન આપે ત્યાં સુધી સાચી પ્રગતિ નથી કરી શકતા. સરકાર આ આદર્શને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે કટિબદ્ધ છે, અને દેશમાં મહિલાઓ અને બાળકોના દરજ્જામાં સુધારો લાવવાની જવાબદારી પૂરા દિલથી ઉપાડે છે.

સરકારે મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે અને તેમની સલામતી માટે સાકલ્યવાદી દ્રષ્ટિકોણ અપનાવ્યો છે. સશક્તિકરણ અને સુરક્ષા - આ બંને પરિબળોનું એક સરખું મહત્વ છે અને એકબીજા સાથે સંકળાયેલા છે. કોઈપણ એક પરિબળ બીજાને સંતોષ્યા વગર સિદ્ધ ન થઈ શકે. જોકે, આ લેખના હેતુને અનુલક્ષીને, હું મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે સરકાર દ્વાર લેવામાં આવેલા પગલાંઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીશ.

મહિલાઓ અને બાળકોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે અલગ અલગ પ્રકારની સંખ્યાબંધ યોજનાઓને અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાઓ પાછળનો હેતુ તમામ તકો આપવાનો અને તેમની સક્રિય સહભાગિતા માટે યોગ્ય માહોલ તૈયાર કરવાનો પણ છે. આ પહેલ ગતિશીલ તેમજ બદલાતી જરૂરિયાતોને અનુલક્ષીને છે, અને ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી તૈયાર કરવામાં આવી છે.

**બદલાતી માનસિકતા**

સલામત અને સકારાત્મક માહોલ તૈયાર કરવા માટે, કોઈપણ વ્યક્તિએ ખૂબ જ પ્રારંભિક તબક્કેથી શરૂઆત કરવી તેમજ સમસ્યા- માનસિકતા પર મૂળમાં જ પ્રહાર કરવો આવશ્યક છે. આના માટે, સરકાર દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ કાર્યક્રમ દેશના તમામ જિલ્લામાં વિસ્તારવામાં આવ્યો છે. લોકોમાં જાગૃતિ ફેલાવીને, ગર્ભપાતના કિસ્સાઓ પર ચાંપતી નજર અને છોકરીઓના અભ્યાસને પ્રોત્સાહન આપવાથી બેટી બચાવો, બેટી પઢાઓને સફળતા મળી છે. પ્રારંભિક વાર્તાલાપમાં જ લગભગ અડધા જિલ્લાઓમાં જાતિગત જન્મદરમાં સુધારો જોવા મળ્યો છે.

સાથે સાથે, જાતિ આધારિત જેન્ડર ચેમ્પિયન્સ(જાતિ ચેમ્પિયન્સ) પણ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ જાતિ આધારિત બાબતોને સમજી શકે અને મહિલાઓ તેમજ બાળકો માટે હાનિકારક હોય તેવી રીતો રીતભાતો અપનાવવાથી તેમને અટકાવી શકાય છે. ૧૫૦ યુનિવર્સિટીઓ અને ૨૩૦ કોલેજો દ્વારા જેન્ડર ચેમ્પિયન્સનો અમલ કરવામાં આવ્યો છે.

જાણ કરવા માટે પ્રોત્સાહન અને બચી ગયેલાને મદદ ઘણી મહિલાઓ અને બાળકો સીધો જ પોલીસનો સંપર્ક કરવામાં અચકાય છે, આપણે નિર્ભયા ભંડોળ હેઠળ દેશભરમાં ૧૮૨ વન સ્ટોપ સેન્ટર ઉભા કર્યા છે. હિંસાનો ભોગ બનેલી મહિલાઓને ઓએસસી મારફતે એક જ જગ્યાએ પોલીસ, મેડિકલ, કાયદાકીય અને મનોચિકિત્સા સહાય આપવામાં આવે છે અને તેમને થોડા દિવસ રહેવા માટે સુરક્ષિત સ્થળ પણ પુરું પાડવામાં આવે છે. આ કેન્દ્રોમાં અત્યાર સુધીમાં ૧.૩ લાખથી વધુ કેસોનું સંચાલન કરવામાં આવ્યું છે.

વધુમાં, મહિલાઓ તેમની સાથે થતી હિંસા અંગે ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર જાણ કરી શકે છે. આ સાર્વત્રિક ટોલ ફ્રી નંબર છે અને મુશ્કેલીમાં હોય તેવી મહિલાઓને તાત્કાલિક તેમજ બિન-તાત્કાલિક એમ બને પ્રકારની સેવા આપવામાં આવે છે. મહિલાઓ તાકીદની સ્થિતિ (ઈમરજન્સી)માં આ નંબર પર ફોન કરી શકે છે, વિચારવિમર્શ કરી શકે છે અને કાયદાકીય, પોલીસ, મનોચિકિત્સા મદદ તેમજ અન્ય ઉપલબ્ધ વિકલ્પો મેળવી શકે છે. મહિલા હેલ્પલાઈન શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે અને ૧૬.૫ લાખથી વધુ મહિલાઓને વિવિધ મદદ પહોંચાડવામાં આવી છે. વધુમાં, ૧૦૯૮ ચાઈલ્ડલાઈન પણ બાળકો માટે દેશવ્યાપી નંબરની સેવા છે જેમાં મુશ્કેલ સ્થિતિમાં બાળકોને મદદ કરવામાં આવે છે. ગત વર્ષે આ સેવા હેઠળ ૧.૮ કરોડ કોલ આવ્યા હતા.

પોલીસ દળમાં મહિલાઓ માટે ૩૩% અનામત એક ઘણું મહત્વપૂર્ણ પગલું છે. આનાથી ખાસ કરીને મહિલાઓ અને બાળકોનો પોલીસ પ્રત્યેનો અભિગમ બદલાશે અને તેઓ ગુનાની જાણ કરવા માટે વધુ પ્રેરાશે. આ સંદર્ભે એક એડવાઈઝરી (સલાહ) ઈશ્યૂ કરવામાં આવી છે અને તેના પરિણામો ૨૨ રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોવા મળી રહ્યા છે. જાતિ સંવેદનશીલ કેસોમાં પોલીસનો એકંદરે પ્રતિભાવ અને પોલીસ દળમાં મહિલાઓની સંખ્યામાં દેખીતો વધારો કરવા માટે ગૃહ મંત્રાલયના સહયોગથી મંત્રાલય દ્વારા આ દિશામાં કામગીરી ચાલી રહી છે. આ પગલું માત્ર ખાલી જગ્યાઓ ભરવા માટે અને પોલીસ દળમાં મહિલાઓની ઉપસ્થિતિના મહત્વને ધ્યાનમાં લેવા માટે જ નથી, બલ્કે મહિલાઓ અને બાળકો માટે પોલીસ દળ વધુ મૈત્રિપુર્ણ બને તેવો પણ આની પાછળનો આશય છે.

બાળકો અવારનવાર સતામણી અને જાતિય દુર્વ્યવહારના શિકાર બનતા હોય છે. બાળકો સાથે થતા આવા આઘાતજનક અને સંવેદનશીલ અનુભવ અંગે જાણ કરવા માટે, 'પોસ્કો ઈ-બોક્સ' નામથી ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે જ્યાં બાળકો અથવા તેના/તેણીના વતી કોઈપણ વ્યક્તિ ઓછામાં ઓછી વિગતો આપીને પણ ફરિયાદ નોંધાવી શકે છે. ફરિયાદ મળ્યા પછી શક્ય હોય એટલા વહેલી તકે, તાકીદના ધોરણે તાલિમબદ્ધ કાઉન્સેલર દ્વારા બાળકનો સંપર્ક કરવામાં આવે છે, અને તેમને જરૂરી સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત તે બાળકના વતી ઔપચારિક ફરિયાદ પણ દાખલ કરવામાં આવે છે.

### મજબૂત કાયદાકીય ફ્રેમવર્ક (માળખું) તૈયાર કરવું

મહિલાઓ અને બાળકોને તેમની સાથે અવારનવાર થતા ટ્રાફિકિંગ (તસ્કરી)ના છૂપા ગુનાઓથી બચાવવા માટે કાયદાકીય ફ્રેમવર્ક (માળખુ) વધુ મજબૂત બનાવવા માટે, મંત્રાલય દ્વારા તાજેતરમાં જ ટ્રાફિકિંગ ઓફ પર્સન્સ (પ્રિવેન્શન, પ્રોટેક્શન એન્ડ રિહેબિલિટેશન) બિલ, ૨૦૧૮ (માનવ તસ્કરી (રોકવું, સુરક્ષા અને પુનર્વસન) વિધેયક, ૨૦૧૮)નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે. આ વિધેયક વર્તમાન કાયદામાં રહેલી કેટલીક ઉણપો પૂરી કરે છે અને માનવ તસ્કરીને લગતા તમામ પરિબળો તેમાં આવરી લેવામાં આવ્યા છે. તેમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે સમર્પિત સંસ્થાઓની સ્થાપના કરીને પીડિત વ્યક્તિ માટે મજબૂત કાયદાકીય, આર્થિક અને સામાજિક માહોલ ઉભો કરીને તસ્કરીની સમસ્યા ઉકેલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

બાળલગ્ન જેવી કેટલીક સામાજિક પ્રવૃત્તિઓથી બાળકોને સુરક્ષા આપવા માટે કાયદાકીય ફ્રેમવર્ક પણ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે અને તેનો કડક અમલ થઈ રહ્યો છે. પ્રોહિબિશન ઓફ ચાઈલ્ડ મેરેજ એક્ટ. ૨૦૦૬ (બાળલગ્ન વિરોધી કાયદો. ૨૦૦૬) અંતર્ગત જેઓ બાળલગ્નને પ્રોત્સાહન આપે,

કરાવે અથવા તેમાં કોઈને ધકેલે તે બદલ સજાની જોગવાઈઓ કરવામાં આવી છે. મંત્રાલય દ્વારા રાજ્ય સરકારોના સહયોગથી તેમજ સીધા જ જિલ્લા કલેક્ટરોની મદદથી આ કાયદાનું યોગ્ય અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. વધુમાં, અમે બાળલગ્ન સંબંધિત કાયદામાં પણ આ મામલે સુધારા માટે પણ પ્રસ્તાવ મૂક્યો છે જેથી આ દૂષણને કાયદામાં અમાન્ય ઠેરવીને તેના વિરુદ્ધ પ્રતિબંધાત્મક કાર્યવાહી કરી શકાય.

સેક્સ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વૂમન એટ વર્ક પ્લેસ (પ્રિવેન્શન, પ્રોહિબિશન એન્ડ રેડ્રેસલ) એક્ટ, ૨૦૧૩ કામના સ્થળે મહિલાઓ સાથે જાતિય સતામણી (રોકવું, પ્રતિબંધ અને નિવારણ) કાયદો, ૨૦૧૩ પર મંત્રાલય દ્વારા ખૂબ બારીકાઈથી દેખરેખ રાખવામાં આવે છે. આ કાયદા મામલે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપ માટે ૧૧૨ સંસ્થાઓની પેનલ તૈયાર કરવામાં આવી છે અને ટીવી, રેડિયો તેમજ ઓનલાઈન માધ્યમોથી વ્યાપક સ્તરે જાહેર ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ઉપયોગમાં ખૂબ જ સરળ ઓનલાઈન પોર્ટલ 'શી-બોક્સ'નો પણ આરંભ કરવામાં આવ્યો છે જેથી દેશમાં મહિલાઓ તેમનો હોદ્દો કે સંસ્થા ભલે ગમે તે હોય તેને ધ્યાનમાં રાખ્યા વગર, કામના સ્થળે થતી જાતીય સતામણી અંગેની ફરિયાદ ઓનલાઈન નોંધાવી શકે. કામના સ્થળે જો સલામત માહોલ હોય, તો મહિલાઓ કામકાજમાં વધુ જોડાવા માટે પ્રોત્સાહિત થશે.

ઘરની અંદર અને બહાર એમ બંને જગ્યાએ મહિલાઓને સુનિશ્ચિતપણે સુરક્ષા મળી રહે તે માટે મંત્રાલય દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે. મહિલાઓને પારિવારિક હિંસાથી સુરક્ષા આપવા માટે પ્રોટેક્શન ઓફ વૂમન હોમ ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ (પીડબ્લ્યુડીવીએ), ૨૦૦૫ (મહિલાઓને ઘરેલુ હિંસાથી સુરક્ષા કાયદો, ૨૦૦૫) દેશભરમાં અમલમાં મૂકવામાં આવ્યો છે અને મહિલાઓને આવા કિસ્સાઓની જાણકારી કરવા માટે જરૂરી મદદ કરવામાં આવે છે. દહેજના સામાજિક દૂષણને ડામવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, દહેજ વિરોધી કાયદાનો ખૂબ કડકાઈથી અમલ કરવામાં આવી રહ્યો છે. આ કાયદામાં દહેજની પરિભાષા નક્કી કરવામાં આવી છે અને દહેજ આપવા, લેવા અથવા અથવા દહેજ આપવા અને લેવા માટે પ્રોત્સાહિત કરવા બદલ દંડ કરવામાં આવે છે.

આ કાયદાના સંદર્ભમાં મીડિયા ઝુંબેશ પણ તૈયાર કરવામાં આવી છે અને ટેલિવિઝન, રેડિયો તેમજ ઓનલાઈન માધ્યમોથી તે દર્શાવવામાં આવે છે.

મહિલાઓની સુધારેલી સલામતી માટે નવી ટેક્સી પોલિસી માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી છે. મહિલાઓની સલામતીના બહેતર માપદંડોના અમલીકરણ માટે તમામ ટેક્સીમાં ફરજિયાત જીપીએસ પેનિક ઉપકરણ, ચાઈલ્ડ લોકિંગ સિસ્ટમ ચાલુ રાખવી, ડ્રાઈવરનો ફોટો અને નોંધણી નંબર સહિત તેની ઓળખ સ્પષ્ટપણે દેખાય તેમ વાહનમાં તેને દર્શાવવી, મહિલા મુસાફરની ઈચ્છાને આધીન સીટનું શેરિંગ કરવું વગેરે માપદંડો લાવવામાં આવ્યા છે. મહિલાઓ અને બાળકો વધુ સલામત રીતે જાહેર ટેક્સીનો ઉપયોગ કરી શકે તેવા આશયથી આનો અમલ કરવામાં આવ્યો છે.

**નાવીન્યપૂર્ણ પ્રોજેક્ટ્સને ભંડોળ આપવું**

નિર્ભયા ફંડ વિશે અવારનવાર તેનો પૂરતો ઉપયોગ ન થતો હોવાની ગેરમાન્યતા ફેલાવવામાં આવે છે, પરંતુ વાસ્તવમાં આ ભંડોળથી મહિલાઓની સલામતી માટે રૂપિયા ૬૨૨૩.૭૯ કરોડના નાવીન્યપૂર્ણ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે.

દેશમાં તમામ મોબાઈલ ફોનમાં ટૂંક સમયમાં પેનિક બટન પણ શરૂ કરવામાં આવશે જેથી મહિલાઓને મુશ્કેલ સ્થિતિમાં તાત્કાલિક મદદ કરી શકાય. પેનિક બટનની મદદથી સેટેલાઈટ જીપીએસના આધારે સૌથી નજીકના પીસીઆર અને પસંદગીના પરિવારજન/મિત્રોને તેમનું સ્થાન ચકાસીને જેતે પરિસ્થિતિનો સંકેત પહોંચાડી શકાય છે. આ માટે યુઝર ટેસ્ટિંગનો પહેલો તબક્કો ઉત્તરપ્રદેશમાં શરૂ કરી દેવામાં આવ્યો છે અને ઝડપથી દેશભરમાં તેનો અમલ કરવામાં આવશે.

દેશમાં આઠ મુખ્ય શહેરોમાં મહિલાઓને વધુ સલામતી માટે નિર્ભયા ફંડ અંતર્ગત વ્યાપક યોજનાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે જે હેઠળ, સ્ટ્રીટ લાઈટ્સ, સલામત જાહેર પરિવહન, સુધારેલી પોલીસ વ્યવસ્થા વગેરે પરિબળો પર કામ કરવામાં આવી રહ્યું છે. આ શહેરો ત્યારપછીના શહેરોમાં આ યોજનાના અમલીકરણ માટે મોડેલ સિટી તરીકે કામ કરશે. નિર્ભયા ફંડ હેઠળ, લેબોરેટરીઓની ફોરેન્સિક ક્ષમતા પણ વધારવામાં આવી રહી છે જેથી બળાત્કાર અને જાતીય સતામણીના કિસ્સાઓમાં ઝડપી તેમજ બહેતર કાર્યવાહી કરી શકાય.

**સુરક્ષા માટે આઈટીનો વધુ ઉપયોગ કરવો**

દિવસેને દિવસે ટેકનોલોજી પ્રગતિ કરી રહી છે, ત્યારે મહિલાઓ અને બાળકો વિરુદ્ધ હિંસા આચરવા માટે પણ ડિજીટલ

દુનિયાનો ઉપયોગ વધી રહ્યો છે. ડિજીટલ દુનિયામાં પણ મહિલાઓ અને બાળકોને સુરક્ષા નિશ્ચિતરૂપે મળી રહે તે માટે વર્તમાન માળખામાં જરૂરી ફેરફારો કરીને સરકાર આ દિશામાં પણ પ્રતિભાવ આપી રહી છે. સાઈબર ક્રાઈમ અંગે કોઈપણ વ્યક્તિ જાણ કરી શકે તે માટે સેન્ટ્રલ રિપોર્ટિંગ મિકેનિઝમ તૈયાર કરવામાં આવી રહ્યું છે જે એક હોટલાઈનની જેમ કામ કરશે. બાળ પોર્નોગ્રાફી, બળાત્કાર, સામૂહિક બળાત્કાર વગેરે જેવી સ્થિતિમાં સમગ્ર કાયદાકીય પ્રક્રિયા સરળ બને તે માટે પણ કામગીરી ચાલી રહી છે. સત્તાધિકારીઓ અને જાહેર જનતામાં પણ સાઈબર ક્રાઈમનો સામનો કરવા માટે અને તેથી વધુ સારી રીતે બચવા માટે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

બાળકોની સુરક્ષા માટે આઈટીને એક ટૂલ (સાધન) તરીકે ઉપયોગમાં લઈને, મંત્રાલય દ્વારા ઓનલાઈન સિટિઝન આધારિત પોર્ટલ 'ખોયા પાયા' શરૂ કરવામાં આવ્યું છે. તેના પર, ખોવાયેલા અને મળેલા બાળકોની માહિતી મૂકી શકાય છે જેથી તેમને ઓળખવામાં અને પરિવાર સાથે તેમના પુનર્મિલનમાં મદદ મળી શકે. વર્ષ ૨૦૧૫થી અત્યાર સુધીમાં, ખોવાયેલા - મળેલા બાળકોના ૧૦,૦૦૦થી વધુ કેસ આ પોર્ટલ પર પબ્લિશ કરવામાં આવ્યા છે. એનસીઈઆરટી કોર્સ પુસ્તકોના કવર પેજના અંદરના પાને બાળકો માટેની આ પહેલ વિશે માહિતી આપવામાં આવી છે જેથી બાળકોમાં તેના વિશે મહત્તમ જાગૃતિ ફેલાવી શકાય.

**હિંસામાં બચી ગયેલાનું પુનર્વસન**

સરકારના વ્યાપક હસ્તક્ષેપમાં જાતિય સતામણીનો ભોગ બન્યા પછી બચી ગયેલાના પુનર્વસનની કામગીરી પણ જરૂરી પરિબળ છે. આના માટે, નિર્ભયા ફંડ હેઠળ કેન્દ્રિય પીડિત વળતર યોજના શરૂ કરવામાં આવી છે જે હિંસાનો ભોગ બનેલી મહિલાઓનો વળતર માટે રાજ્ય સરકારોને વધારાની મદદ કરે છે. આ ઉપરાંત જે વ્યક્તિ પર એસિડ સહિત કોઈપણ પ્રકારે હુમલો થયો છે તેના જીવન પર લાંબાગાળાનું નુકસાન કરતા પરિબળોને ધ્યાનમાં રાખીને તેમને સતત મેડિકલ સહાયની જરૂર હોવાથી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સામાજિક ન્યાય અને સશક્તિ મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે, એસિડ હુમલાના કારણે થયેલી હાનિ અથવા ખોડખાપણને નિર્દિષ્ટ વિકલાંગતાઓની યાદીમાં સમાવવામાં આવે. તાજેતરમાં અમલમાં આવેલા રાઈટ્સ ઓફ પર્સન વિથ ડિઝેબલિટિઝ એક્ટ, ૨૦૧૬ (વિકલાંગ વ્યક્તિના અધિકારોનો કાયદો)માં એસિડ હુમલાને વિકલાંગતાના પ્રકાર હેઠળ આવરી લેવામાં આવ્યો છે, જેથી એસિડ હુમલાના પીડિતને હવે વિકલાંગતા સંબંધિત સરકારી લાભો મળી શકે છે.

એક નાવીન્યપૂર્ણ પગલાંમાં, સરકાર દ્વારા દેશભરમાં ૬૦ મુખ્ય રેલવે સ્ટેશનો પર ચાઈલ્ડ હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યા છે કારણ કે બાળકોની તસ્કરી માટે આ સ્થળો મુખ્ય જગ્યાઓ અને મુકામ સ્થળો તરીકે જાણીતા હોય છે. આ હેલ્પ ડેસ્ક મુશ્કેલ સંજોગોમાં બાળકોની ઓળખ કરે છે, તમને બચાવે છે અને પરિવાર સાથે પુનર્મિલન તેમજ પુનર્વસનની કામગીરી કરે છે. અત્યાર સુધીમાં ૩૪,૦૦૦થી વધુ બાળકોને આ સેવા હેઠળ મદદ કરવામાં આવી છે.

**છેવાડા સુધી મદદ પહોંચાડવી**

ગ્રામીણ મહિલાઓ સુધી પણ સરકારના સુરક્ષાત્મક તંત્રની મદદ સુનિશ્ચિતપણે પહોંચી શકે તેમ માટે, તાજેતરમાં મહિલા શક્તિ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો દ્વારા ૩ લાખ વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા ૧૧૫ સૌથી પછાત જિલ્લાઓમાં ગ્રામીણ મહિલાઓને તેમના ઘરઆંગણે જઈને મદદ પહોંચાડવામાં આવે છે. સરકારના અન્ય લાભોમાં, વિદ્યાર્થીઓ હિંસામાં બચેલા પીડિતોને સરકારી સહાય અંગે મહિલાઓને જાણકારી આપશે અને આવી મદદ કરતી સંસ્થાઓ સાથે તેમનો સંપર્ક કરાવી આપશે.

જો ભારતમાં મહિલાઓને માત્ર પોતે સલામત અને સુરક્ષિત હોવાનો અહેસાસ થશે તો જ, તેઓ જાહેર જીવનમાં કામગીરી માટે આગળ આવશે અને આર્થિક વિકાસમાં તેઓ સહભાગી થશે. તે પ્રમાણે જ, બાળકોને જો હિંસા મુક્ત માહોલ સુનિશ્ચિત નહી થાય તો તેઓ સકારાત્મક વિકાસની દિશામાં આગળ નહી વધી શકે. સરકાર તરીકે, અમે ઈચ્છીએ છીએ કે ભારતમાં દરેક મહિલા અને બાળકો સહેજ પણ ભય વગર તેમના ઘર બહાર આવે અને તેઓ જે ઈચ્છા છે તે લક્ષ્ય હાંસલ કરે.

**લેખક ભારત સરકારના મહિલા અને બાળ કલ્યાણ મંત્રાલયના સચિવ છે. તે પોષણ, મહિલા કલ્યાણ અને સરકારના મોટા કદના કાર્યક્રમોના અમલીકરણનો અનુભવ ધરાવે છે.**

**E-mail: secy.wcd@nic.in**

# પંચેન્દ્રીયોનાં સંયમથી શાંતિ

આર. એસ. રામાસ્વામી



*સિધ્ધા પધ્ધતિ મુજબ માનવી અને બ્રહ્માંડ, પંચ ભૂત એટલે કે પાંચ તત્વોનુ બનેલુ છે, જે મન (પૃથ્વી), નીર (પાણી), થી (આગ), વાલી/ કટુર (વાયુ) અને વેલી (આકાશ)નો સમાવેશ થાય છે. પરીઓરીગલ અથવા તો પાંચ ઈન્દ્રીયોમાં મેરી (ત્વચા), વાઈ( મોં-જીભ), કાલ (આંખ), મોક્કુ (નાક) અને સેવી (કાન) નો સમાવેશ થાય છે. પુલંગલ એ પાંચ ઈન્દ્રીયો અને તેમાં સુવાઈ (સ્વાદ), ઓલી (દ્રષ્ટી), ઓરૂ (સ્પર્શ), ઓસલી (શ્રવણ) અને નત્રમ (સુગંધ) નો સમાવેશ થાય છે.*

પરિચયઃ ''યોગમ'' શબ્દનો અર્થ ''જોડાણ'' એવો થાય છે. એટલે કે જીવન (વ્યક્તિગત ચેતના) નો પરમાત્મા (વૈશ્વિક ચેતના) સાથે જોડાણ એવો થાય છે અને માનવ જન્મનું આખરી ધ્યેય પણ આ જ હોય છે. બીજા અર્થમાં યોગમ એટલે વ્યક્તિની પાંચ ઈન્દ્રિયોને નિયંત્રિત કરવી અને એ દ્વારા મસ્તિષ્કને એક જ તત્વ ઉપર કેન્દ્રિત કરવાનું લક્ષ્ય સિધ્ધ કરવું. સિધ્ધાર થિરૂમૂલર દ્વારા તેમના થિરૂમન થિરમમાં યોગ અંગે વિગતે વાત કરવાં આવી છે. આ લેખ સિધ્ધારના યોગમ અંગે થિરૂમૂલરના કેટલાંક મહત્વના દ્રષ્ટિકોણ અંગે વાત કરે છે, જે સિધ્ધા તબીબી પધ્ધતિનો એક હિસ્સો છો.

થિરૂમનથીરમમાં સિધ્ધાર થિરૂમૂલર દ્વારા સિધ્ધ તબીબી પધ્ધતિની વ્યાખ્યા નીચે મુજબ કરવામાં આવી છેઃ

જે શારીરિક દર્દને દૂર કરે છે તે દવા છે
જે માનસિક દર્દને દૂર કરે છે તે દવા છે
જે દર્દને રોકે છે તે દવા છે અને,
જે અમરત્વ આપે છે તે દવા છે

અન્ય તબીબી પધ્ધતિઓથી વિપરીત રીતે સિધ્ધાનો ઉદ્દેશ શરીરના અને મનના રોગોને માત્ર મટાડવાનો નથી, પણ આત્માના રોગનું પણ નિવારણ કરવાનો છે અને તે શુધ્ધિકરણ દ્વારા મુક્તિ તરફ દોરી જાય છે. ઉપર દર્શાવેલી કવિતાની છેલ્લી લીટી દર્શાવે છે કે સિધ્ધા એ આધ્યાત્મિક આરોગ્ય છે. થિરૂમૂલર ભારપૂર્વક જણાવ છે કે યોગમને અનુસરવાથી રોગમુક્ત જીવન જીવી શકાય છે. થિરૂમૂલરના જણાવ્યા પ્રમાણે યોગમમાં આઠ અંગોનો સમાવેશ થાય છે. આથી તેને અષ્ટાંગ યોગમ તરીકે ઓળખવામાં આવે છે.

અષ્ટાંગા યોગમઃ ઈયમમ, નિયમમ, આસનમ, પ્રાણાયમમ, પ્રાથિયાહરમ, ધરનાઈ, ધ્યાનમ અને સમાથી (સમાધિ) ને અષ્ટાંગ યોગ એટલે કે આઠ અંગના તરીકે ઓળખવામાં આવે છે, એટલે કે યોગના અંગોના ૮ કદમ. સિધ્ધ તબીબી પધ્ધતિ, કાયાકલ્પમ (પુનઃ શક્તિ સંચારની આ થેરાપી એએક મહત્વની થેરાપી છે, જેને કલ્પઅવિઝથમ અને ક્લપ યોગમ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. કલ્પઅવિઝથમમાં એવી દવાઓનો સમાવેશ થાય છે કે જે રોગ આવતો અટકાવતી હોય છે અને રોગનો ઉપચાર પણ કરે છે. કલ્પયોગમમાં યોગની ટેકનિકનો સમાવેશ થાય છે. જેના આચરણથી શરીર, મગજ, અને આત્મા તંદુરસ્ત રહે છે. થિરૂમૂલરના જણાવ્યા પ્રમાણે યોગનો પ્રથમ ભાગ 'ઈયામમ' છે પરંતુ સૌથી મહત્વનો હિસ્સો

સમાધિ છે, જે માનવ જન્મનું સાચું ધ્યેય છે.

**ઈયામમઃ** ઈયામમ એ તંદુરસ્ત માનસ તરફ લઈ જતી પધ્ધતિ છે, જે વાસના, ક્રોધ અને અભિમાન જેવી અશુધ્ધિઓથી મુક્ત હોય છે. આવી અશુધ્ધિઓથી મુક્ત માનસ રોગથી પણ મુક્ત રહે છે.

**નિયમમઃ** આ તંદુરસ્ત માનસને અનુસરવાની પ્રક્રિયા છે, જેમાં સવારે ઉઠવાથી માંડીને પથારીમાં આરામ કરવાની ક્રિયાઓ નિયમિતપણે કરવામાં આવે છે. નિયમમનો અર્થ પોતાની પ્રવૃત્તિઓમાં શુધ્ધિ જાળવી રાખવી તેવો થાય છે. નિયમમને કારણે વ્યક્તિની પ્રવૃત્તિઓમાં એક તંદુરસ્ત વાતાવરણ ઉભુ થાય છે.

**આસનમઃ** આનો અર્થ શરીરને ચોક્કસ સ્થિતિમાં, ચોકક્સ સમય સુધી સ્થિર અને ગતિમુક્ત રાખવું તેવો થાય છે. તેનો સરળ અર્થ સ્થિતિ અથવા સ્થિતિમાં રહેવું તેવો થાય છે. થિરૂમૂલરના જણાવ્યા પ્રમાણે આવી હજારો સ્થિતિઓ છે. આસનો કરવાથી ઘણાં રોગ થતા અટકે છે અને સ્વાસ્થ્ય સારૂ રહે છે. તે યોગ્ય સ્થિતિને જાળવી રાખે છે. શારીરિક કસરત કે જેમાં ઉર્જા વપરાય છે, તેનાથી વિપરીત આસનોથી ઉર્જા અને ખાસ કરીને બાયોમેગ્નેટિક ઉર્જા મળે છે. આસનોથી શરીરની બહારનું માળખુ અને સ્નાયુઓ તો આપમેળે મજબૂત થાય છે અને સાથે સાથે શરીરની અંદરનાં અંગો (ખાસ કરીને હ્રદય, ફેફસાં, હોજરી, લીવર, પિત્તાશય અને ગર્ભાશય) ને પણ મજબૂત કરે છે અને તેમની કામગીરી સતેજ કરીને તેનું નિયમન કરે છે. તે વિવિધ ગ્રંથીઓમાં સ્ત્રાવ પેદા કરે છે અને આહારનું પાચન કરે છે તેમજ શરીરનો કચરો બહાર ફેંકે છે. રક્તનું યોગ્ય ભ્રમણ જાળવી રાખે છે, શ્વાસની પ્રક્રિયાનુ નિયમન કરીને શરીરનું ઉષ્ણતામાન જાળવી રાખે છે. તે અંતઃસ્ત્રાવી ગ્રંથીઓનું જીવનભર નિયમન કરે છે. આસન એ મુખ્ય સારવાર પધ્ધતિનો રોગ અટકાવવામાં કે તેના ઉપચારમાં સહયોગ પૂરો પાડે છે. આસન કરતી વખતે શરીરની રક્તનલિકાઓ, મજ્જાતંતુઓ અને સ્નાયુઓ શારીરિક કસરતમાં થાય છે તે રીતે અક્કડ કે સખ્ત થઈ જતા નથી. હકીકતમાં તે સ્નાયુઓ મુલાયમ અને સુગમ બને છે.

**પ્રાણાયમમઃ** પ્રાણાયમમ એ શ્વાસને નિયંત્રિત કરવાની પ્રવૃત્તિ છે. તેના વડે શ્વસનની જે અગણિત પ્રક્રિયા થાય છે તેનાથી શરીરના કોષોને અને ખાસ કરીને ચેતાતંત્રને ઉર્જા પ્રાપ્ત થાય છે. થિરૂમૂલરના જણાવ્યા પ્રમાણે પ્રાણાયમમ એ વ્યક્તિના શ્વાસને ગણત્રીપૂર્વક નિયંત્રિત કરવાની પધ્ધતિ છે. પ્રાણાયમ કરવાથી યમ (મોતનો દેવતા) દૂર રહે છે. પ્રાણાયમમ એ રોગ અટકાવતી, રોગને દૂર કરતી તથા નવી ઉર્જાનો સંચાર કરતી પદ્ધતિ છે. તેનાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને આપણા શરીરને પૂરતો પ્રાણવાયુ મળી રહે છે. તેને વાસી અને વાસીયોગમ તરીકે પણ ઓળખવામાં આવે છે. થિરૂમૂલરના જણાવ્યા પ્રમાણે શ્વાસ લેવામાં જાળવવામાં અને છોડવામાં અનુક્રમે ૧૬ પળ, ૬૪ પળ અને ૩૧ પળનો સમય લેવામાં આવતો હોય છે.

**પ્રતિયાહારમઃ** પાંચ ઈન્દ્રિયોને નિયંત્રિત કરવાની આ પધ્ધતિ છે, જેમાં સ્વાદ, દ્રષ્ટી, સ્પર્શ, શ્રવણ અને સુગંધની શક્તિ. અનુક્રમે જીભ, આંખ, ત્વચા, કાન અને નાક દ્વારા પ્રાપ્ત થતી હોય છે. આ ઈન્દ્રીયો તથા તેનાં અંગો વચ્ચે જ્ઞાનેન્દ્રીય અંગ કડી ધરાવતી હોય છે. એટલે કે જ્ઞાનેન્દ્રીયો એ એવા સાધન છે કે જે ઈન્દ્રિયોનાં અંગો દ્વારા ઈન્દ્રિયોનું સંચાલન કરતી હોય છે.

સિધ્ધા પધ્ધતિ મુજબ માનવી અને બ્રહ્માંડ, પંચ ભૂત એટલે કે પાંચ તત્વોનુ બનેલુ છે, જે મન (પૃથ્વી), નીર (પાણી), થી (આગ), વાલી/કટુર (વાયુ) અને વેલી (આકાશ)નો સમાવેશ થાય છે. પરીઓરીગલ અથવા તો પાંચ ઈન્દ્રીયોમાં મેરી (ત્વચા), વાઈ( મોં-જીભ), કાલ( આંખ), મોક્કુ (નાક) અને સેવી (કાન) નો સમાવેશ થાય છે. પુલંગલ એ પાંચ ઈન્દ્રીયો અને તેમાં સુવાઈ (સ્વાદ), ઓલી (દ્રષ્ટી), ઓરૂ (સ્પર્શ), ઓસલી (શ્રવણ) અને નત્રમ (સુગંધ) નો સમાવેશ થાય છે. આ પંચ ભૂતમ તેમની સાથે આ રીતે જોડાયેલાં હોય છે. સુવાઈ- પાણી, ઓલી-અગ્નિ, ઓરૂ-વાયુ, ઓસાઈ-આકાશ અને નેત્રમ-માટી. માણસ પણ ૬ ઈન્દ્રીયો ધરાવે છે. થોલાકપ્પીયુમ નામના અગાઉ લખાયેલા તામિલ વ્યાકરણ અને સાહિત્યના પુસ્તકમાં જણાવાયુ છે કે 'MavumMakkalum Iyarivinave Makkalthameara rivuyire', એનો અર્થ થાય છે કે માણસ અન્ય જાતિઓ કરતાં ચઢિયાતો છે, કારણ કે તે પોતાની પાસે ૬ ઈન્દ્રીયો ધરાવે છે. આ છઠ્ઠી ઈન્દ્રીય એટલે કે વિચારવાની શક્તિ. આ દ્વારા તે પાપ કર્મો કરવાથી દૂર રહે છે અને શિસ્તબધ્ધ જીવન જીવે છે તથા એના દ્વારા તે આત્માનો ઉધ્ધાર પ્રાપ્ત કરી શકે છે. જે માનવ જન્મનો સાચો અંત છે. વધુમાં તિરૂક્કુરલ નામના નીતિ શાસ્ત્રના ગ્રંથમાં લેખક થિરૂવલ્લુવર જણાવે છે કે 'Suvai

olioroouosainatramendruainthinVahaitherivankatteulagu' એનો અર્થ થાય છે કે જે માણસની પાંચેય ઈન્દ્રિયો સારી રીતે કામ કરતી હોય છે. આ પાંચેય ઈન્દ્રિયોનું નિયંત્રણ કરવા અંગે સિધાર પાથીર ક્રિયા જણાવે છે કે 'Aangaramulladakkiaimpulanaichuttaruthu Thoon gamalthoongisugamperuvathuekkalam' આનો અર્થ થાય છે તે તમારા અહંકારને ઓગાળી દો. તમારી પાંચેય ઈન્દ્રિયોને વશ કરો અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકો ત્યાં સુધી ધ્યાનમાં ડૂબી જાવ.

ઈન્દ્રિયોનો ઉપયોગ મર્યાદિતપણે કરવો જોઈએ. કારણ કે તેનાથી જીવનની ઉર્જા ખર્ચાય છે. આથી ઈન્દ્રિયના ઉપભોગમાં અતિશય રાચવાથી જીવનની ઉર્જા વપરાતી જશે. સિધારમાં ઈન્દ્રિય સુખોને લાંબા સમય માટે સંપૂર્ણપણે પાછાં ખેંચી લઈ જીવનની ઉર્જા સાચવવા માટે તથા લાંબુ જીવન જીવવા માટે તથા પવિત્ર દિવ્ય જ્ઞાન આસાનીથી પ્રાપ્ત કરવા માટે તથા અન્યની સેવા કરવા માટે જણાવવામાં આવ્યું છે.

થિરૂવલ્લુવર વિસ્તાર પૂર્વક જણાવે છે કે ઈન્દ્રિયોને પાછી ખેંચી લેવા અંગે અથવા નિયંત્રિત કરવા માટે આ મુજબ જણાવે છે : જે વ્યક્તિ પાંચ અંગો દ્વારા કામ કરતી ઈન્દ્રિયોને પોતાની વિશ્લેષણ શક્તિ દ્વારા નિયંત્રિત કરી શકે છે તે બીજમાંથી છોડની જેમ દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**ધારનાઈ :** ધારનાઈ શબ્દનો અર્થ મગજ ઉપર સંપૂર્ણપણે નિયંત્રણ મેળવવું તેવો થાય છે. ધારનાઈમાં મગજ ઉપર એક ધ્યાન થવાનું છે અને તે ધારનાઈ (ધ્યાન)ની પૂર્વ શરત છે.

**ધ્યાનમ :** ધ્યાન એ મગજ ઉપર સંપૂર્ણ નિયંત્રણ મેળવવાની કળા છે. ધ્યાનનો અર્થ અવો થાય છે કે તમામ વિચારો ત્યજીને માત્ર એક જ વિચાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવુ. યોગ નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ સુખાસનમાં કે પદ્માસનમાં બેસીને અથવા તો સમતળ જગામાં પાતળુ વસ્ત્ર પાથરીને ધ્યાન ધરી શકાય છે. વ્યક્તિ દિવસમાં ૨૦ થી ૩૦ મિનિટ સવારે અથવા તો સાંજે ધ્યાન ધરી શકે છે અને એ દ્વારા ખાસ કરીને થાક કે માનસિક દબાણને કારણે થતા રોગોને અટકાવી શકાય છે. ધ્યાન આપણને પૂરા દિવસ દરમ્યાન પ્રફુલ્લિત રાખે છે. તેનાથી જેમને ઊંઘની સમસ્યા હોય અથવા ઊંઘ ઉડી જતી હોય તેમને ખાત્રીપૂર્વક સારી ઊંઘ આવે છે. માનસિક તાકાતમાં વધારો થાય છે અને સમસ્યાઓનો બહાદુરીથી સામનો કરી શકાય છે તથા તેને આસાનીથી હલ કરી શકાય છે.

જો કે ધ્યાન ધરવા માટે કોઈ પણ સમય સાનુકૂળ હોય છે, પણ વહેલી સવાર કે સૂર્યાસ્ત થાય તે સમયને ઉત્તમ અને ખૂબ જ લાભદાયી સમય ગણવામાં આવે છે. ચાદર ઉપર ઉત્તર અથવા પૂર્વમાં મોં રાખીને ધ્યાન ધરવું ઉત્તમ ગણાય છે.

**સમાધિ :** સમાધિ એ યોગનું છેલ્લું કદમ છે. સમામ + અથી નો અર્થ એવો થાય છે કે પ્રભુ સમાન અવસ્થા ધારણ કરવી. આપણે જયારે પથી, પસુ, પાસમની વિચારધારાનું વિશ્લેષણ કરીએ છીએ ત્યારે સમાધી એ એક એવી અવસ્થા છે કે જેમાં પશુ, જીવન (વ્યક્તિગત આત્મા) પોતાને દુન્યવી બંધનના પાસમ (પાશ) માંથી મુક્ત કરે છે અને પથી એટલે કે સાર્વત્રિક વૈશ્વિક આત્મા (પરમાત્મા) સાથે જોડાણ કરે છે.

સમાધિને વિચાર મુક્ત સ્વયં ધ્યાન તરીકે પણ ઓળખવામાં આવે છે. અનો આર્થ થાય છે કે આત્મા ઈચ્છાઓથી મુક્ત બને છે, જે શરીરની અંદરની અન્ય ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના અંગો સાથે વસે છે, પરંતુ તેમનાથી અળગો રહે છે. તે પોતાની જાતને અને આસપાસના વાતાવરણને ભૂલવાની સર્વોચ્ચ અવસ્થા છે. તેમાં તમે લાગણીઓ અને ચેતનાથી મુક્ત થઈ જાવ છો જેને સમાધિની અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે.

**રાજયોગમ :** શિધાર દ્વારા રાજયોગ અંગે પણ વાત કરવામાં આવી છે. એનો અર્થ મૂળ આધારમાંથી કુંડલીની શક્તિ (સાપ શક્તિ) જાગૃત કરવી અને એ દ્વારા અનંત આશીર્વાદ મેળવવા તેવો થાય છે.

**સમાપન :** દર વર્ષે ૨૧મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરીને ભારત પોતાના આધ્યાત્મ વિજ્ઞાન 'યોગ' દ્વારા સમગ્ર દુનિયાને પોતાની અંદર અને બહાર શાંતિ અને સંવાદિતા પ્રદાન કરવાનું ગૌરવ અનુભવે છે.

**લેખક સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ રિસર્ચ ઈન સિધ્ધા, (આયુષ મંત્રાલય ભારત સરકારના) ડિરેક્ટર જનરલ છે. તેમણે યોગા અને સિધ્ધાના પાયાના સિધ્ધાંતો અંગે પુસ્તકો લખ્યા છે. તેમણે સંખ્યાબંધ સંશોધન પ્રકાશનોનું લેખન અને સહ-લેખન કર્યું છે અને આવા પુસ્તકોની જર્નલમાં સમીક્ષા કરી છે. યોગની તાલિમ પામેલા તેમણે મધ્યસ્થ જેલમાં જીવન કેદની સજા ભોગવતા લોકો, પાલાયમકોટ્ટી, ચેન્નાઈ સહિત મોટી સંખ્યામાં યોગની અભ્યાસ બેઠકો યોજી છે.**

**E-mail:dr.rsramaswamy@gmail.com**

# પ્રધાનમંત્રી ભારતીય જનૌષધી પરિયોજના (PMBJP)

**બિપ્લબ ચેટર્જી**




*પીએમ બીજેપીને કારણે ગુણવત્તાયુક્ત દવાઓની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને મોટા ભાગની વસતિને અને ખાસ કરીને ગરીબોને નજીકમાં દવાઓ ઉપલબ્ધ બની છે. પીએમ બીજેપી હેઠળ ઉપલબ્ધ દવાઓની કિંમત બ્રાન્ડેડ દવાઓની તુલનામાં ૫૦ થી ૯૦ ટકા જેટલી ઓછી છે, જેનાથી નાગરિકોને અંદાજે રૂ.૪૦૦ કરોડનો ફાયદો થાય છે.*

**પરિચયઃ**

પ્રધાન મંત્રી ભારતીય જનૌષધી પરિયોજના (PMBJP) વિડંબના એ છે કે આઝાદીનાં ૭૦ વર્ષ પછી અંદાજે ૪૦ ટકા જેટલી વસતીને બ્રાન્ડેડ દવાઓ પોસાય છે. ભારતમાં બ્રાન્ડેડ દવાઓનું બજાર એક લાખ ૨૦ હજાર કરોડનું છે. તો પણ, વસ્તીના ૧૦માંથી ૬ લોકોને બ્રાન્ડેડ દવાઓ ઉપલબ્ધ નથી. આમ છતાં તસવીરની ઉજળી બાજુ એ છે કે ભારતની ગણના વિશ્વસ્તરની જેનરિક દવાએ અંદાજે ૨૦૦ દેશોમાં નિકાસ કરી રહ્યો છે. વિશ્વમાં ઉપયોગમાં લેવાતી ૬ દવાઓમાંથી ૧ ભારતથી આવતી હોય છે. વિરોધાભાસ તો જુઓ, એક તરફ ભારતની ૧૦માંથી ૬ વ્યક્તિઓને દવાઓ ઉપલબ્ધ નથી તો બીજી તરફ દુનિયામાં વપરાશમાં સેવાતી ૬ દવાઓમાંથી એક ભારતની હોય છે, ભારતનો સમાવેશ દુનિયામાં ગુણવત્તા ધરાવતી જેનરિક દવાઓનુ ઉત્પાદન કરતા અને અન્ય દેશોમાં નિકાસ કરતા પ્રથમ ૪ દેશમાં થાય છે. પ્રધાનમંત્રી ભારતીય જનૌષધી પરિયોજના (PMBJP) યોજનાનો એ એક એવી યોજના છે કે જેનો ઉદ્દેશ આ ઉણપ પૂરીને વિરોધાભાસ નિવારવાનો છે. તે જાતિ, વર્ગ, આર્થિક બાબતને ધ્યાનમાં લીધા વગર ભારતના દરેક નાગરિકને ગુણવત્તા ધરાવતી દવાઓ પોસાય તેવા ભાવે પૂરી પાડવા સમર્પિત છે. યોજનાનો ઈરાદો વહેલામાં વહેલી તકે અને જેટલી જલ્દી થઈ શકે તે રીતે દેશના લોકોને આરોગ્ય સુરક્ષા પૂરી પાડવાનો છે.

ગુણવત્તા ધરાવતી જેનરિક દવાએ પોસાય તેવી કીમતે ઉપલબ્ધ કરવાનો આ ઉદ્દેશ હાંસલ કરવા માટે ભારત સરકારના કેમિકલ અને ફર્ટીલાઈઝર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ વિભાગે નવેમ્બર ૨૦૧૮માં દેશભરમાં 'જનૌષધી યોજના' શરૂ કરી છે. આ યોજનાનો અમલ ફાર્મા ક્ષેત્રનાં જાહેર સાહસોના બ્યૂરો (BPPI), ગુરગાંવ, હરિયાણા દ્વારા કરવામાં આવે છે, જે ભારત સરકારના કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળ કામ કરે છે. આમ છતાં. વર્ષ ૨૦૧૫ સુધીમાં ૯૯ PMBJP કેન્દ્રો જ કાર્યરત હતાં. સપ્ટેમ્બર ૨૦૧૭માં 'જનૌષધી યોજના'માં સુધારણા કરીને તેનો 'પ્રધાનમંત્રી ભારતીય જનૌષધી યોજના' તરીકે અમલ કરવામાં આવ્યો છે. યોજનાને વેગ આપવા માટે અને તેનો વિસ્તાર વધે તે માટે આ યોજનાને ડીસેમ્બર ૨૦૧૬માં 'પ્રધાનમંત્રી ભારતીય જનૌષધી યોજના' નામ આપવામાં આવ્યું છે. એ પછી રાષ્ટ્રીય અને પ્રાદેશિક અખબારોમાં તેના માટે પ્રચાર ઝુંબેશ ચલાવવામાં આવી હતી અને વ્યક્તિઓને તેમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું

હતું.

**આ પરિયોજનાનાં વિવિધ પાસા:**

- ખાસ કરીને ગરીબો અને વંચિત સમુદાય ઉપરાંત વસતિના તમામ વર્ગોને ગુણવત્તાયુક્ત દવા મળી રહે તેની ખાત્રી રાખવી.
- ક્વોલિટી જેનરિક દવાઓનો વ્યાપ વિસ્તારવો કે જેથી વ્યક્તિ દીઠ સારવાર ખર્ચમાં ઘટાડો થાય અને સ્થિતિ બદલાય. WHO-GMP & CPSUs ઉત્પાદકો મારફતે ગુણવત્તાયુક્ત દવાઓ મેળવવી અને એનએબીએલ લેબ દ્વારા મંજૂરી મળે તે પછી જ દરેક બેચને વેચાણ માટે મૂકવી.
- જેનરિક દવાઓ અંગે શિક્ષણ અને પ્રચાર દ્વારા જાગૃતિ ઉભી કરવી કે જેથી એવી છાપ ઉભી થાય કે ગુણવત્તા એ ઉંચી કિંમતનો પર્યાય નથી.
- સરકાર, જાહેરક્ષેત્રના એકમો, ખાનગી ક્ષેત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સોસાયટીઓ, સહકારી સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓ સાથે મળીને એક જાહેર કાર્યક્રમ ઘડી કાઢવો.
- આરોગ્યની બહેતર સંભાળ માટે જ્યાં પણ તમામ થેરાપેટિક કેટેગરીમાં જરૂરિયાત હોય ત્યાં જેનરિક દવાઓની માંગ ઉભી કરવી અને આસાનીથી ઉપલબ્ધ બનાવવી.
- વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો જનૌષધિ કેન્દ્રોની સ્થાપના કરવામાં સંકળાય તે રીતે રોજગાર નિર્માણ કરવું.

**એજન્સીઓ/ ઉદ્યોગસાહસિકો/ વ્યક્તિઓ વગેરે દ્વારા આવા એકમો ચલાવવાના લાભ:**

- જ્યાં રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે જગા પૂરી પાડવામાં આવે ત્યાં રૂ.૨.૫ લાખની નાણાંકીય સહાય આપવી.
- રેલવે/ રાજ્ય પરિવહન વિભાગ/ શહેરી સ્વરાજયની સંસ્થાઓ/ સ્થાનિક સંસ્થાઓ/ પંચાયતી રાજ સંસ્થાઓ/ પોસ્ટ ઓફિસો/ સંરક્ષણ / જાહેર ક્ષેત્રનાં એકમો વગેરે સરકારી સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે જગા પૂરી પાડવામાં આવે ત્યાં રૂ.૨.૫ લાખની નાણાંકીય સહાય આપવી.
- કોઈપણ વ્યક્તિગત ઉદ્યોગસાહસિક દ્વારા પીએમબીજેકે ખોલવમાં આવે તો રૂ.૨.૫ લાખની સહાય પૂરી પાડવી.
- એકમ શરૂ કરનાર અનુસૂચિત / અનુસૂચિત જન જાતિ અને દિવ્યાંગ વ્યક્તિઓને શરૂઆતમાં રૂ.૫૦ હજારની કિંમતની દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવી.

**વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન હાંસલ થયેલી પ્રગતિ (તા.૩૧-૦૩-૨૦૧૮ની સ્થિતિએ)**

- પીએમબીજેકે દ્વારા ૭૦૦ થી વધુ દવાઓ અને ૧૫૪ સર્જીકલ અને કન્ઝ્યુમેબલનું બાસ્કેટ ઉપલબ્ધ છે. ટૂંક સમયમાં આ બાસ્કેટ વિસ્તૃત કરીને ૧૦૦૦ દવાઓનું કરવામાં આવશે.
- સેન્ટ્રલ વેરહાઉસમાં આ દવાઓનો પૂરતો સ્ટોક કરવામાં આવેલ છે. તમામ પ્રોડક્ટસ વિતરકો અને કેન્દ્રોને પહોંચે તે માટેના પ્રયાસો ચાલુ છે.
- વિવિધ રાજ્યોમાં C&F એજન્ટોની નિમણુંક કરવામાં આવી છે અને બહેતર સપ્લાય ચેઈન મેનેજમેન્ટ માટે ઘણી બધી નિમણુંકો પાઈપલાઈનમાં છે.
- દવાઓની બહેતર ઉપલબ્ધિ માટે વિવિધ રાજ્યોમાં ૫૪ વિતરકોની નિમણુંક કરવામાં આવી છે.
- બહેતર સપ્લાય મળી રહે તે માટે એન્ડ ટુ એન્ડ સપ્લાય સિસ્ટમનો અમલ કરવામાં આવ્યો છે.
- ઘણાંરાજ્યોએપીએમબીજેપીનાઅમલીકરણ માટે સમજૂતિના કરાર કર્યાં છે.

**ઉપલબ્ધિ:**

હાલમાં કાર્યરત પ્રધાનમંત્રી ભારતીય જનૌષધિ કેન્દ્રોની સંખ્યા ૩૫૦૦ થી વધારે છે. (આ કેન્દ્રો ૩૩ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલા છે)

દરેક કેન્દ્ર દીઠ દૈનિક સરેરાશ વેચાણ રૂ.૩૩૦૦ નું થાય છે, જે બ્રાન્ડેડ પ્રોડક્ટસના રૂ.૧૫૦૦૦ ના વેચાણ જેટલું થાય છે.

બીપીપીઆઈ દેશભરમાં દૈનિક ૪ થી ૫ કેન્દ્રો શરૂ કરી રહી છે.

પીએમ બીજેપી કેન્દ્રો હવે દેશના ૩૩ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આવેલા છે.

દેશના કુલ ૭૧૮ જીલ્લાઓમાંથી પીએમ બીજેપી કેન્દ્રો ખોલીને આપણે ૫૮૪ જીલ્લાઓને આવરી લીધા છે.

**એપ્રિલ ૨૦૧૭ પછી થયેલી પ્રગતિ નીચે મુજબ છે:**

પીએમ બીજેપીને કારણે ગુણવત્તાયુક્ત દવાઓની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને મોટા ભાગની વસતિને અને ખાસ કરીને ગરીબોને નજીકમાં દવાઓ ઉપલબ્ધ બની છે. પીએમ બીજેપી હેઠળ ઉપલબ્ધ દવાઓની કિંમત બ્રાન્ડેડ દવાઓની તુલનામાં ૫૦ થી ૯૦ ટકા જેટલી ઓછી છે, જેનાથી નાગરિકોને અંદાજે રૂ.૪૦૦ કરોડનો ફાયદો થાય છે, જે નીચેના કોઠા પરથી ફલિત થાય છે.

| ક્રમ | દવાનું નામ | થેરાપેટિક ગ્રુપ | સરેરાશ બજાર કિંમત (રૂ.માં) | પીએમ બીજેપીની કિંમત (રૂ.માં) | બચત (ટકામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | એમ્લોડીપાઈન ૫ mg ૧૦ ટેબ્લેટસ | કાર્ડિયોવાસ્ક્યુલર | ૨૦ | ૩.૨૪ | ૮૩.૮૦ |
| ૨ | રેમીપ્રીલ ૫ mg ૧૦ ટેબ્લેટસ | કાર્ડિયોવાસ્ક્યુલર | ૮૦ | ૮.૫૩ | ૮૯.૩૩ |
| ૩ | પેસીલીટેક્સ ઈન્જેક્શન ૧૦૦ mg | એન્ટી-કેન્સર | ૩૪૫૮ | ૫૪૦ | ૮૪.૩૮ |
| ૪ | પેન્ટોપ્રેઝોલ ૪૦ mg + ડોમ્પેરીડોન ૩૦ mg કેપ્સ્યુલ્સ | ગેસ્ટ્રો- ઈન્ટેસ્ટ્રીનલ ટ્રેક એજન્ટસ (પેટના રોગની દવાઓ) | ૧૦૩.૩૦ | ૧૮.૪૮ | ૮૨.૧૧ |
| ૫ | ગ્લીમેપીરાઈજ ૨ mg ટેબ્લેટ્સ | એન્ટી-ડાયાબિટીક એજન્ટસ | ૫૨.૯૦ | ૩.૫૪ | ૯૩.૨૦ |
| ૬ | ટ્રેમેડોલ ૫૦ mg ટેબ્લેટ્સ | એનાલ્જેસીક/એન્ટી-ઈન્ફ્લેમેટરી દવા | ૨૯.૭૭ | ૨.૫૨ | ૯૧.૫૩ |

**યુપીએ અને એનડીએ સરકારમાં થયેલી પ્રગતિની તુલના**

| માપદંડ | અગાઉ | હવે |
|---|---|---|
| યોજનાનો વ્યાપ- હાજરી | ૧૬ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો | ૩૩ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશો |
| પ્રોડક્ટ બાસ્કેટસ | ૩૬૧ દવાઓ | ૭૦૦ દવાઓ અને ૧૫૪ સર્જીકલ અને કન્ઝ્યુમેબલ |
| ઉપલબ્ધ દવાઓ | ૯૦-૧૦૦ | ૬૦૦ થી વધુ દવાઓ અને ૧૦૦ સર્જીકલ |
| થેરાપેટિક ગ્રુપનો વ્યાપ | પ્રોડક્ટ બાસ્કેટસ અપૂરતી હતી | પ્રોડક્ટ બાસ્કેટમાં તમામ મુખ્ય ૨૩ થેરાપેટિક કેટેગરીઝને આવરી લેવાઈ છે, જેમાં એન્ટિ- ઈન્ફેક્ટીવ, એન્ટિ- ડાયાબિટીક, કાર્ડિયોવાસ્ક્યુલર, એન્ટિ- કેન્સર, ગેસ્ટ્રો- ઈન્ટેસ્ટીનલ મેડિસીન વગેરે |
| સપ્લાયર | ૧૩૮ દવાઓ માટે જાહેર ક્ષેત્રનાં એકમો | જાહેર ક્ષેત્રનાં એકમો + ૧૨૫ ખાનગી WHO-GMP સપ્લાયરો |
| સપ્લાય ચેઈન મેનેજમેન્ટ | અસ્તિત્વમાં ન હતું | સેન્ટ્રલ વેરહાઉસ, ૮ C&F એજન્ટસ અને ૫૪ ડીસ્ટ્રીબ્યુટરોના સપ્લાય ચેઈન મેનેજમેન્ટને આઈટી એનેબલ્ડ બનાવવામાં આવ્યું છે. એન્ડ ટુ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટનો અમલ કરાયો છે. |

# અગત્યની સૂચના

**યોજનાના લેખકો / વાચકો નોંધ લે.**

**યોજના ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દી તેમજ કુરુક્ષેત્ર અંગ્રેજી, હિન્દીનું લવાજમ હવે ઑનલાઈન ભરી શકાશે.**

**આ માટેની વિગતો નીચેની વેબસાઈટ પરથી મળી રહેશે.**

**www.yojana.gov.in**

લેખક બીપીપીઆઈ (પ્રધાનમંત્રી ભારતીય જનૌષધિ પરિયોજના) ના ભૂતપૂર્વ સીઈઓ છે. તે ૪૧ થી વધુ વર્ષનો ઉદ્યોગનો અનુભવ ધરાવે છે. તેમની કારકીર્દિના વ્યાપમાં તેમણે સેલ્ફ મેનેજમેન્ટ, માર્કેટિંગ મેનેજમેન્ટ તથા કોમર્શિયલ અને વ્યૂહાત્મક કામગીરીઓમાં બિઝનેસ સપોર્ટની જવાબદારી સંભાળી છે. તે કોમર્શિયલ પ્રોસેસ ડેવલપમેન્ટ અને ઓર્ગેનાઝેશનલ ડેવલપમેન્ટનો દીર્ઘ અનુભવ ધરાવે છે અને તેમની કારકિર્દી દરમ્યાન તેમણે લીડ મેનેજર્સનું મેન્ટરિંગ કર્યું છે.

# નવા યુગની કુશળતા - યુવાનો માટે તકોનું સર્જન (૧૯૧૫)

**ડૉ. જતિન્દર સિંઘ**



*વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો વચ્ચે સંકલનકારી પ્રયાસ થાય અને અને ઔદ્યોગિક સંસ્થાઓ ભવિષ્યની નોકરીઓ માટે યુવાનોને તાલિમ આપે તે ખૂબ જ જરૂરી છે. ગીગ અર્થતંત્ર તરીકે પણ ઓળખાતા આ નવા ભવિષ્યમાં ઓનલાઈન ડેવલપર્સ, કોડર્સ, મલ્ટીમીડિયા પ્રોફેશનલ્સ, ઓનલાઈન વેચાણ અને માર્કેટિંગ પ્રોફેશનલ્સ, સિસ્ટમ્સ થિંકિંગ અને મલ્ટીલિંગ્યુઅલ અને મલ્ટિ-મોડેલ ક્ષમતાઓ જેવી નવી રોજગારીની તકો ઊભરી આવશે.*

**પ્રસ્તાવના**

ડિજિટાઈઝેશન અને ડેટા વિશ્લેષણમાં ટેક્નોલોજિકલ આગેકૂચ માનવ વિકાસનું પુનઃ નિર્માણ કરે છે, બિઝનેસ પરફોર્મન્સનું સુપરચાર્જિંગ કરે છે અને યુવાનો માટે રોજગારી અને ઉદ્યોગસાહસિક્તાની નવી તકો સર્જી રહી છે. નવી નોકરીઓ અને કામોમાં યુવાનોને કુશળ બનાવવા એ દેશમાં યુવાનોની પૂર્ણ ક્ષમતાના ઉપયોગ માટેની ઊભરતી વ્યૂહરચના છે. ત્યારે યુવાનોને કુશળ બનાવવાની ગતિ અને માપદંડો ખૂબ જ મહત્વના છે. આપણો દેશ આપણી યુવાન વસતીની ડેમોગ્રાફિક પ્રોફાઈલમાં મહત્વપૂર્ણ વૈવિધ્યતા ધરાવે છે. દક્ષિણના રાજ્યોમાં યુવાનોની સરેરાશ વય ૨૯-૩૧ વર્ષ છે. બીજીબાજુ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહાર જેવા રાજ્યોમાં યુવાનોની સરેરાશ વય ૨૦-૨૨ વર્ષ છે અને આ વયની વસ્તી વધી રહી છે. આમ, કુશળ યુવાનો મેળવવા માટે અલગ અભિગમ અપનાવવાની જરૂર છે.

**ઓપીઈસીડી આર્થિક સરવે :** ઈન્ડિયા ૨૦૧૭, મુજબ ૧૫થી ૨૯ વર્ષની વય જૂથના ૩૦ ટકાથી વધુ ભારતીય યુવાનો પાસે રોજગારી, શિક્ષણ અથવા તાલિમ (એનીઈઈટી) નથી. જોકે, આ સંખ્યા ઓઈસીડીની સરેરાશ કરતાં બમણાથી વધુ છે. વર્તમાન સરકાર એનઈઈટી યુવાનોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે અસાધારણ પ્રયાસો કરી રહી છે. નેશનલ પોલિસી ફોર સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપમાં ટેક્નોલોજીનો લાભ મેળવતા યુવાનોની મહેચ્છાઓ પૂરી કરવાની, સંકલનતાનો ઉકેલ લાવવાની વ્યાપક સંભાવનાઓ છે. વર્તમાન શ્રમ કાયદાઓ સાથે સુસંગતતા માટે વહીવટી જરૂરિયાતો ઘટાડવા જેવા પગલાં આવકારદાયક છે. નેશનલ એપ્રેન્ટાઈસશિપ પ્રમોશન સ્કીમ (એનએપીએસ) જેવી યોજનાઓ, કાયદાકીય લઘુત્તમ પગાર, કોન્ટ્રાક્ટ રોજગાર અને ઉદ્યોગસાહસિકોને વિવિધ નાણાકીય પહેલો કેટલીક આવકારદાયક વ્યૂહાત્મક પહેલો છે.

**ડેમોગ્રાફિક ડિવિડન્ડના લાભ મેળવવા**

દેશમાં વધુ ને વધુ યુવાનો મુખ્ય પ્રવાહના શિક્ષણ અને કુશળતા સાથે જોડાઈ રહ્યા છે ત્યારે એવો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે કે ભારતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં કુશળ કામદારોનો ભરાવો થઈ જશે. તેનું મુખ્ય કારણ એ માનવામાં આવે છે કે આ સમય સુધીમાં શિક્ષણ અને કુશળતા વિકસાવવાના કાર્યક્રમોને પ્રોત્સાહન આપવાની સરકારની યોજનાઓ અને કાર્યક્રમો અને યુવાનોનો વ્યાપક પુરવઠો થઈ ગયો હશે. દેશમાં કુશળ માનવબળની

ઉદ્યોગોની માગ પૂરી કરવામાં ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ (આઈટીઆઈસ) મહત્વની ભૂમિકા ભજવી રહી છે. સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ મંત્રાલયે જાહેરાત કરી છે કે વર્ષ ૨૦૧૮ના અંત સુધીમાં દેશના પ્રત્યેક બ્લોકમાં ઉદ્યોગોને સુસંગત કુશળતા સાથે એક આઈટીઆઈ શરૂ કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો હવે યુવાનોને કુશળ બનાવવા માટે તેમની તાકતનો ઉપયોગ કરતા એક પછી એક આયોજનો કરી રહ્યા છે અને તેના જ પરિણામે દેશના છેક અંતરિયાળ ખૂણાના યુવાનો પણ આ તકનો લાભ મેળવવા સક્ષમ બન્યા છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (પીએમકેવીવાય), પ્રધાનમંત્રી કૌશલ કેન્દ્ર (પીએમકેકે), રેકગ્નિશન ઓફ પ્રાયર લર્નિંગ (આરપીએલ) અને નેશનલ એપ્રેન્ટાઈસશિપ પ્રમોશન સ્કીમ (એનએપીએસ) જેવી યોજનાઓની પૂર્ણ સંભાવનાઓનો ખ્યાલ માત્ર તેની સાથે કામ કરીને જ આવી શકે તેમ છે. પાછળથી પાવર અને સ્કિલ ડેવલપમેન્ટ મંત્રાલયોએ પણ સૌભાગ્ય યોજનાના અમલને ઝડપી બનાવવા માટે કુશળતા વિકાસ કાર્યક્રમ શરૂ કરવા હાથ મિલાવ્યા છે. આ યોજના સરકારની મુખ્ય યુનિવર્સલ ઘરેલુ વીજળી કાર્યક્રમના ભાગરૂપ છે. આ એક એવો વ્યૂહાત્મક પ્રવાહ છે, જ્યાં કેન્દ્ર, રાજ્યો, ગ્રામીણ વીજ નિગમ અને રાષ્ટ્રીય કુશળતા વિકાસ નિગમે ગ્રામીણ વીજળીકરણને પલટાવવા માટે હાથ મિલાવ્યા છે.

**ભારત સરકારના સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ મંત્રાલયની કેટલીક ખ્યાતનામ યોજનાઓ નીચે મુજબ છે:**

- પ્રધાન મંત્રી કૌશલ વિકાસ યોજના (એમપકેવીવાય) – ઉદ્યોગને સુસંગત તાલિમ મારફત યુવાનોને વૈશ્વિક બજાર માટે તૈયાર કરવા માટે ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલી પહેલ.
- દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (ડીએવાય-એનયુએલએમ) – કુશળતા મારફત સક્ષમ આજીવિકા અને પગારદાર કર્મચારીઓ અથવા સ્વ-રોજગાર માટે તકો ઊભી કરીને શહેરી ગરીબોનું જીવનધોરણ ઊંચું લાવવું.
- ઈડરેક્ટર જનરલ ઓફ ટ્રેઈનિંગ – મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કિલ્સ (ડીજીટી-એમઈએસ) – વોકેશનલ તાલિમ અને એપ્રેન્ટાઈસશિપ કાર્યક્રમ મારફત અર્થપૂર્ણ રોજગારીમાં સુધારા માટે સ્કૂલ છોડી દીધી હોય તેવા લોકો માટે અને અસંગઠિત ક્ષેત્રના વર્તમાન કામદારો માટેની યોજના.
- દીન દયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના (ડીડીયુ-જીકેવાય) – ગ્રામીણ યુવાનો માટે પ્લેસમેન્ટ સાથે સંકળાયેલ કુશળતા વિકાસ કાર્યક્રમ
- રાષ્ટ્રીય કુશળતા વિકાસ નિગમ (એનએસડીસી) – સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ મંત્રાલય હેઠળ પીપીપી મોડેલ, જેનો આશય મોટી સંખ્યા અને ગુણવત્તાલક્ષી તાલિમ સંસ્થાઓ ઊભી કરીને કુશળતા વિકાસને પ્રોત્સાહન આપવાનો છે અને કુશળતાની તાલિમ પૂરી પાડતી સંસ્થાઓને ભંડોળ પૂરું પાડીને કુશળતામાં મહત્વની ભૂમિકા ભજવવાનો છે. એનએસડીસીની ઉદ્યોગના નેતૃત્વમાં સેક્ટર સ્કિલ પરીષદો (એસએસસી) વ્યાવસાયિક ધોરણો તૈયાર કરશે, સ્પર્ધાત્મક માળખું વિકસાવશે, સ્કિલ ગેપ સ્ટડીઝ હાથ ધરશે, તેનું મૂલ્યાંકન કરશે અને તેમના દ્વારા વિકસાવાયેલ નેશનલ ઓક્યુપેશનલ સ્ટાન્ડર્ડ્ર્સ (એનઓએસ)ને સુસંગત અભ્યાસક્રમ પર તાલિમાર્થીઓને પ્રમાણિત કરશે.
- નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ એજન્સી (એનએસડીએ) – સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા વર્ષ ૨૦૨૨ સુધીના કુશળતાના લક્ષ્યાંકોને હાંસલ કરવા માટે સરકારી અને ખાનગી ક્ષેત્રના સ્કિલ ડેવલપમેન્ટના પ્રયાસોમાં સહાયકની ભૂમિકા ભજવશે. તે એનએસડીસી, સેક્ટર સ્કિલ કાઉન્સિલ્સ અને સ્ટેટ સ્કિલ ડેવલપમેન્ટ મિશન્સ જેવી સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કામ કરશે.
- આજીવિકા – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) - ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયની આજીવિકાનો આશય ગ્રામીણ વિસ્તારના યુવાનોને તેમની કુશળતા અપગ્રેડ કરવાની તક પૂરી પાડીને તેમને રોજગારીની સહાય પૂરી પાડવાનો છે.
- અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ) – વૈચારિક સર્જન અને ઈન્ક્યુબેટર તથા માર્ગદર્શક સહાય માટે એક મંચ પૂરું પાડીને નવીનતા અને આંત્રપ્રિન્યોરશિપની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની આ પહેલ છે.
- સ્ટાર્ટઅપ ઈન્ડિયા - ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન

આપતી યોજના. આ પહેલનો એક્શન પ્લાન સરલીકરણ અને સ્ટાર્ટઅપના સંચાલન, નાણાકીય સહાય અને પ્રોત્સાહનો, ઉદ્યોગ – શૈક્ષણિક ભાગીદારી અને ઈન્ક્યુબેશન સહાય પર આધારિત છે.

**ઈન્ડસ્ટ્રી ૪.૦ના ક્ષેત્રમાં નવા યુગની કુશળતા :** ઈન્ડસ્ટ્રી ૪.૦ વધતા ડિજિટાઈઝેશન, કનેક્ટેડ મશિન્સ, વિકસતી ટેક્નોલોજીના એકત્રીકરણ, બિઝનેસ વિશ્લેષણ અને સાઈબર-ફિઝિકલ સિસ્ટમ્સની લાક્ષણિક્તા દર્શાવે છે. આ 'સ્માર્ટ ફેક્ટરી'નો કન્સેપ્ટ છે, જ્યાં મશીન્સ સેન્સર્સ મારફત એકબીજા સાથે વાત કરે છે, જે ઉત્પાદક્તામાં વૃદ્ધિ અને સંસાધન ઓપ્ટીમાઈઝેશન તરફ દોરી જાય છે. આ શાસનમાં ઓછી કુશળતાવાળી નોકરીઓનો અંત આવી જશે, પરંતુ જે નવી નોકરીઓની ક્ષમતા ઊભી કરવામાં આવશે, તેમાં ઉચ્ચ સ્તરની કુશળતાની જરૂર પડશે. ભારતમાં ખૂબ જ ઝડપથી વિકસી રહેલી ચોથી ઔદ્યોગિક ક્રાંતિ સાથે ઈન્ટરનેટ ઓફ થિંગ્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વર્ચ્યુઅલ રિયાલિટી, ઓગ્મેન્ટેડ રિયાલિટી, રોબોટિક્સ, બિગ ડેટા એનાલિટિક્સ અને ૩ડી પ્રિન્ટિંગ જેવા ક્ષેત્રોમાં કુશળતા વિકાસ કરી રહી છે અને તેની ખૂબ જ માગ રહેશે. આગામી સમયમાં સમગ્ર વિશ્વમાં નોલેજ આધારિત અર્થતંત્રનો ટ્રેન્ડ વિકસશે. ભાવી રોજગારીના બજારની ભાવી કુશળતાની જરૂરિયાત સાથે તાલ મિલાવવા માટે કોઈ 'કામ' અને એક 'નોકરી' વચ્ચેનું પાયાનું અંતર સમજવાની જરૂર છે. ભવિષ્યની નોકરીઓ 'ટાસ્ક આધારિત' હશે. આ ટાસ્ક ક્રિટિકલ થિન્કિંગ, ડિઝાઈન થિંકિંગ, સમસ્યા નિવારણ, ટીમ વર્ક અને કોગ્નિટિવ લર્નિંગ અંગે નવી કુશળતા મેળવવા પર કેન્દ્રીત હશે. બદલાયેલા કામ / નોકરીની ભૂમિકા સાથે વર્તમાન કર્મચારીઓને સજ્જ કરવા માટે તેમના રી-સ્કિલિંગ અથવા અપ-સ્કિલિંગ મોડેલ્સની જરૂર પડશે. નવી નોકરીઓની ભૂમિકા અને ઉદ્યોગના ક્ષેત્રો પણ ઊભા કરવામાં આવશે. પરીણામે દેશમાં લાખો નોકરીઓનું સર્જન થઈ શકશે. જોકે, આ માટે વિવિધ મંત્રાલયો, રાજ્ય સરકારો વચ્ચે સંકલનકારી પ્રયાસ થાય અને અને ઔદ્યોગિક સંસ્થાઓ ભવિષ્યની નોકરીઓ માટે યુવાનોને તાલિમ આપે તે ખૂબ જ જરૂરી છે. ગીગ અર્થતંત્ર તરીકે પણ ઓળખાતા આ નવા ભવિષ્યમાં ઓનલાઈન ડેવલપર્સ, કોડર્સ, મલ્ટીમીડિયા પ્રોફેશનલ્સ, ઓનલાઈન વેચાણ અને માર્કેટિંગ પ્રોફેશનલ્સ, સિસ્ટમ્સ થિંકિંગ અને મલ્ટીલિંગ્યુઅલ અને મલ્ટિ-મોડેલ ક્ષમતાઓ જેવી નવી રોજગારીની તકો ઊભરી આવશે. ભારતમાં તેના આઈટીસાવી યુવાનોના પૂલ મારફત ઈન્ડસ્ટ્રી ૪.૦ના વિવિધ તબક્કામાં હનૂમાન કૂદકો મારવાની ક્ષમતા છે. નવા ભવિષ્યમાં એવી પણ આશંકાઓ ફેલાઈ છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ અનેક નોકરીઓ ખતમ કરી નાખશે, પરંતુ ઐતિહાસિક રીતે એ નોંધવામાં આવ્યું છે કે ટેક્નોલોજીનું પ્રત્યેક મોજુ નવી રોજગારીઓનું સર્જન કરે છે.

'મેક ઈન ઈન્ડિયા', 'સ્કિલ ઈન્ડિયા', 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા', 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' અને 'ડિજિટલ ઈન્ડિયા' જેવી પહેલો સાથે ઈન્ડસ્ટ્રી ૪.૦નું એકીકરણ એવી મિકેનિઝમ છે, જે રોજગારીની નવી તકોનું સર્જન કરશે. મેક ઈન ઈન્ડિયાનો આશય આપણા રાષ્ટ્રને વૈશ્વિક ઉત્પાદન હબમાં પરીવર્તિત કરવાનો છે. આ પહેલમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૦ કરોડ નવી રોજગારીનું સર્જન કરવાની ક્ષમતા છે. કેન્દ્રીય બજેટમાં પણ મોબાઈલ ફોન્સ, ઓટોમોબાઈલ્સ વગેરે પર આયાત જકાત વધારીને તેને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. પરીણામે વિદેશી કંપનીઓ ભારતમાં ઉત્પાદન એકમ શરૂ કરશે, આમ, ભારતીય યુવાનો માટે રોજગારીની તકોમાં વધારો થશે. આઈટી સેક્ટર સંરક્ષણવાદ, ઓટોમેશન અને વૈશ્વિક પડકારોને પગલે ભંગાણના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. આપણા ટેક્નોસાવી યુવાનો માટે આ એક મોટી તક છે.

બિગ ડેટા, મશિન લર્નિંગ અને ક્લાઉડ કમ્પ્યુટિંગ જેવા ઓનલાઈન કોર્સીસમાં પ્રવેશનું પ્રમાણ વધી રહ્યું છે. અનેક કંપનીઓએ તેઓ જે સમસ્યાઓનો સામનો કરી રહી છે તેનો નવીન ઉકેલ મેળવવા માટે ઊભરતી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે એસેલરેટર કાર્યક્રમ શરૂ કર્યો છે. ભારત સરકાર પણ આ પ્રયાસને સહાય કરી રહી છે અને ડિજિટલ ઈન્ડિયાનું બજેટ વર્ષ ૨૦૧૮-૧૯માં બમણુ કરીને રૂ. ૩,૦૭૩ કરોડ કર્યું છે તેમજ સરકારે રોબોટીક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિજિટલ મેન્યુફેક્ચરિંગ, બિગ ડેટા એનાલિસીસ અને આઈઓટીમાં સંશોધન, તાલિમ અને કુશળતા માટે સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવાની પણ યોજના ઘડી કાઢી છે. સ્ટાર્ટ અપ ઈન્ડિયા કાર્યક્રમ જાન્યુઆરી ૨૦૧૫માં વ્યાપક સ્તર પર રોજગારી ઊભી કરવા અને ઉદ્યોગસાહસિક અને નવીનતાના પોષણ માટે વાયબ્રન્ટ ઈકોસિસ્ટમ ઊભી કરવા માટે લોન્ચ થયો હતો. લાયક સ્ટાર્ટઅપને સતત સાત એસેસમેન્ટ વર્ષમાંથી ત્રણ માટે આવકમાં વૃદ્ધિમાંથી અને ૧૦૦ ટકા નફામાંથી કપાત તેમજ મળેલા શેર પ્રીમિયમ પર આવકવેરાની વસૂલાતમાંથી મુક્તિ આપી છે. ભારત સરકારે ઊભરતી ટેક્નોલોજીસ કંપનીઓ માટે એક નવી રૂપરેખા તૈયાર કરવાના આશયથી ટેલિકોમ પોલિસી નેશનલ ડિજિટલ

કમ્યુનિકેશન્સ પોલિસી ૨૦૧૮ માટે એક નવો મુસદ્દો તૈયાર કર્યો છે. તેણે ૧૦૦ અબજ ડોલરનું રોકાણ આકર્ષવા અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૪૦ લાખ નોકરીઓ ઊભી કરવા યોજના ઘડી કાઢી છે. પોલિસીનો આશય ડિજિટલ કોમ્યુનિકેશન સેક્ટરમાં નવિનતા આધારિત સ્ટાર્ટઅપ્સ ઊભી કરીને ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ભારતનું યોગદાન વધારવાનો છે. આ પોલિસી હેઠળ નવા યુગની કુશળતા ઊભી કરવા માટે ૧૦ લાખને તાલિમ અપાશે, આઈઓટી ઈકોસિસ્ટમનું ૫ અબજ કનેક્ટેડ ડિવાઈસીસ સુધી વિસ્તરણ કરાશે અને ઈન્ડસ્ટ્રી ૪.૦ના રૂપાંતરણની ગતિ વધારવામાં આવશે.

ભવિષ્યમાં ડિજિટલ એસેટ્સ અને કાર્યબળની ક્ષમતાને સંસ્થાઓ માટે 'નવી બેલેન્સશીટ' તરીકે ગણાશે. આ અસ્કયામતોને નવીનતા અને વિક્ષેપ માટે સ્પર્ધાત્મક્તા તરીકે વ્યાખ્યાઈત ગણાશે. એપ્રેન્ટાઈસશિપને પ્રોત્સાહન આપતાં આ બેલેન્સશીટને મહત્વપૂર્ણ એસેટ ગણાશે. નેશનલ એપ્રેન્ટાઈસશિપ પ્રમોશન કાર્યક્રમ (એનએપીએસ) આ દિશામાં એક વ્યૂહાત્મક કાર્યક્રમ છે.

**નવીન વાતાવરણને પ્રોત્સાહન આપવું અને પોષવું**

દેશમાં શિક્ષણ-ઉદ્યોગ-સરકાર વચ્ચેના વ્યૂહાત્મક જોડાણથી સંસ્થાઓમાં નવિનતા અને સંશોધન અને વિકાસ (આરએન્ડડી)ને પ્રોત્સાહન આપી શકાશે. દેશમાં યુવાન મૂડી સંચાલન માટે શિક્ષણ અને રોજગારલક્ષી કુશળતા પૂરી પાડવી પણ જરૂરી છે. ઉદ્યોગોએ તેમના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) બજેટ મારફત તકો પૂરી પાડીને આ ક્ષેત્રમાં વિકાસ માટે નોંધપાત્ર ભૂમિકા ભજવવાની છે. દેશમાં અર્ધ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વસતા યુવાનોમાં અસાધારણ ક્ષમતા અને ઉદ્યોગસાહસિક કુશળતા રહેલી છે. તમને કોઈ ઈકોસિસ્ટમમાં ખુલ્લા મૂકવામાં આવે જ્યાં તેમની નવિન વિચારસરણીને પોષણ મળી શકે તો તેઓ એક નવું નાજૂક અને સ્કેલેબલ નવીન મોડેલ્સ વિકસાવવા માટે સક્ષમ છે. બીજ ભંડોળ, માર્ગદર્શન, નેટવર્ક સહાય અને ટેક્નોલોજીના યોગ્ય એક્સ્પોઝરથી તેમની વ્યાપક સંભાવનાઓને મુક્ત કરી શકાય છે. આવા અનેક મોડેલ્સ બની ગયા છે, જે રોજગારી સર્જન અને આવક ઊપાર્જનમાં પરીણમ્યા છે. ભારતીય અર્થતંત્ર ટકાઉ વૃદ્ધિ ધરાવે છે અને તેણે વૃદ્ધિની તકો પર આશાવાદ સર્જ્યો છે. નોટબંધી અને જીએસટીની અસરો હવે સંપૂર્ણપણે પૂરી થઈ ગઈ છે, એફડીઆઈનો પ્રવાહ હવે નોંધપાત્ર પ્રમાણમાં થશે તેવી અપેક્ષા છે અને હવે એકંદરે વ્યાપારિક પ્રવૃત્તિઓ પુનઃ બેઠી થવાની સંભાવનાઓ પણ છે. ભારત છઠ્ઠા ક્રમનું સૌથી મોટું ઉત્પાદક રાષ્ટ્ર છે. તેણે વૈશ્વિક સ્પર્ધાત્મક ઈન્ડેક્સ અને વૈશ્વિક નવિનતા ઈન્ડેક્સમાં પણ તેની રેન્કમાં સુધારો કર્યો છે. કુશળતા અને રોજગારી સર્જન તથા યોગ્ય નીતિઓના સંયોજન, યોગ્ય કુશળતાની પસંદગી, માનવ મૂડીના વિકાસ અને શિક્ષણ-ઉદ્યોગના જોડાણ માટેની સંભાવનાઓ માટેનો આશાવાદ યુવાનોની સંભાવનાઓને વાસ્તવિક પરીણામમાં પરીવર્તિત કરવાની ક્ષમતા ધરાવે છે.

**આગામી માર્ગ**

વિશ્વ બેંકના અહેવાલ મુજબ ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા અગ્રણી અર્થતંત્રમાંનું એક છે અને વધુ એક દાયકા સુધી તે આ વૃદ્ધિ ટકાવી રાખવા માટે સક્ષમ છે. દેશના અર્થતંત્રના આ વિસ્તરણ તબક્કામાં વ્યાપક તકો ફેલાયેલી છે. વૈશ્વિક ઉત્પાદનમાં અનેક માળખાગત ફેરફાર જોવા મળી રહ્યા છે, આથી ભવિષ્યની કુશળતાની માગ અને ઈન્ડસ્ટ્રી ૪.૦ સાથે કુશળતાના એજન્ડાનું પુનરાવર્તન કરવાની તાત્કાલિક જરૂર છે. ક્રોસ ફંક્શનલ કુશળતા સ્પર્ધાત્મક્તાનું ચાલકબળ અને ઉત્પાદનનું એક મહત્વનું પરિબળ રહેશે ત્યારે વર્તમાન કર્મચારીઓની રી-સ્કિલિંગ અથવા અપ-સ્કિલિંગ અત્યારની તાતી જરૂરિયાત છે.


સરકારે સર્જનાત્મક્તા તથા મહત્વપૂર્ણ અને પદ્ધતિસરની વિચારસરણી પર ભાર મૂકવા સાથે સ્કૂલ સિસ્ટમ મારફત પાયાના સ્તર પર કોર્સ અભ્યાસક્રમમાં સ્ટેમ એજયુકેશન (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ)ને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આપણા રાષ્ટ્ર પર ઊભરતા અને સતત બદલાતા વાતાવરણમાં હોંશિયારીપૂર્વક પ્રતિસાદ આપવા માટે દબાણ સતત વધી રહ્યું છે. યુવાનો આપણા રાષ્ટ્રની વૃદ્ધિ અને વિકાસનો મુખ્ય સ્ત્રોત છે. આ વ્યૂહરચના માટે સકારાત્મક પરિવર્તન માટે હનુમાન કૂદકો મારવાની જરૂર છે. ભારત સરકારે વિવિધ મોડેલ્સ અને યોજનાઓ મારફત આ પરીવર્તનશીલ ફેરફારને બળ આપવાનો પ્રયાસ કરવો જોઈએ અને આપણા યુવાનો રોજગારી માટેની આ નવી તકોને અપનાવવા માટે પર્યાપ્ત પ્રમાણમાં લવચીક હોવા જોઈએ.

**લેખક પીએચડી, ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડિરેક્ટર (શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સીએસઆર, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ્સ) છે. તે બોર્ડ ઓફ એપ્રેન્ટીશીપ ટ્રેનિંગ કાનપુર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, માનવ સંસાધન વિકાસ વિભાગના સભ્ય છે.**

**E-mail: jatinder@phdcci.in**

# ભારતમાં કર સુધારાઓ – એક સંક્ષિપ્ત ઈતિહાસ

**ટી. એન. અશોક**




*વાસ્તવમાં કર સુધારાઓ માટેની આ પહેલ ૧૯૮૦ના મધ્ય ભાગમાં જ શરૂ થઈ ગઈ હતી કે જ્યારે સરકારે લાંબા ગાળાની રાજકોષી નીતિ, ૧૯૮૫ જાહેર કરી હતી. આ નીતિએ એ બાબત સ્પષ્ટ કરી કે દેશની આર્થિક હાલત નીચે જઈ રહી છે અને કર વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે.*

કોઈપણ વિકાસશીલ અર્થતંત્રને દેશની અંદરથી તેમજ દેશની બહારથી એમ બંને બાજુએથી મોટાપાયાના રોકાણની જરૂરિયાત હોય છે. પરંતુ જો તે દેશનું કર માળખું ન્યાયપૂર્ણ, નિષ્પક્ષ, પારદર્શક અને ભેદભાવ રહિત તેમજ રોકાણકારોને તેમના નાણા ઉત્પાદક હેતુઓમાં રોકાણ કરવા માટે ઉત્સાહ પૂરું પાડનારું નહી હોય તો આ પ્રકારનું રોકાણ એટલી સરળતાથી નહી આવે.

આ વાતને સમગ્ર વિશ્વમાં સ્વીકારવામાં આવી ચૂકી છે અને મોટાભાગના વિકસિત અર્થતંત્રોએ પ્રગતિશીલ કર પદ્ધતિને અપનાવી છે અને તેમાં પણ ખાસ કરીને અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. તેમાં ભારત એ કોઈ અપવાદ નથી. સફળ સરકારોએ કરના પાયાને વિસ્તૃત કરવા તેમજ કર માળખાને તર્કબદ્ધ રીતે ગોઠવવા ઉપર આધારિત સુધારાઓ ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ભારતીય કર પદ્ધતિ ઉપરના અનેક સંશોધન અહેવાલો વિસ્તૃતપણે એક જ બાબત તરફ દિશાનિર્દેશ કરે છે – કે ભારતીય કર પદ્ધતિનું સંકુચિત, જટિલ અને જપ્તી આધારિત પ્રવાહ વ્યવસ્થામાંથી ઉતરી આવીને હવે એક વધુ ચોક્કસ પદ્ધતિના સ્વરૂપમાં ઘડામણ થયું છે. વર્ષોના સમયગાળા દરમિયાન કરવામાં આવેલા સુધારાઓનો ઝોક અને દિશા મહેસૂલ સંગ્રહને સુધારવા અને વિકૃતિઓને ઘટાડવા તરફ રહ્યો છે. કર પદ્ધતિમાં કરવામાં આવેલ મોટા સુધારાઓમાંનો એક સૌથી મોટો સુધારો રાજ્ય સ્તરીય વેચાણ વેરાઓને વેટમાં પરિવર્તિત કરવાનો હતો. આ પરિવર્તને કરના વહીવટી માળખાને પુષ્કળ ડીવીડંડ કમાઈ આપ્યું હતું. આ લેખમાં અમે ગોવિંદ મરાપલ્લી રાવ કે જેઓ વર્તમાન સમયમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક ફાયનાન્સ એન્ડ પોલીસીમાં એમિરેટ્સ પ્રોફેસર છે તેમના સંશોધન લેખોમાંથી જ મુખ્ય તારણો લીધેલા છે. તેઓ જાહેર નાણાં, જાહેર અર્થશાસ્ત્ર અને માઈક્રો અર્થતંત્ર ઉપર સંશોધન કરે છે. તેમનો વર્તમાન પ્રોજેક્ટ "ભારતીય જાહેર નાણાં ઉપર પુસ્તક" નો છે.

કર વિશ્લેષકોએ જ્યારે કર સુધારાઓ સૂચવ્યા તો તે સાચા અર્થમાં અર્થપૂર્ણ હતા, પરંતુ કર વ્યવસ્થાઓને બૃહદ, ઉત્પાદક અને અસરકારક બનાવવા માટે ઘણું બધું કરવાનું બાકી રહી ગયું હતું. કોર્પોરેટ કર, આબકારી જકાત, કસ્ટમ અને વેચાણ વેરો, ડીઝલ અને પેટ્રોલ ઉપર મહેસૂલ એકત્રીકરણમાં ઉંચી કાર્યક્ષમતા કિંમત હતી. અંગત આવક વેરો

સંકુચિત જ બનેલો રહ્યો. સેલ્સ ટેક્સમાં થયેલા સુધારાઓ એ માત્ર એક શરૂઆત હતી અને ડેસ્ટીનેશન આધારિત રીટેલ વેટને ઉપર ઉઠાવવા માટે હજુ ઘણું કરવાનું બાકી હતું. કર વહીવટમાં થયેલ સુધારાઓએ મહેસૂલ વધવાનું વચન આપ્યું હતું અને આશા રાખીએ કે તે ભવિષ્યના સુધારાઓ માટે જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડે. પરંતુ આ બધું જ ૯૦ના દાયકામાં થયું હતું જયારે ભારતે દરિયાપારના દેશોમાંથી અને દેશની અંદરથી જ રોકાણને આકર્ષવા માટે મોટા આર્થિક સુધારાઓ હાથ ધર્યા હતા.

**૧૯૯૧ના આર્થિક સુધારાઓથી લાગુ કરવામાં આવેલ કર નીતિ**

જો કોઈ વ્યક્તિ ભારતના કેન્દ્ર સરકારના મુખ્ય કરોની તુલના ૧૯૯૧ પહેલા રહી ચૂકેલા કરવેરા સાથે કરે તો એ બાબત ખૂબ જ સ્પષ્ટ રીતે જોવા મળશે કે આંતરરાષ્ટ્રીય પ્રવાહોને અનુસરીને સરકારે મોટી સંખ્યામાં આવક, જકાત અને વેપાર કર ઉપર દરોમાં ઘટાડા કર્યા છે.

એ જ સમયે રાજયોએ પણ તેમના વેચાણ વેરાને સુનિયોજિત કરવાનો પ્રયાસ કર્યો અને ૧ એપ્રિલ ૨૦૦૫ના રોજ સૌથી અગત્યનો વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) અમલમાં મુક્યો કે જે કદાચ ૧૯૫૦માં પ્રજાસત્તાક ભારતની રચના પછીનો સૌથી મહત્વનો ઉપ-રાષ્ટ્રીય કર સુધારો હતો.

૧૯૯૧ પહેલા ભારતનું એકંદર કર માળખું મોટાભાગે બિનઅસરકારક અને તદ્દન ગેરવાજબી હતું. આંતરરાષ્ટ્રીય માંનાંકો અનુસાર આવક વેરાના દર ઊંચા હતા અને મધ્ય ૧૯૮૦થી લાગુ કરાયેલ માત્ર અમુક જ વસ્તુઓ ઉપર સિવાય કેન્દ્રીય સ્તરે કોઈ વેટ નહોતો. વપરાશ કરનો આધાર સંકુચિત હતો જેમાં સેવાઓને કરના પાયામાંથી બહાર રાખવામાં આવી હતી અને કસ્ટમ ડ્યુટી ખૂબ જ વધારે હતી તેમ છતાં તેમાં અનેક જટિલ બાકાત વસ્તુઓ સામેલ હતી. પસંદ કરાયેલ એક્સપોર્ટ ડ્યુટીએ પરંપરાગત નિકાસની સ્પર્ધાત્મકતા ઘટાડી નાખી. પેટા રાષ્ટ્રીય સ્તરે રાજયના વેચાણ વેરા દરે અતિશય બોજ વધારી નાખ્યો હતો કારણ કે ઈનપુટ ટેક્સને અંતિમ સામાનની કિંમતમાં ઉમેરવામાં આવતો હતો જેનાથી ઉપરા-ઉપરી કર ઉપર કર લાગતો હતો. આ પરિસ્થિતિને જોતા ભારતના કર માળખામાં સુધારો કરવાની જરૂરિયાતને સૌએ સંમતિ આપી જેથી કરીને અસરકારકતા અને નિષ્પક્ષતામાં સુધારો કરી શકાય, કર નિષ્ણાતોએ જણાવ્યું.

કરદાતાઓના બેઝમાં અપૂરતા વિસ્તૃતિકરણના કારણે ઘટેલા દરથી થયેલ મહેસૂલના નુકસાનને પૂરું કરવામાં સરકારની અક્ષમતાના રૂપમાં કરમાં થયેલ સુધારાઓના લીધે સમાંતરે કેટલાક નુકસાન પણ થયા. ૧૯૯૪થી કેન્દ્ર સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવેલ કર મહેસૂલમાં અગાઉ એકત્રિત કરવામાં આવેલ કરની સરખામણીએ સકલ ઘરેલું ઉત્પાદનના ૧ ટકા જેટલો ઘટાડો થયો. આવક વેરા મહેસૂલમાં થયેલ વધારા વડે કસ્ટમ અને એકસાઈઝ રેવન્યુમાં થયેલ ઘટાડાને ભરપાઈ ના કરી શકાયો. કર નિષ્ણાતો સંશોધિત અહેવાલોમાં દાવો કરે છે કે કેન્દ્રીય કરોમાં થયેલ ઘટાડા છતાં કેટલાક સનસેટ ટેક્સ ક્લોઝીઝને આગળ વધારવામાં આવ્યા હતા અને નવા પ્રોત્સાહનોને ઉમેરવામાં આવ્યા હતા.

તો ચાલો આપણે જોઈએ કે કઈ રીતે ભારતીય અને વિદેશી કંપનીઓના કોર્પોરેટ ટેક્સ નિયમિત રીતે ઘટ્યા છે.

| | ૧૯૯૦ –૧૯૯૧ | ૧૯૯૨ –૯૩ | ૧૯૯૫ –૯૬ | ૧૯૯૭ -૯૮ | ૨૦૦૧ -૦૨ | ૨૦૦૪ -૦૫ |
|---|---|---|---|---|---|---|
| સ્થાનિક કંપની | ૫૦ | ૪૫ | ૪૦ | ૩૫ | ૩૫ | ૩૫ |
| વિદેશી કંપની | ૬૫ | ૬૫ | ૫૫ | ૪૮ | ૪૫ | ૪૦ |

(સ્ત્રોતઃનાણા મંત્રાલય)

**કેન્દ્રીય કર માળખામાં મોટા પરિવર્તન**

**આવક વેરો**

૧૯૯૦ના મધ્યમાં જયારે ભારતે આર્થિક સુધારાઓની પોતાની યાત્રા હજુ શરૂ જ કરી હતી ત્યારે અન્ય અનેક વિકાસશીલ દેશો ૧૫, ૨૫ અને ૩૫ ટકાના ખૂબ જ ઓછા અને નીચા વ્યક્તિગત આવક વેરા સાથે સુધારા પ્રક્રિયામાંથી અગાઉથી જ બહાર નીકળી ગયા હતા. ભારતે પણ ૧૯૯૭-૧૯૯૮માં ૧૦, ૨૦ અને ૩૦ ટકાનો દર નોંધાવ્યો હતો. દરો અને તેમના નંબર તથા તેમનું પ્રસારણ આ બધું જ અસરકારક રીતે ઘટાડવામાં આવ્યું હતું. બધા જ વિકાસશીલ દેશોમાં જેમ કે ઇસ્ટ એશિયા અને લેટીન અમેરિકામાં કોર્પોરેટ ટેક્સને ઘટાડી નાખવામાં આવ્યા હતા. કોર્પોરેટ ઈન્કમ ટેક્સના સ્કેલિંગ બેક થવાથી વહીવટી સંભાવનાઓ અને વધુ સારા કર પાલન આ બન્ને ઉદ્દેશ્યો પાર પડ્યા પરંતુ ખાસ કરીને તેમને વૈશ્વિકરણ અને મૂડીના આંતરરાષ્ટ્રીય પ્રવાહમાં થયેલ વધારાને કારણે પ્રોત્સાહન પણ મળ્યું. ભારતમાં સ્થાનિક અને વિદેશી એમ બંને કંપનીઓ માટે કોર્પોરેટ ઈન્કમ ટેક્સ દરો અનુક્રમે ૩૫ ટકા અને ૪૦ ટકા જેટલા ઘટાડવામાં આવ્યા હતા.

**કેન્દ્રીય આબકારી અને કસ્ટમ**

કેન્દ્રીય આબકારી જકાત




મહત્વપૂર્ણ રીતે એક વેટ તરીકે વર્તે છે કે જે લગભગ બે દાયકાઓથી બહાર ઉભરી આવ્યો છે જેની નાનકડી શરૂઆત ૧૯૮૬-૧૯૮૭માં થઇ હતી જયારે અમુક ચોક્કસ વસ્તુઓના ઉત્પાદન માટે અમુક પસંદ કરાયેલ કાચા માલ માટે વેટ જેવું ક્રેડીટ તંત્ર અમલમાં મુકવામાં આવ્યું હતું. આ વેટ જેવા માળખાને સુધારેલ વેટ અથવા મોડવેટ તરીકે ઓળખવામાં આવ્યું હતું. આગળ જતા મુખ્ય દરોમાં માત્ર બે – ૮ અને ૧૬ ટકાના ઘટાડા કરવા સાથે ૨૦૦૧માં તેને કેન્દ્રીય વેટ અથવા સેનવેટ નામ આપવામાં આવ્યું.

**કર વહીવટ**

કોઇપણ નવી કર નીતિના સુધારાને સફળ બનાવવા માટે ત્રણ તત્વો ખૂબ જ જરૂરી છે, કરદાતાઓની સંખ્યા વધારવી, કમ્પ્યુટરાઈઝેશન અને રાજ્ય સ્તરીય વેટનું અમલીકરણ. કેન્દ્રીય કર વહીવટ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ સિદ્ધિઓમાંની સૌથી અગત્યની સિદ્ધિ હતી આવક વેરા માટે કુલ કરદાતાઓનું આકર્ષક વિસ્તૃતિકરણ. ૧૯૯૦ના મધ્યમાં કરદાતાઓની યાદીમાં અમુક ૧૪ મિલિયન કરદાતાઓ હતા જેમાંથી ૧૦ મિલિયનથી ૧૧ મિલિયન કરન્ટ હતા. કરદાતાઓની અંદાજીત ગણતરીમાં દર્શાવવામાં આવ્યું હતું કે ૧ બિલિયનની કુલ વસ્તીમાંથી કર પાત્ર વસ્તી અંદાજે ૩૦૦ મિલિયનની હતી. પરિવારમાં સરેરાશ ૫ વ્યક્તિની ગણતરી અનુસાર ૬૦ મિલિયન સક્ષમ કરદાતાઓ હોવા જોઈએ. આમાંથી જો ૧૦ મિલિયન કરપાત્ર કૃષિ પરિવારોને બાદ કરવામાં આવે તો આખરે તે આંકડો ૫૦ મિલિયન કરપાત્ર પરિવારોનો રહેશે. આમ માત્ર ૨૦ ટકા સક્ષમ કરદાતાઓ જ કરચુકવણીના માળખામાં હતા.

૧૯૯૦ના વર્ષનો બીજો તબક્કામાં આપમેળે જાહેર કરવાનો કાર્યક્રમ શરૂ થયો જેમાં વ્યક્તિગત આવક મેળવતા લોકોએ પોતાની માલિકીની સંપત્તિ અને ટેલિફોન તથા વિદેશ કરેલ મુસાફરી નોંધાવવી પડતી હતી પછી ભલે તે કરપાત્ર આવક માળખામાં ન આવતી હોય.

સમય જતા આ લાક્ષણિકતાઓને વધુ આગળ લંબાવવામાં આવી જેથી કરીને વધુ લોકોની આમાં નોંધણી કરી શકાય. વર્ષ ૨૦૦૦ સુધીમાં કરદાતા યાદી ૨૦ મિલિયન સુધી લંબાઈ ગઈ. સંશોધનો જણાવે છે કે એકંદરે ખૂબ જ ઓછા સમયગાળા દરમિયાન સક્ષમ કરદાતાઓની સંખ્યા લગભગ બમણી થઇ ગઈ અને તે એક એવો લક્ષ્યાંક હતો કે જે પ્રાપ્ત કરવો લગભગ અશક્ય હતો. વર્ષ ૨૦૦૫માં આ યાદીમાં અંદાજે ૩૦ મિલિયન કરદાતાઓનો ઉમેરો થયો કે જેમાંથી આશરે ૨૫ મિલિયનને કરન્ટ તરીકે ગણવામાં આવ્યા હતા.

વાસ્તવમાં કર સુધારાઓ માટેની આ પહેલ ૧૯૮૦ના મધ્ય ભાગમાં જ શરૂ થઇ ગઈ હતી કે જયારે સરકારે લાંબા ગાળાની રાજકોષી નીતિ, ૧૯૮૫ જાહેર કરી હતી. આ નીતિએ એ બાબત સ્પષ્ટ કરી કે દેશની આર્થિક હાલત નીચે જઈ રહી છે અને કર વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર છે. તે જ દાયકામાં, કેન્દ્રીય આબકારી જકાતોની સમીક્ષા કરવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે એક ટેકનીકલ જૂથની સ્થાપના કરવામાં આવી અને તેના દ્વારા ૧૯૮૬માં મોડિફાઇડ સીસ્ટમ ઓફ વેલ્યુ એડેડ ટેક્સ (મોડવેટ)નો પ્રારંભ કરવામાં આવ્યો. આબકારી જકાતોનું મૂલ્યાંકન કરવા માટે વસ્તુઓનું વિભાગીકરણ કરતી સુચારુ વ્યવસ્થા (એચએસ)નો પ્રારંભ કરવામાં આવ્યો એવું સંશોધન પત્રો જણાવે છે.

ત્યારબાદ સરકારે એક યોજના તૈયાર કરવા માટે અનુક્રમે બે અત્યંત વરિષ્ઠ સનદી અધિકારીઓની અધ્યક્ષતા હેઠળ બે કમિટીઓની રચના કરી કે જેઓ ત્યારપછીથી સમગ્ર કર માળખાની મરામત કરે અને તેને સુધારે અથવા આંતરરાષ્ટ્રીય કર વ્યવસ્થા અથવા દરો સાથે સુમેળ સાધવાનું કામ કરે. અને આ રીતે રાજા ચેલ્લીયા કમિટી અને વિજય કેલકર કમિટી અસ્તિત્વમાં આવી. તેમની ભલામણો ઐતિહાસિક હતી.

**રાજા ચેલૈયા કમિટી**

ભારતની કર વ્યવસ્થામાં સુધારો લાવવા માટેની પૂર્વ ભૂમિકા તૈયાર કરવા માટે સરકારે રાજા ચેલૈયાની અધ્યક્ષતા હેઠળ

એક કર સુધારા કમિટીની સ્થાપના કરી. આ ટીઆરસીએ ૧૯૯૧, ૧૯૯૨ અને ૧૯૯૩માં અનેક પગલાઓ સૂચવતી ભલામણો સાથેના ત્રણ અહેવાલ રજૂ કર્યા કે જેમને નીચે અનુસાર સંક્ષિપ્ત કરી શકાય.

૧. માર્જિનલ ટેક્સ દરોમાં ઘટાડો કરીને વ્યક્તિગત કર વ્યવસ્થામાં સુધારો.
૨. કોર્પોરેટ ટેક્સના દરોમાં ઘટાડો.
૩. આયાત કરાયેલ સામાનની કિંમતમાં ઘટાડો
૪. કસ્ટમ ડ્યુટીને ઓછી કરવી.
૫. કસ્ટમ ટેરીફ દરોની સંખ્યા અને તેમની તર્કસંગતતામાં ઘટાડો
૬. વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) પદ્ધતિ સાથે આબકારી જકાત અને તેના સંકલનમાં સરળતા લાવવી
૭. વેટ પદ્ધતિ અંતર્ગત સેવા ક્ષેત્રને કર માળખામાં આવરી લેવું
૮. કરના પાયાનું વિસ્તૃતિકરણ કરવું
૯. કર માળખાની માહિતી એકઠી કરવી અને તેનું કમ્પ્યુટરાઝેશન કરવું.
૧૦. કર વહીવટની ગુણવત્તા સુધારવી

ચેલ્લીયા કમિટીની ભલામણો સાથે શરુ થયેલા કર સુધારાઓ હજુ પણ ચાલુ છે. ત્યારબાદ સરકારે ૨૦૦૨માં વિજય કેલકર કમિટીની નિમણૂક કરી કે જેણે આગળ જતા દેશમાં કર સુધારાઓને વધુ દિશાનિર્દેશ કર્યા.

**વિજય કેલકર કમિટી**

વર્ષ ૨૦૦૨માં વિજય કેલકરની અધ્યક્ષતા હેઠળ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરો ઉપરના ટાસ્ક ફોર્સની ભલામણો સાથે ભારતમાં પ્રત્યક્ષ કર સુધારાઓમાં ગતિ આવી. આ ટાસ્ક ફોર્સની મુખ્ય ભલામણો આવક વેરામાં છૂટની મર્યાદાને વધારવી, છૂટનું તર્કબદ્ધ મૂલ્યાંકન કરવું, લાંબા ગાળાના મૂડી ઉપર થતા ફાયદા ઉપર લગતા કરને નાબુદ કરવો, સંપત્તિ વેરાને નાબુદ કરવો વેગેરેને લગતી હતી. તેની મુખ્ય ભલામણો નીચે મુજબ છેઃ

**પ્રત્યક્ષ કરનો વહીવટ**

- કરદાતા સેવાઓને ગુણવત્તા અને માત્રા બંને રીતે સુધારવી જોઈએ અને કરદાતા માટે ઈન્ટરનેટ અને ઈમેલના માધ્યમથી સરળ પહોંચ ઉપલબ્ધ હોવી જોઈએ.
- પાન (કાયમી ખાતા નંબર)નો વધુમાં વધુ ફેલાવો થવો જોઈએ અને તે દરેક નાગરિકને આવરી લેતો હોવો જોઈએ.
- સર્ચ અને સીઝર કેસના બ્લોક મૂલ્યાંકન નાબૂદ થવા જોઈએ.
- પાછળ રહેલા પડતર કામોને પૂરાં કરવા માટે વિભાગે બહારથી ડેટા એન્ટ્રીના કામને કરાવવું જોઈએ.
- ચાર મહિનાના સમયગાળાની અંદર જ તમામ રીટર્ન અને રીફંડ પાછા આપવાની પ્રક્રિયા પૂરી થઇ જવી જોઈએ. રીફંડનું વિતરણ બહારથી કરાવી શકાય.
- કર એકત્રીકરણને અને ખાસ કરીને ટીડીએસ અને ટીસીએસને આધુનિક, સરળ અને વધુ તર્કબદ્ધ બનાવવા માટે સરકારે ટેક્સ ઈન્ફોર્મેશન નેટવર્ક ઉભું કરવું જોઈએ.
- દેશ છોડતી વખતે ટેક્સ ક્લિયરન્સ સર્ટિફિકેટની જરૂરિયાતને નાબુદ કરવી
- સીબીડીટીને જરૂરી વહીવટી અને નાણાકીય સત્તાઓ આપી સશક્ત બનાવવી

**વ્યક્તિગત આવક વેરો**

- સામાન્ય શ્રેણીના કરદાતાઓ માટે કર છૂટની મર્યાદા ૧ લાખ સુધી વધારવી અને વધુમાં વરિષ્ઠ નાગરિકો અને વિધવાઓને કર માફી આપવી.
- વ્યક્તિગત આવક વેરા ઉપર સરચાર્જ દૂર કરીને આવક વેરાના સ્લેબને તર્કસંગત બનાવવો.
- ઘર માટેની લોન પર ૨ ટકા વ્યાજ સબસીડી આપીને હોમ લોનમાં પ્રોત્સાહનો આપવા.
- પેન્શન ફંડમાં યોગદાન બદલ સેક્શન ૮૦CCC અંતર્ગત ઘટાડામાં વધારો કરવો

**કોર્પોરેશન ટેક્સ**

- સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સ ૩૦% અને વિદેશી કંપનીઓ માટે ૩૫% ઘટાડવો.
- યાદીમાં આવેલ કંપનીઓને ડીવીડંડ અને કેપિટલ ગેઈન ઉપર કરમાંથી રાહત આપવી જોઈએ.
- પ્લાન્ટ અને મશીનરી માટે અવમૂલ્યન દર વધારવો જોઈએ.
- લઘુત્તમ વૈકલ્પિક કર નાબૂદ કરવો જોઈએ.

**સંપત્તિ કર**

- સંપત્તિ વેરો નાબૂદ થવો જોઈએ.

ઉપરોક્ત ભલામણો આજથી ૧૩ વર્ષ પહેલા કરવામાં આવી હતી. આજે આપણે જોઈએ છીએ કે તેમાંની ઘણી




ભલામણોનું અમલીકરણ કરવામાં આવ્યું છે. પ્રત્યક્ષ અને પરોક્ષ કરના ક્ષેત્રમાં અનુક્રમે ડીટીસી અને જીએસટી એ સરકાર દ્વારા પહેલ કરાયેલ સૌથી મોટા સુધારાઓ છે. આમ છતાં ડીટીસી હજુ સુધી અમલમાં આવ્યું નથી અને સરકાર તેની માટે રસ ધરાવતી હોય તેવું લાગતું પણ નથી કારણ કે તેમાંની મોટાભાગની જોગવાઈઓને આવક વેરા અધિનિયમમાં પહેલાથી જ સમાવી લેવામાં આવી છે. જીએસટી ૧ જુલાઈ, ૨૦૧૭થી અમલમાં મુકાયો હતો.

**મહત્વના પ્રત્યક્ષ કર સુધારાઓ**

**ટેક્સ ઈન્ફોર્મેશન નેટવર્ક (ટીઆઈએન)**

આવક વેરા વિભાગ તરફથી નેશનલ સિક્યોરિટી ડીપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ) દ્વારા ટેક્સ ઈન્ફોર્મેશન નેટવર્ક (ટીઆઈએન)ની સ્થાપના કરવામાં આવી છે. તે સમગ્ર દેશના કરને લગતી માહિતી માટેનો એક સ્ત્રોત છે. ટીઆઈએનની સ્થાપના કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ માહિતી ટેકનોલોજીના ઉપયોગ વડે પ્રત્યક્ષ કરોના એકત્રીકરણ, પ્રક્રિયા, નિયમન અને મૂલ્યાંકનને આધુનિક બનાવવાનો છે. કર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ટીઆઈએનમાં ત્રણ પેટા પ્રક્રિયાઓ છે જેમ કે ઈરેક્સ, ઓલ્ટાસ અને સીપીએલજીએસ.

**ઇલેક્ટ્રોનિક રીટર્ન એક્સેપ્ટન્સ એન્ડ કોન્સોલિડેશન સીસ્ટમ (ઈરેક્સ)**

ઈરેક્સમાં કર દાતાઓ સાથેના ઈન્ટરફેસ માટે એક વ્યવસ્થા (ટીઆઈએન ફેસીલીટેશન સેન્ટર એટલે કે ટીઆઈએન-એફસી) છે અને બીજી વ્યવસ્થા ટેક્સ ડીડકશન એટ સોર્સ (ટીડીએસ)ના ઇલેક્ટ્રોનિક રીટર્ન અપલોડ કરવા માટે અને ટેક્સ કલેકશન એટ સોર્સ (ટીસીએસ) તથા ટીઆઈએનના કેન્દ્રીય સીસ્ટમને એન્યુઅલ ઈન્ફોર્મેશન રીટર્ન (એઆઈઆર) પુરા પાડવા માટેની ઈન્ટરનેટ આધારિત સીસ્ટમનો સમાવેશ થાય છે.

**ઓનલાઈન કર નામા પદ્ધતિ (ઓલ્ટાસ)**

ઓલ્ટાસ એ દર રોજ સમગ્ર દેશમાંથી વિવિધ કર સંગ્રહ શાખાઓમાં જમા થયેલ કરની માહિતી કેન્દ્રીય સીસ્ટમમાં દાખલ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**સેન્ટ્રલ પાન લેજર જનરેશન સીસ્ટમ (સીપીએલજીએસ)**

તે એક કેન્દ્રીય સીસ્ટમ છે કે જે ટીડીએસ/ટીસીએસ અને એડવાન્સ ટેક્સને લગતી માહિતીને પાનમાં દાખલ કરે છે.

**ઈ-ટીડીએસ અને ઈ-ટીસીએસ**

ટીડીએસનો અર્થ થાય છે ટેક્સ ડીડકશન એટ સોર્સ. ત્રીજી પાર્ટી સોર્સ ઉપર ટેક્સ કાપી લે છે અને તેને અગાઉથી નક્કી કરેલ બેંકની શાખાઓમાં જમા કરાવી દે છે. વર્ષ ૨૦૦૪ – ૨૦૦૫થી ઓપરેટરો, સરકાર અને કોર્પોરેટ ક્ષેત્ર માટે પણ ટીડીએસ રીટર્ન દાખલ કરવા ફરજીયાત બનાવવામાં આવ્યા છે. વધુમાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ જણાવે છે કે જ્યારે ટેક્સને બાયર પાસેથી સેલર દ્વારા સોર્સ પરથી ભેગો કરવામાં આવે તો તેને ટીસીએસ (ટેક્સ કલેકટેડ એટ સોર્સ) એવું નામ આપવામાં આવ્યું છે. 'ઇલેક્ટ્રોનિક ફીલિંગ ઓફ રીટર્ન્સ ઓફ ટેક્સ કલેકટેડ એટ સોર્સ યોજના, ૨૦૦૫' નામની યોજના અંતર્ગત કોર્પોરેટ અને સરકારી કર કપાત કરનારાઓએ ઇલેક્ટ્રોનિકના માધ્યમથી અથવા જાતે જઈને એનએસડીએલને ચુકવણી કરવી પડે છે.

**પ્રત્યક્ષ કર વ્યવસ્થામાં અન્ય પહેલ**

**ઈ-સહયોગ પહેલ:** કાગળ રહિત મૂલવણી ઈન્ફોર્મેશન ટેકનોલોજીએ કર દાતાના જીવનને વધુ સરળ બનાવી દીધું છે કારણ કે તેમને હવેથી બેંક ચલાન જમા કરાવવા માટે અને મૂલ્યાંકન અધિકારીને કેસ તથા દસ્તાવેજો બતાવવા માટે જાતે બેંક જવાની જરૂર નથી પડતી. તેને વધુ સરળ બનાવવા માટે સીબીડીટીએ હમણાં તાજેતરમાં જ ઈમેલના રૂપમાં કાગળરહિત આવક વેરા મૂલ્યાંકન વ્યવસ્થાનો પ્રસ્તાવ

મુક્યો હતો. આનાથી કરદાતાને આવકવેરા કચેરીની જાત મુલાકાત લેવાની જરૂર નહી પડે અને ખાસ કરીને નાની રકમની બાબતમાં. આ દિશામાં કાર્ય કરવા માટે મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, બેન્ગલુરું અને અમદાવાદમાં પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે.

**સેવોત્તમઃ અસરકારક ફરિયાદ નિવારણ કેન્દ્ર**

નિષ્ક્રિય ફરિયાદ નિવારણ પદ્ધતિમાં નવા પ્રાણ ઉમેરવા માટે, વિભાગ 'સેવોત્તમ' મંચનો ઉપયોગ કરી રહી છે કે જે દેશની તમામ આવક વેરા કચેરીઓને જોડે છે. તેનો ઉદ્દેશ્ય પ્રશ્નો અને ફરિયાદોનો સમયસર નિકાલ લાવવાનો છે.

**ઝડપી રીફંડ**

આવક વેરા વિભાગ કામકાજના ૧૦ દિવસની અંદર જ ટેક્સ રીફંડ ઉપર પ્રક્રિયા કરવા અને તેને મોકલી આપવા ઉપર કામ કરી રહ્યું છે. ઇન્કમ ટેક્સ રીટર્ન (આઈટીઆર)ને આધાર અથવા બેંકની માહિતી દ્વારા તપાસવા માટેની પહેલોને અમલમાં મુકવામાં આવી છે.

**અગાઉથી ભરવામાં આવેલ આઈટીઆર ફોર્મ્સ**

ઓનલાઈન ફોર્મ ઉપલબ્ધ હોવા છતાં હજુ પણ કેટલાક લોકો કરવેરા ભરવા માટે ડાઉનલોડ કરેલા ઓફલાઈન ફોર્મ્સનો ઉપયોગ કરે છે. આથી વિભાગ હવેથી એવા અગાઉથી ભરેલા ફોર્મ્સ આપવાની પહેલ શરૂ કરી રહી છે કે જેમાં આપમેળે ઉપયોગકર્તા/કરદાતાની માહિતી આવી જાય અને તેમને મોટા ભાગની માહિતી પહેલેથી ભરેલી હોય તેવા જ રૂપમાં ડાઉનલોડ કરી શકાય.

**પાન કેમ્પ્સ**

પાનનો વિસ્તાર વધારવા માટે સરકાર સમગ્ર દેશમાં પાન કેમ્પના આયોજન ચલાવી રહી છે. એક એવા ઇન્કમ ટેક્સ બીઝનેસ એપ્લીકેશન પર્મેનન્ટ એકાઉન્ટ નંબર (આઈટીબીએ-પાન) પોર્ટલનો પણ પ્રારંભ કરવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે કે જેના માધ્યમથી કોઈપણ વ્યક્તિ પાન માટે ઓનલાઈન અરજી કરી શકે છે અને ૪૮ કલાકમાં તે મેળવી શકે છે.

**અપ્રત્યક્ષ કર સુધારાઓ**

કેન્દ્રીય આબકારી જકાતને બદલવા માટે ૧૯૮૬માં જ્યારે પસંદ કરાયેલ સામાન માટે મોડિફાઇડ વેલ્યુ એડેડ ટેક્સ (મોડવેટ)નો પ્રારંભ કરવામાં આવ્યો હતો ત્યારે ભારતમાં સૌપ્રથમ વખત અપ્રત્યક્ષ કર સુધારો લાગુ થયો હતો. સેન્ટ્રલ વેલ્યુ એડેડ ટેક્સ (સેનવેટ)ના માધ્યમથી ધીમે ધીમે તે તમામ સામાન ઉપર અમલમાં મુકવામાં આવ્યો હતો. રાજ્યોએ પણ આનું અનુસરણ કર્યું હતું અને વેચાણ વેરાને નાબુદ કરીને વેલ્યુ એડેડ ટેક્સ વેટને અમલમાં મુક્યો હતો. અમલમાં મુકાયેલ મહત્વના અપ્રત્યક્ષ કર સુધારાઓ નીચે મુજબ છે.

**આબકારી જકાતમાં ઘટાડો**

૧૯૯૦માં બિન કૃષિગત ઉત્પાદનો માટે આબકારી જકાત આશરે ૧૨૮% હતી. તેને ધીમે ધીમે ઘટાડવામાં આવી. હાલમાં અંદાજીત કસ્ટમ ડ્યુટી ૧૧-૧૨% છે, આમ છતાં તે ૦ થી ૧૫૦% સુધી વિસ્તૃત પણ છે

**કેન્દ્રીય એકસાઈઝ**

કેન્દ્રીય એકસાઈઝ ડ્યુટીને સૌપ્રથમ મોડવેટ દ્વારા બદલવામાં આવી હતી અને હવે સેનવેટ અમલમાં મુકાયેલ છે. વિવિધ પ્રકારની ડ્યુટીની સંખ્યાને ઘટાડી દેવામાં આવી છે.

**સેવા કર**

૧૯૯૪-૯૫માં સેવા કરને ૭%ના દર સાથે સૌપ્રથમ વાર દાખલ કરવામાં આવ્યો હતો. આ દર ધીમે ધીમે વધ્યો અને તે સાથે જ કરપાત્ર સેવાઓની સંખ્યામાં પણ વૃદ્ધિ થઈ. હાલ, આપણે આશરે ૧૦૦ સેવાઓ ઉપર અંદાજે ૧૪% સેવા કર ચૂકવીએ છીએ.

**વસ્તુ અને સેવા કર**

વસ્તુ અને સેવા કર (જીએસટી) એ દેશનો અત્યાર સુધીનો સૌથી મોટો કર સુધારો છે. તેણે કેટલીક પ્રારંભિક સમસ્યાઓને દુર કરી છે કે જેને બીજેપી સરકારે ઓળખી લીધી હતી અને કરદાતાઓ માટે પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે તેને યોગ્ય સમયે અમલમાં મૂકી છે. ખ્યાતનામ અર્થશાસ્ત્રી પાર્થસારથી શોમ, ચેરમેન, ઈન્ટરનેશનલ ટેક્સ રીસર્ચ એન્ડ એનાલિસિસ ફાઉન્ડેશન (આઈટીઆરએએફ), બેંગ્લોર તથા લંડન સ્કુલ ઓફ ઇકોનોમિકસ (મે ૨૦૧૭ – એપ્રિલ ૨૦૧૮)ના મુલાકાતી અધ્યાપકે આમ છતાં કેટલાક વિરોધી મુદ્દાઓ બતાવ્યા છે. નાણામંત્રી પી. ચિદંબરમના ભૂતપૂર્વ સલાહકારે જણાવ્યું છે કે જો પ્રસ્તાવિત જીએસટીનું માળખું વાસ્તવિકતાની નજીક હોત તો તે મૂળભૂત કર સુધારાઓને પણ સમાવતું હોત. આમ છતાં જો કોઈ વ્યક્તિ જીએસટીના પ્રસ્તાવિત માળખાનું મૂલ્યાંકન કરે તો તેને આઝાદી પછીના સૌથી મોટા કર સુધારા તરીકે જોવાનું અઘરું બની શકે છે. અગાઉના સમયગાળામાં, ૧૯૯૬-૯૭માં આવકવેરા માળખાને ૩૦, ૨૦ અને ૧૦ ટકાની મહત્વની કપાત દ્વારા મૂળભૂત રીતે બદલવામાં આવ્યું હતું કે જેણે કાર્યના પ્રયત્નને પ્રોત્સાહન આપ્યું હતું અને મહેસૂલ આયાતમાં સુધારો કર્યો હતો. એક દાયકા બાદ વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)ને કેન્દ્ર રાજ્યના નાણાકીય

સહયોગના ઉદાહરણ તરીકે રાજ્ય સ્તરે અમલમાં મુકવામાં આવ્યો હતો. આ સાથે જ ફરી એકવાર મહેસૂલ આવકમાં વધારો નોંધાયો હતો જ્યારે વ્યવસાયોને ગતિ મળી હતી. પરંતુ મોટાભાગના કર નિષ્ણાતો એવો મત ધરાવે છે કે જીએસટી અને ડીટીસી એ અત્યારસુધીમાં સરકાર દ્વારા લેવામાં આવેલ સૌથી મોટો કર સુધારો છે અને તે કર વ્યવસ્થાને સ્થાનિક અને વિદેશના એમ અબ્નને રોકાણકારો માટે તેમાં કામ કરવા માટે વધુ સરળ બનાવવાનું વચન આપે છે. કર નિષ્ણાતો દાવો કરે છે કે ડીટીસી અને જીએસટી એ કર વ્યવસ્થાને સરળ બનાવવા, કર દાતાઓની સંખ્યામાં અભિવૃદ્ધિ કરવા માટે ઘણો ઉપયોગી સાબિત થશે અને તે નોંધપાત્ર રીતે કર માટેના ઉત્સાહને વધારશે કે જેની આખરે લાંબાગાળાની અસર દેશની નાણાકીય ખાધને ઓછી કરવા ઉપર જોવા મળશે. અને વિદેશી રોકાણકારો માટે સહેલા લવાદના સાધનો સાથે સરળ કરના કાયદાઓ તેમને ભારતમાં તેમની મૂડીનું રોકાણ કરવા માટે આકર્ષિત કરશે. આ બધામાં આખરી ફાયદો ભારતને ઊંચા જીડીપી વિકાસ દર અને વસ્તીમાં ઊંચા રોજગાર આવકના રૂપમાં થશે.


**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**


**સંદર્ભઃ કર સુધારાઓ ઉપરના સંશોધન પત્રો (પાર્થ સારથી શોમ અને અન્ય)**

**માહિતી સંકલિત યુપીએસસી.આઈએએસ જનરલ સ્ટડીઝ ટાર્ગેટ ૨૦૧૮ મેમ્બરશિપ પ્રોગ્રામમાંથી.**


લેખક પીટીઆઈના સંપાદક (આર્થિક બાબતો) હતા. તે હેમ્બર્ગ સ્થિત LOG જર્નલના એસોસિએટ એડિટર છે. હાલમાં તે "Croproate Tycoons" અને "The Flag post" ના એક્ઝિક્યુટિવ એડિટર છે. તેઓ ફ્રેંચ એન્જિનિયરિંગ ફર્મ અલસ્ટોમ અને સ્વીડીશ સ્વીસ ફર્મ એબીબીના કમ્યુનિકેશન સલાહકાર તેમજ ઓલ ઈન્ડિયા રાઈસ એક્સપોર્ટર એસોસિએશનના ઈમેજ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ રહી ચુક્યા છે. તેમણે સ્થાનિક અને વિદેશી પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ઉપ રાષ્ટ્રપતિ સાથે યાત્રાઓ કરી છે. તેમણે ૧૯૯૨માં રિયો ડી જનેરો ખાતે યોજાયેલ ઐતિહાસિક અર્થ સમિટને અને ૧૯૯૬માં સિંગાપુર ખાતે ડબ્લ્યુટીઓની પ્રથમ ઉદ્ઘાટન સમયની મંત્રી સ્તરીય સમિટને કવર કરી છે. તેઓ પુણે અને બેંગ્લોર સ્થિત જર્નલના એક્ઝિક્યુટિવ એડિટર તરીકે નાણાકીય બાબતો, વેપાર અને ઉદ્યોગ વિષે લેખો લખે છે. તેમણે ૨૦૧૫માં હિંદુ બિઝનેસ લાઈનમાં બ્લડ ડાયમંડ ઉપર છ ભાગમાં એક તપાસ અહેવાલ તૈયાર કર્યો હતો.

**E-mail: feedback@ashoktnex@gmail.com**



**અમારું નવું સરનામું**

**એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની, ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.**
**ફોન: ૦૭૯-૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦.**

**Our New Address**

A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.
Phone : 079-2658 8669, 2658 1450.

# ગ્રામીણ ભારતના ઉત્કર્ષ માટે ભારત સરકારે લીધેલાં પગલાં

ડૉ. એમ. ચિન્નાદુરાઈ અને
ડૉ. કે.આર. અશોક



*કૃષિ ઉત્પાદન વધારવા માટે જમીન અને પાણીની અતિ મહત્વની બાબતોના ઉકેલ માટે સરકાર દ્વારા પરંપરાગત કૃષિ વિકાસ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. આ હેઠળ સરકાર સમગ્ર ભારતમાં પ્રચલિત જૈવિક ખેતીને સમર્થન આપે છે અને તેમાં સુધારો પણ લાવે છે. ખેતીના ક્લસ્ટર અભિગમ માધ્યમને અનુસરીને ૫૦ એકર જમીન ધરાવતા કમસેકમ ૫૦ ખેડૂતોના ગ્રુપને જૈવિક ખેતી માટે તૈયાર કરવામાં આવે છે.*

ભારતના અર્થતંત્રના વિકાસ માટે ગ્રામીણ વિકાસ જરૂરી છે. ગ્રામીણ વસ્તી આજીવિકા માટે મુખ્યત્વે ખેતી પર આધાર રાખે છે. ગ્રામીણ વિકાસના પગલે ગ્રામીણ વિસ્તારમાં બિન કૃષિ ક્ષેત્રો અને માળખાકીય સુવિધાઓમાં પણ વિકાસ થાય છે. કૃષિ અને તેને સંબંધિત ક્ષેત્રોનો વિકાસદર વર્ષ ૨૦૧૨-૧૩માં ૧.૫ ટકા હતો જે વર્ષ ૨૦૧૩-૧૪માં ૫.૬ ટકા થયો, વર્ષ ૨૦૧૪-૧૫માં (-)૦.૨ ટકા થયો, વર્ષ ૨૦૧૫-૧૬માં ૦.૭ ટકા થો અને વર્ષ ૨૦૧૬-૧૭માં ૪.૯ ટકા થયો. આમ તેમાં ઘણો ચડાવઉતાર જોવા મળે છે. તાજેતરના વર્ષોમાં આ ક્ષેત્રમાં તબક્કાવાર પરિવર્તન જોવા મળ્યું છે. કૃષિમાં ગ્રોસ વેલ્યૂ એડેડ (જીવીએ) અર્થાત્ કુલ ઉમેરાયેલ મૂલ્યમાં પશુધનનો હિસ્સો તબક્કાવાર વધી રહ્યો છે અને જીવીએમાં પાક ક્ષેત્રોનો હિસ્સો વર્ષ ૨૦૧૧-૧૨માં ૬૫ ટકા હતો તે વર્ષ ૨૦૧૫-૧૬માં ઘટીને ૬૦ ટકા થઈ ગયો છે. સૌપ્રથમ વખત વર્ષ ૨૦૦૦માં રાષ્ટ્રીય કૃષિ નીતિની જાહેરાત કરવામાં આવી હતી જે ભારતીય કૃષિમાં તેના પર ધ્યાન નથી અપાયું તે વ્યાપક વિકાસની સંભાવનાઓને આગળ ધપાવવા, ઝડપી કૃષિ વિકાસ માટે ગ્રામીણ માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા, વેલ્યૂ એડિશન (મૂલ્ય વર્ધન)ને પ્રોત્સાહન આપવા, ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી ઉભી કરવા માટે કૃષિ વ્યવસાયના વિકાસને વેગ આપવા, કૃષિમાં શ્રમિકો તરીકે કામ કરતા પરિવારો સહિત તમામ કૃષિ પરિવારોના જીવનધોરણને વધુ સુરક્ષિત કરવા, શહેરી વિસ્તારોમાં થતા સ્થળાંતરમાં ઘટાડો કરવા અને આર્થિક ઉદારીકરણ તેમજ વૈશ્વિકરણથી ઉભા થતા તમામ પડકારોનો સામનો કરવાના આશયથી જાહેર કરવામાં આવી હતી. આ નીતિ ગ્રામીણ વિસ્તારોમાં વિદ્યુતિકરણ, માળખાકીય બજારોના વિકાસ અને કૃષિમાં બગાડ(વેસ્ટેજ) ઘટાડવા માટે એગ્રો-પ્રોસેસિંગ એકમો ઉભા કરવા તેમજ ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ સંલગ્ન વેલ્યૂ એડિશન (મૂલ્ય વર્ધન)માં વધારો કરવા માટે બાગાયત ઉત્પાદનો વગેરેને સૌથી વધુ પ્રાધાન્યતા આપવામાં આવે છે. ગ્રામીણ ભારતના ઉત્કર્ષ માટે કૃષિ અને ગ્રામીણ વિકાસ યોજનાઓની ટૂંકી સમીક્ષા આપવાનો અને વર્તમાન સ્થિતિનો ચિતાર આપવા તેમજ સંભવિત વિકાસની ઝાંખી કરાવવા માટે અહી પ્રયાસ કરવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન (એન.એફ.એસ.એમ.)**

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮માં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશનનો આરંભ કરવામાં આવ્યો હતો જેનો અમલ દેશના ૧૯ રાજ્યોમાં ૪૮૨ જિલ્લામાં કરવામાં આવ્યો છે. એન.એફ.એસ.એમ.નો મૂળ હેતુ ઘઉં, ચોખા અને કઠોળની ઉત્પાદકતામાં ટકાઉક્ષમ ધોરણે વધારો કરવાનો છે જેથી દેશમાં દરેક વ્યક્તિને નિશ્ચિતપણે ખાદ્ય સુરક્ષા મળી રહે. આ મિશનનો હેતુ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ અને કૃષિ વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ દ્વારા આ પાકોના સંદર્ભમાં ખેતપેદાશ અંતર ઓછુ કરવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮

દરમિયાન આ પ્રોજેક્ટ રૂપિયા ૫૨૧ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો. આ મિશનના કારણે એનએફએસએમ જિલ્લાઓમાંથી થતા મોટા યોગદાનના કારણે દેશના ફૂડ બાસ્કેટ (ખાદ્ય ભંડાર)માં વધારો કરવામાં ઘણી મદદ મળી હતી. લક્ષ્ય કેન્દ્રી અને પૂરતી કાળજીપૂર્વક અમલમાં મૂકાયેલા આ મિશનનાં પગલાંઓના કારણે ઘઉં, ચોખા અને કઠોળના ઉત્પાદનમાં જંગી વધારો નોંધાયો છે.

**રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (આર.કે.વી.વાય.)**

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના કૃષિ અને તે સંબંધિત ક્ષેત્રોના ઉત્કર્ષ માટે ભારત સરકાર દ્વારા અમલમાં લાવવામાં આવેલા કેટલાક મુખ્ય કાર્યક્રમો પૈકી એક છે. આ યોજનાઓ આરંભ વર્ષ ૨૦૦૭-૦૮માં કરવામાં આવ્યો હતો. આ યોજનાનો મૂળ હેતુ ઉત્પાદકતામાં નોંધપાત્ર પ્રમાણમાં વધારો કરવાનો અને સાથે સાથે ખેડૂતોને મહત્તમ વળતર મળી રહે તેવી વ્યવસ્થા કરવાનો છે. આ યોજનાનો હેતુ કૃષિ અને તેને સંલગ્ન અન્ય ક્ષેત્રોમાં જાહેર રોકાણ વધારવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરવાનો, કૃષિ - આબોહવા પરિસ્થિતિના આધારે જિલ્લા અને રાજ્યો માટે કૃષિ યોજનાઓ ઘડવાનો, ટેકનોલોજી અને કુદરતી સ્ત્રોતો ઉપલબ્ધ કરાવવાનો, સ્થાનિક જરૂરિયાતો/ પાકો/ પ્રાથમિકતાઓ કૃષિ યોજનાઓમાં વધુ સારી રીતે જોવા મળે અને મહત્વના પાકોમાં એકાગ્રતાપૂર્વકના હસ્તક્ષેપ દ્વારા ઉપજનો તફાવત ઘટાડવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં આ પ્રોજેક્ટ રૂપિયા ૪૭૫૦ કરોડની ફાળવણી સાથે અમલમાં મૂકવામાં આવ્યો હતો.

**પ્રધાનમંત્રી પાક વીમા યોજના (પી.એમ.એફ.બી.વાય.)**

"પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના" (પ્રધાનમંત્રી પાક વીમા યોજના)નો આરંભ વર્ષ ૨૦૧૬માં કરવામાં આવ્યો હતો. આ યોજનાનો હેતુ પાક નિષ્ફળ જાય તેવી સ્થિતિમાં વ્યાપક વીમા કવચ આપવાનો અને ખેડૂતની આવકમાં સ્થિરતા જાળવવા માટે મદદ કરવાનો હતો. તે અંતર્ગત ખેડૂતોને નાવીન્યપૂર્ણ કૃષિ પ્રવૃત્તિઓ અપનાવવા માટે અને કૃષિ ક્ષેત્રમાં ધિરાણનો પ્રવાહ સુનિશ્ચિત થાય તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. પી.એમ.એફ.બી.વાય. હેઠળ ૩૮૮.૬૨ લાખ હેક્ટર જમીન વિસ્તાર આવરી લઈને રૂપિયા ૧૪૧૩૩૯ કરોડની નિશ્ચિત વીમા રકમ સાથે ૩૬૬.૬૪ લાખ (૨૬.૫૦%) ખેડૂતોને આવરી લેવાતા તેની પ્રભાવશાળી કામગીરી પરચો મળ્યો છે. સરકાર દ્વારા પી.એમ.એફ.બી.વાય.ને નવી યોજના તરીકે પુનઃગઠિત કરવામાં આવી છે કારણ કે અગાઉ અસ્તિત્વમાં હતી જે વીમા યોજનાઓમાં વીમા કવચ માટે ખેડૂતોની તમામ જરૂરિયાતોને આવરી લેવામાં આવતી નહોતી. પી.એમ.એફ.બી.વાય. હેઠળ ખેડૂતોને તેમના પાકના જોખમો સામે વીમા કવચ પૂરું પાડવા ઉપરાંત, ખાદ્ય સુરક્ષા, પાક વૈવિધ્યકરણ અને કૃષિ ક્ષેત્રમાં વધુ સારો વિકાસ તેમજ સ્પર્ધાત્મકતા પણ પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂપિયા ૧૩૨૪૦ કરોડની ફાળવણી સાથે આ પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો હતો.

**રાષ્ટ્રીય કૃષિ બજાર (એનએએમ)**

નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ એ સમગ્ર ભારતમાં પથરાયેલું ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગ પોર્ટલ છે જે વર્તમાન એપીએમસી મંડીઓને એકબીજા સાથે સાંકળીને તેમનું નેટવર્ક બનાવે છે અને કૃષિ ઉત્પાદનો માટે એક રાષ્ટ્રીય બજાર તૈયાર કરે છે. એન.એ.એમ. પોર્ટલ તમામ એપીએમસી સંબંધિત માહિતી અને સેવાઓ એક જ જગ્યાએથી ઉપલબ્ધ કરાવે છે. કૃષિ માર્કેટિંગની વહીવટી પ્રક્રિયા રાજ્યો દ્વારા કૃષિ-માર્કેટિંગ નિયમનો અનુસાર કરવામાં આવે છે જે અંતર્ગત રાજ્યોને કેટલાક બજાર વિસ્તારોમાં વિભાજિત કરવામાં આવ્યા છે અને દરેકનો વહીવટ અલગ કૃષિ ઉત્પાદન માર્કેટિંગ કમિટિ (એપીએમસી) દ્વારા કરવામાં આવે છે. આ એપીએમસી તેમના પોતાના નિયમનો (ફી સહિત) લાગુ કરે છે. બજારોનું આ વિભાજન, એક માર્કેટ વિસ્તારમાંથી બીજા માર્કેટમાં એગ્રી કોમોડિટીના મુક્ત પ્રવાહ અને કૃષિ પેદાશોના બહુવિધ સંચાલન તેમજ મંડી (બજારો)માં એક કરતા વધુ સ્તરોએ લાગતા વિવિધ પ્રકારના ચાર્જ અટકાવે છે જેના કારણે ગ્રાહકો સુધી પહોંચતી ખેત પેદાશોમાં અતિશય ભાવ વધારાને અટકાવી શકાય છે અને તેમ છતાં પણ ખેડૂતોના નફા પર કોઈ અસર પડતી નથી. એન.એ.એમ દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઓનલાઈન ટ્રેડિંગ પ્લેટફોર્મ દ્વારા એકસમાન માર્કેટ ઉભુ કરીને આ પડકારોનો ઉકેલ લાવવામાં આવે છે. આમ કરવાથી તમામ એકીકૃત બજારોમાં સમગ્ર પ્રક્રિયા એકરૂપ અને સરળ થઈ જાય છે, ખરીદદારો અને વેચાણકારો વચ્ચે માહિતીની અસમપ્રમાણતા દૂર થાય છે અને વાસ્તવિક માંગ તેમજ પૂરવઠાના આધારે જે-તે સમયે જ દરેકને ભાવની જાણકારી મળે છે. તેનાથી હરાજીની પ્રક્રિયામાં પારદર્શકતા આવે છે અને ખેડૂતોને રાષ્ટ્રવ્યાપી બજાર સુધી પહોંચવાની તક મળે છે. તેમની કૃષિ પેદાશોની ગુણવત્તાને અનુરૂપ યોગ્ય ભાવ મળી રહે છે અને ઓનલાઈન ચુકવણી તેમજ બહેતર ગુણવત્તાની પેદાશોની ઉપલબ્ધતા પણ મળી રહે છે. ખેડૂતોને વધુ સારો ભાવ મળી રહે છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૨૦૦ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો.

**સોઈલ હેલ્થ મેનેજમેન્ટ (એસ.એચ.એમ.)**

નેશનલ મિશન ફોર સસ્ટેઈનેબલ એગ્રિકલ્ચર (એનએમએસએ) અર્થાત્ ટકાઉક્ષમ કૃષિ માટે રાષ્ટ્રીય મિશનનો આરંભ કૃષિને વધુ ઉત્પાદનક્ષમ, ટકાઉક્ષમ અને આબોહવાને અનુરૂપ બનાવવાના આશય સાથે થયો છે; તેનો હેતુ કૃદરતી સ્રોતોને જાળવવા; વ્યાપક જમીન સ્વાસ્થ્ય સંચાલન પ્રક્રિયા અપનાવવી; પાણીના સ્રોતોનો મહત્તમ ઉપયોગ કરવો વગેરે છે. "સોઈલ હેલ્થ મેનેજમેન્ટ (એસ.એચ.એમ,)" એ એનએમએસએ અંતર્ગત કરવામાં આવતા સૌથી મહત્વના હસ્તક્ષેપો પૈકી એક ગણવામાં આવે છે. એસ.એચ.એમનો હેતુ જમીનના સ્વાસ્થ્ય અને ઉત્પાદકતામાં વધારો કરવા માટે જૈવિક ખાતર અને બાયો-ફર્ટિલાઈઝર્સને

સેકન્ડરી તેમજ માઈક્રો ન્યૂટ્રીઅન્ટ્સ સાથે ઉપયોગમાં લેવા સહિત રાસાયણિક ખાતરોના પ્રમાણસર ઉપયોગ દ્વારા એકીકૃત પોષક મેનેજમેન્ટ (આઈએનએમ (ઈન્ટિગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ))ને પ્રોત્સાહન આપવાનો; જમીનની ફળદ્રુપતા વધારવા માટે જમીનના પરીક્ષણ આધારીત ભલામણો અને સૂચનો ઉપલબ્ધ કરાવવા જમીનની મજબૂતી અને ખાતરોના પરીક્ષણ માટે પરીક્ષણ સુવિધા આપવાનો; ફર્ટિલાઈઝર કંટ્રોલ ઓર્ડર ૧૯૮૫ અંતર્ગત ખાતરો, બાયો-ફર્ટિલાઈઝર્સ અને જૈવિક ખાતરોની ક્વોલિટી કંટ્રોલ જરૂરિયાતો સુનિશ્ચિત કરવાનો; જમીનના પરીક્ષણની લેબોરેટરીમાં સ્ટાફ, વધારાના સ્ટાફ અને ખેડૂતો માટે ટ્રેનિંગ અને ડેમોસ્ટ્રેશનનું આયોજન કરીને તેમના જ્ઞાન અને કૌશલ્યમાં સુધારો લાવવાનો; જૈવિક ખેતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું વગેરે કરવાનો છે. આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૨૦૯૨ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો.

**પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (પી.એમ.કે.એસ.વાય.)**

પી.એમ.કે.એસ.વાય.નો હેતુ ખેતર સ્તરેથી સિંચાઈમાં રોકાણને લાવવાનો, નિશ્ચિત સિંચાઈ હેઠળ ઉપજ લાયક વિસ્તારમાં વધારો કરવાનો, પાણીનો બગાડ ઘટાડવા માટે ખેતરમાં પાણીના મહત્તમ ઉપયોગ માટે જરૂરી સુધારા લાવવાનો, પ્રિસિઝન-ઈરિગેશન (સુક્ષ્મ-સિંચાઈ) અને પાણીની બચત કરતી અન્ય ટેકનોલોજી(દરેક ટીપાંમાં વધુ પાક) અપનાવવામાં વધારો કરવાનો, એક્વાફાયર્સના રિચાર્જમાં વધારો કરવાનો અને મ્યુનિસિપલ વેસ્ટ પાણીના ફરી ઉપયોગ માટે સુવિધાઓ ઉભી કરીને જળ સંચય માટે ટકાઉક્ષમ પ્રક્રિયાઓ લાવીને શહેરી વિસ્તારોની આસપાસમાં ખેતી માટે પાણી ઉપલબ્ધ કરાવવાનો અને સુક્ષ્મ સિંચાઈ સિસ્ટમમાં વધુને વધુ ખાનગી રોકાણ આકર્ષવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન આ પ્રોજેક્ટ રૂપિયા ૭૩૭૫ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો. પી.એમ.કે.એસ.વાયમાં હાલમાં ચાલી રહેલી યોજનાઓ જેમકે, જળસ્ત્રોત મંત્રાલયના એક્સલરેટેડ ઈરિગેશન બેનિફિટ પ્રોગ્રામ (એ.આઈ.બી.પી.), રિવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રિજુવેનેશન (એમઓડબ્લ્યુઆર, આરડી એન્ડ જીઆર), ભૂસ્ત્રોતોના વિભાગ (ડીઓએલઆર)ના ઈન્ટિગ્રેટેડ વોટર શેડમેનેજમેન્ટ પ્રોગ્રામ (આઈડબ્લ્યુડબ્લ્યુપી) તેમજ કૃષિ અને સહકાર (ડીએસી)ના ઓન ફાર્મ વોટર મેનેજમેન્ટ (ઓએફડબ્યુલ્એમ)ને એકીકૃત કરવામાં આવ્યા છે.

**પરંપરાગત કૃષિ વિકાસ યોજના (પી.કે.વી.વાય.)**

કૃષિ ઉત્પાદન વધારવા માટે જમીન અને પાણીની અતિ મહત્વની બાબતોના ઉકેલ માટે સરકાર દ્વારા પરંપરાગત કૃષિ વિકાસ યોજનાનો આરંભ કરવામાં આવ્યો છે. આ હેઠળ સરકાર સમગ્ર ભારતમાં પ્રચલિત જૈવિક ખેતીને સમર્થન આપે છે અને તેમાં સુધારો પણ લાવે છે. ખેતીના ક્લસ્ટર અભિગમ માધ્યમને અનુસરીને ૫૦ એકર જમીન ધરાવતા કમસેકમ ૫૦ ખેડૂતોના ગ્રુપને જૈવિક ખેતી માટે તૈયાર કરવામાં આવે છે. સરકાર ત્રણ વર્ષમાં પાંચ લાખ હેક્ટર વિસ્તારમાં આવા ૧૦,૦૦૦ ક્લસ્ટર્સમાં જૈવિક ખેતી કરવાનું લક્ષ્ય ધરાવે છે. જોકે, વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન આ પ્રોજેક્ટ રૂપિયા ૩૫૦ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો.

**પ્રધાનમંત્રી જનધન યોજના (પી.એમ.જે.ડી.વાય.)**

પ્રધાનમંત્રી જનધન યોજનાનો આરંભ વર્ષ ૨૦૧૪માં કરવામાં આવ્યો હતો જે મૂળરૂપે બેકિંગ/બચત અને ડિપોઝિટ એકાઉન્ટ, વળતર, ધિરાણ, વીમો, પોષાય તે પ્રકારે પેન્શન સહિતની આર્થિક સેવાઓ દેશના દરેક નાગરિક સુધી પહોંચાડવા માટે સહિયારા આર્થિક સમાવેશનું રાષ્ટ્રીય મિશન છે. આ અંતર્ગત કોઈપણ બેંકની શાખા અથવા બિઝનેસ કોરસપોન્ડન્ટ (બેંક મિત્ર)માં કોઈપણ વ્યક્તિ પોતાનું ખાતુ ખોલાવી શકે છે. પી.એમ.જે.ડી.વાય. અંતર્ગત ખોલાવવામાં આવેલા ખાતા ઝીરો બેલેન્સ સાથે શરૂ થઈ શકે છે. આ યોજનાનો હેતુ આર્થિક સેવાઓ સૌના સુધી પહોંચે તેવી અને સૌને પોષાય તેવી કરવાનો છે. તેમાં મુખ્યત્વે ગરીબીની રેખા નીચે જીવતા લોકો અને પોતાનું બેંક ખાતુ ન ધરાવતા લોકોને લક્ષ્યમાં રાખવામાં આવે છે. આ યોજના શરૂ થયા બાદ માત્ર અડધા વર્ષમાં જ ૨૧ કરોડથી વધુ બેંક ખાતા શરૂ થઈ ગયા હતા.

**દિનદયાળ અંત્યોદય યોજના (ડે-એન.આર.એલ.એમ)**

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી મિશન (એન.આર.એલ.એમ.)નો પ્રારંભ ભારત સરકારના ગ્રામીણ મંત્રાલય (એમઓઆરડી) દ્વારા વર્ષ ૨૦૧૧માં કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૫માં આ પ્રોગ્રામનું નામ બદલીને દિનદયાળ અંત્યોદય યોજના (ડે-એનઆરએલએમ) રાખવામાં આવ્યું હતું. વર્લ્ડ બેંકના રોકાણ સહયોગના આધારે શરૂ કરાયેલા આ મિશનનો હેતુ ગ્રામીણ ગરીબો માટે કાર્યક્ષમ અને અસરકારક સંસ્થાકીય મંચ ઉભા કરવાનો છે જેથી ટકાઉક્ષમ આજીવિકા દ્વારા દરેક પરિવારની આવકમાં વધારો થઈ શકે અને દરેક વ્યક્તિ સુધી આર્થિક સેવાઓની પહોંચ વધી શકે. એન.આર.એલ.એમ.નો આરંભ સેલ્ફ-મેનેજડ સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ (એસએચજીએસ) અને સંઘીય સંસ્થાનો દ્વારા દેશભરમાં ૬ લાખ ગામડાઓમાં આવેલી ૨.૫ લાખ ગ્રામ પંચાયતોમાં ૬૦૦૦ બ્લોક્સમાં, ૬૦૦ જિલ્લામાં ૭ કરોડ ગ્રામીણ ગરીબ પરિવારોને આવરી લેવાનો અને ૮-૧૦ વર્ષના અંતરાલમાં આજિવિકા માટે તેમને સહકાર આપવાનો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં આ પ્રોજેક્ટ રૂપિયા ૪૮૧૪ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો. વધુમાં, આ યોજના અંતર્ગત ગરીબોને તેમના હકો, અધિકારો અને જાહેર સેવાઓ, વિવિધ જોખમો સામે રક્ષણ અને સશક્તિકરણ માટે બહેતર સામાજિક સૂચકો મળી રહે તે માટે પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ડે-એનઆરએલએમ ગરીબોમાં સમાયેલી અપાર ક્ષમતાઓને ખીલવીને તેને બહાર લાવવામાં અને પૂરતી ક્ષમતાઓ (માહિતી,

જ્ઞાન, કૌશલ્ય, સાધનો, આર્થિક સહાય અને એકત્રિકરણ) સાથે તેને પરિપૂર્ણ કરવામાં માને છે જેથી દેશમાં વિકસતા અર્થતંત્રમાં તેનો ઉપયોગ થઈ શકે.

**રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (આર.જી.એસ.એ.)**

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન સમગ્ર દેશમાં પંચાયતી રાજ સિસ્ટમને વધુ મજબૂત બનાવે છે અને તેની સફળતા આડે આવતા કેટલાક મહત્વના અંતરાયોનો ઉકેલ લાવે છે. આરજીએસએ ખાસ કરીને પંચાયતો અને ગ્રામ સભાઓની ક્ષમતાઓ અને અસરકારકતામાં વધારો કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે. તેનો હેતુ લોકોમાં જ્ઞાન ભંડાર વધારવા માટે સંસ્થાકીય માળખુ વધારે મજબૂત કરવાનો અને પંચાયતોની ક્ષમતા વધારવાનો, પંચાયતોની સત્તા અને જવાબદારીઓ બંધારણ તેમજ પેસા(પીઈએસએ) એક્ટને અનુરૂપ સોંપવા માટેની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો, ગ્રામ સભાઓ લોકોની સહભાહિતાની પાયાની રચના તરીકે અસરકારક કામ કરી શકે તે માટે તેને વધુ મજબૂત બનાવવાનો, પંચાયત સિસ્ટમમાં વધુ પારદર્શકતા અને જવાબદારી લાવવાનો અને જ્યાં ગ્રામ પંચાયતનું અસ્તિત્વ નથી તેવા વિસ્તારોમાં લોકશાહી સ્થાનિક સ્વરાજ વધુ મજબૂત બનાવવાનો છે. આ પ્રોજેક્ટ રૂપિયા ૬૫૫ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો.

**મિશન અંત્યોદય**

મિશન અંત્યોદયએ લોકો અને તેમની આજિવિકાઓમાં પરિવર્તન લાવતા માપદંડોના આધારે નોંધપાત્ર અસરકારક પરિણામ મેળવવા માટેનું એકકેન્દ્રીય માળખું છે. માત્ર એકકેન્દ્રીતા જ સમાંતર ધોરણે ગરીબીના બહુ-પરિમાણોનો સામનો કરવા માટે સક્ષમ હોવાથી વાસ્તવિક તફાવત તેના દ્વારા જ સામે આવી શકે છે. આ યોજનાનો હેતુ રાજ્યોના વડપણ હેઠળ ભાગીદારી સાથે ગામડાઓના ઝડપી પરિવર્તન દ્વારા વૈવિધ્યકરણ અને બહુવિધ આજીવિકાઓ ઉભી કરીને ગામડાઓમાં વસતા પરિવારોની ગરીબી દૂર કરવાનો છે. પરિવર્તનકારી ફેરફારો માટે તકો ઉભી કરીને આર્થિક અને માનવીય એમ બંને પ્રકારે સ્રોતોની એકકેન્દ્રીતા દ્વારા નિર્ધારિત સમયમાં ગરીબીની બહુ-પરિમાણિતાનો સામનો કરવાનો આ એક પ્રયાસ છે. આ યોજનાનું વિઝન "પોવર્ટી ભી ઈન્ડિયા બાય ૨૦૨૨" (વર્ષ ૨૦૨૨ સુધીમાં ગરીબી મુક્ત ભારત) છે. આ લક્ષ્ય માનવીય વિકાસ, સામાજિક વિકાસ, પરિસ્થિતિકીય વિકાસ, આર્થિક વિકાસ સહિતના સાર્વત્રિક વિકાસ દ્વારા હાંસલ કરવામાં આવશે. મિશન અંત્યોદયનો હેતુ "પોવર્ટી ક્વિટ ઈન્ડિયા" (ગરીબી ભારત છોડો) છે જેમાં ક્લસ્ટર આધારિત ટકાઉક્ષમ રોજગારી વિકાસ દ્વારા ૫૦૦૦ ગ્રામીણ ક્લસ્ટર્સ / ૫૦,૦૦૦ ગ્રામ પંચાયતોનું પરિવર્તન લાવવામાં આવશે. વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૪૮૦૦૦ કરોડની ફાળવણી સાથે આ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો.

**મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ (મનરેગા)**

નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ (નરેગા)નો આરંભ નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી એક્ટ ૨૦૦૫ના આધારે કરવામાં આવ્યો હતો અને બાદમાં તેનું નામ બદલીને "મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરેન્ટી સ્કીમ" (મનરેગા) અર્થાત્ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરેન્ટી સ્કીમ રાખવામાં આવ્યું છે. મનરેગા એક સામાજિક સુરક્ષા પગલું છે જેનો હેતુ સૌના માટે 'કામનો અધિકાર' સુનિશ્ચિત કરવાનો છે. મનરેગાનો પ્રારંભ ગ્રામીણ વિસ્તારોમાં કોઈપણ નાણાકીય વર્ષ દરમિયાન નિશ્ચિત વેતન સાથે કમસેકમ ૧૦૦ દિવસ રોજગારી સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો છે. એવા દરેક પરિવાર કે જેમાં પુખ્ત ઉંમરના લોકો બિનકૌશલ્યપ્રદ મેન્યુઅલ કામ એટલે કે જેમાં કૌશલ્યની જરૂર ન હોય તેવા શ્રમ આધારિત કામ કરવા માટે ઈચ્છતા હોય તેમને રોજગારી આપવામાં આવે છે. મનરેગા મુખ્યત્વે ગ્રામ પંચાયતો દ્વારા શ્રમ-પ્રોત્સાહક કાર્યો જેમ કે જળ સંચય માટે માળખુ તૈયાર કરવું, દુષ્કાળ રાહત કામગીરી અને પૂર નિયંત્રણ જેવી કામગીરી દ્વારા અમલમાં મુકવામાં આવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન તેના માટે અત્યાર સુધીનું સૌથી વધુ એટલે કે રૂપિયા ૪૮૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતું. મનરેગા હેઠળ કામ કરતા લોકોને સમયસર વેતન સુનિશ્ચિતપણે મળી રહે તે માટે, ઈલેક્ટ્રોનિક ફંડ મેનેજમેન્ટ સિસ્ટમ (એનઈએફએમએસ) શરૂ કરવામાં આવી છે. લગભગ ૯૬% વેતન સીધુ જ લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવે છે. દર વર્ષે લગભગ ૧.૫ કરોડ કામદારો મનરેગા હેઠળ રોજગારી મેળવે છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન આ પ્રોજેક્ટ રૂપિયા ૪૮૦૦૦ કરોડની ફાળવણી સાથે અમલમાં મુકવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં ૨ કરોડથી વધુ અસ્કયામતોને ટેગ કરવામાં આવી છે.

**સારાંશ**

ગ્રામીણ વિકાસ લોકોની આર્થિક ઉન્નતિ તેમજ સમાજના બહેતર પરિવર્તન એમ બંને પર લાગુ પડે છે. આર્થિક વિકાસમાં બહેતર સંભાવના ધરાવતા ગ્રામીણ લોકોના ઉત્કર્ષ માટે ધમધમતા કૃષિ ક્ષેત્ર, ગ્રામીણ વિકાસના કાર્યક્રમોમાં લોકોની વધતી સહભાગીતા અને બજારો સુધી લોકોની વધુ પહોંચ આવશ્યક છે. શહેરો અને ગામડાઓ વચ્ચેનું અંતર દૂર કરવા સેતુ બનાવવા માટે સરકારે બહુમુખી અભિગમ અપનાવ્યો છે અને તેના માટે ગ્રામીણ વિસ્તારોમાં લોકોનું જીવનધોરણ સુધારવાના પ્રયાસો કર્યા છે. આ પગલાંઓના કારણે ગ્રામીણ વિસ્તારોમાં લોકોનું જીવન તેઓ દાયકાઓથી રહેતા હતા તેની તુલનાએ ઘણું સુધરી ગયું છે.

**એમ. ચિન્નાદુરાઈ સેન્ટર ફોર એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ સ્ટડીઝ, તામિલનાડુ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, કોઈમ્બતુરના ડિરેક્ટર છે. શ્રી કે. આર. અશોક એ એગ્રિકલ્ચરલ એન્ડ રૂરલ મેનેજમેન્ટ CARDS, TNAU, કોઈમ્બતુરના પ્રોફેસર અને હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ છે.**
**E-mail: directrocards@tnau.ac.in**

# અટલ ઈનોવેશન મિશન

અટલ ઈનોવેશન મિશન (એઆઇએમ) દેશમાં સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની આગેવાનીમાં ચાલતી એક પહેલ છે. તેની સ્થાપના નિતિ આયોગ દ્વારા આવનારા વર્ષોમાં ભારતની સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાને સંબંધિત જરૂરિયાતો ઉપર વિગતવાર અભ્યાસ અને ચર્ચા – વિચારણાઓ કર્યા બાદ કરવામાં આવી હતી.

એઆઇએમ એક છત હેઠળ માળખાકીય નિર્માણનું ફરમાન ધરાવે છે અને કેન્દ્ર, રાજય અને ક્ષેત્રીય સંશોધન યોજનાઓના સમાંતર જોડાણમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. તેના કારણે વિવિધ સ્તરોએ સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાના વાતાવરણની સ્થાપના અને વૃદ્ધિને પ્રોત્સાહન પ્રાપ્ત થશે. આ કક્ષાઓમાં ઊચ્ચ માધ્યમિક શાળાઓ, વિજ્ઞાન, એન્જિનિયરિંગ અને ઊચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને એસએમઇ/એમએસએમઇ ઉદ્યોગ, કોર્પોરેટ અને એનજીઓ કક્ષાનો સમાવેશ થાય છે.

**અટલ ઈનોવેશન મિશન બે મુખ્ય પ્રવૃતિઓ ધરાવે છે:**

એ) સ્વરોજગાર અને કુશળતાના ઉપયોગ દ્વારા **ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન**, જેમાં સંશોધકોને સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે મદદ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

બી) **સંશોધન પ્રોત્સાહનઃ** એક મંચ પૂરો પાડવા જ્યાં નવીન વિચારોનું સર્જન થાય છે.

પોતાના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે તે સર્વગ્રાહી માળખું ધરાવે છે, તે નીચેના પેટા-ઘટકો પણ ધરાવે છે -

૧. **અટલ ટિંકરિંગ લેબ –** શાળાઓમાં સર્જનાત્મક, સંશોધનકારી વિચારધારા પ્રોત્સાહિત કરવા

એએમઆઇ સમગ્ર દેશના તમામ જિલ્લાઓની શાળાઓમાં પોતાની આગવી વિશેષતા ધરાવતી અટલ ટિંકરિંગ લેબ (એટીએલ)ની સ્થાપની કરી રહ્યું છે. આ એટીએલ ૧૨૦૦ – ૧૫૦૦ ચોરસ ફૂટનું ખાસ ફાળવવામાં આવેલા સંશોધન કાર્યસ્થળો છે, જયાં ૩ડી પ્રિન્ટર્સ, રોબોટિક્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (આઇઓટી), સુક્ષ્મ ઇલેક્ટ્રોનિક્સ જેવા આધૂનિક ટેકનોલોજીની જાણકારી મેળવવામાં ડૂ – ઇટ – યોરસેલ્ફ (ડીઆઇવાય) કિટ્સ સરકાર પાસેથી રૂ.૨૦ લાખની ગ્રાન્ટનો ઉપયોગ કરીને સ્થાપવામાં આવે છે, જેથી ગ્રેડ છથી ગ્રેડ બારના વિદ્યાર્થીઓ આ ટેક્નોલોજીનો પરિચય કેળવી શકે અને તેનો ઉપયોગ કરીને નવીન ઉપાયોનું સર્જન કરી શકે. આ બાબત સમગ્ર દેશમાં લાખો વિદ્યાર્થીઓમાં સમસ્યાઓનું સમાધન કરવું, સંશોધનાત્મક વિચારધારાનું સર્જન કરવામાં મદદ કરશે.

આજ દિન સુધીમાં, ૨૪૪૧ શાળાઓને એટીએલ ગ્રાન્ટ માટે પસંદ કરવામાં આવી ચૂકી છે અને ૨૦૧૮ના અંત સુધીમાં ૫૦૦૦થી વધુ શાળાઓ અટલ ટિંકરિંગ લેબ દ્વારા કાર્યન્વિત થવાની અપેક્ષા છે, જે દેશના તમામ જિલ્લાઓને આવરી લેશે. માત્ર ગ્રાન્ટ જ નહીં, વિદ્યાર્થીઓને જોડવા માટે એટીએલ કાર્યક્રમ ક્ષેત્રીય કામગીરી હાથ ધરી રહી છે અને કાર્યક્રમના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે એટીએલ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા નવીન ઉપાયોનું સર્જન કરી રહી છે. શાળાઓની નજીકમાં નજીક આવેલી યુનિવર્સિટીઓ એટીએલ વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન પુરું પાડી શકાય તે માટે એઆઇસીટીઇ (ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેક્નિકલ એજયુકેશન) પણ એઆઇએમ સાથે ભાગીદારી કરી રહ્યું છે.

૧૪મી એપ્રિલ, ૨૦૧૮ એટીએલ કમ્યુનિટી દિવસે એટીએલ ટેક્નોલોજી સંચાલિત સંશોધન ઉપર જાગૃતિ સર્જવા ૫૦,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તાજેતરમાં એટીએલ પેટા-ઘટકો હેઠળ અટલ ટિંકરિંગ મેરાથોન યોજાઇ હતી. આ મેરાથોનમાં ૩૫ હજારથી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મૂલ્યાંકન માટે આશરે ૬૫૦ જેટલા શ્રેષ્ઠ નામાંકનો દાખલ કરવામાં આવ્યાં હતા. આમાંથી ૧૭ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી રાષ્ટ્રીય કાર્યક્રમો સાથે સંલગ્ન જુદા-જુદા છ લક્ષિત ક્ષેત્રોમાંથી ૩૦ સંશોધનોની સ્વીકૃતિ માટે પસંદગી કરવામાં આવી હતી. આ સંશોધનોમાંથી કેટલાકની વધારે સુધારો કરવા અને તેમાંથી કેટલાકને વિકસાવીને

ઉપયોગમાં લેવાની સંભાવનાઓ તપાસવામાં આવશે. ૧૪મી એપ્રિલ, ૨૦૧૮ના રોજ યોજાયેલા એટીએલ સમુદાય દિવસના રોજ એટીએલ ટેક્નોલોજી સંચાલિત સંશોધનો અંગે નિર્માણ સર્જવા માટે ૫૦૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

દેશના દરેક જિલ્લામાં દરેક શાળા ઓછામાં ઓછી એક અથવા તેથી વધારે અટલ ટિંકરિંગ લેબની સુવિધા ધરાવે અને તેની સાથે – સાથે સમગ્ર દેશના ખૂણે-ખૂણે રાજ્યના શિક્ષણ વિભાગોની મદદ વડે તેની સુવિધામાં વધારો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. વધુમાં સરકારી / સરકારી અનુદાન મેળવતી શાળાઓ અને કન્યા શાળાઓ ઉત્તર પૂર્વ અને પર્વતીય જિલ્લાની શાળાઓને એટીએલ પસંદગીઓ માટે વિચારણા કરતી વખતે વિશેષ પ્રાથમિકતા આપવામાં આવે છે.

**અટલ ઈન્ક્યુબેટર્સ** – યુનિવર્સિટી અને ઉદ્યોગોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન યુનિવર્સિટી, એનજીઓ, એસએમઈ અને કોર્પોરેટ ઔદ્યોગિક સ્તરે, એઆઈએમ વિશ્વ કક્ષાના અટલ ઈન્ક્યુબેટર્સ (એઆઈસી) સ્થાપી રહ્યાં છે જે દેશના દરેક ક્ષેત્ર / રાજ્યમાં ટકાઉ પ્રારંભિગ ઉદ્યોગોના સફળ વિકાસની પ્રક્રિયા શરૂ કરશે અને તેના માટે સક્ષમ બનાવશે. તેના કારણે ભારતમાં વાણિજયક અને સામાજિક ઉદ્યોગ સાહસિકતાની તકો ઊભી કરીને દેશમાં ઉદ્યોગ સાહસિકો અને રોજગારીની તકોને પ્રોત્સાહન મળશે અને વૈશ્વિક કક્ષાએ તેને લાગુ પાડી શકાશે. એઆઈએમ દ્વારા પ્રવર્તમાન ઈક્યુબેટર્સને તેમની કામગીરી વિકસાવવા માટે પણ મદદ પણ પૂરી પાડવામાં આવી રહી છે.

એઆઈએમ ગ્રીનફિલ્ડ ઈન્ક્યુબેટર્સ અથવા પ્રવર્તમાન ઈન્ક્યુબેટર્સની સુવિધામાં વધારો કરવા સફળતાપૂર્વક અરજી કરનારને રૂ.૧૦ કરોડની ગ્રાન્ટ પણ પૂરી પાડી રહી છે. તેની પાછળનો મુખ્ય વિચાર તે છે કે ૧૧૦ સ્માર્ટ સિટીઓમાંથી દરેક અને દરેક રાજ્યની ટોચની ૫ – ૧૦ શૈક્ષણિક / ઔદ્યોગિક સંસ્થાઓ પાસે વિશ્વ કક્ષાના ઈન્ક્યુબેટર ધરાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ જે નવા સ્ટાર્ટ-અપનું સર્જન કરવા માટે યુનિવર્સિટી / ઔદ્યોગિક ક્ષેત્રે યુવાનો / સ્ટાર્ટઅપ સમુદાયો પૂરી પાડશે.

આજ દિન સુધીમાં ૧૯ અટલ ઈન્ક્યુબેટર્સની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૮ – ૧૯ના અંત પહેલા ૫૦થી વધારે અટલ ઈન્ક્યુબેટર્સ કાર્યન્વિત થવાની સંભાવના છે. એઆઈએમ દ્વારા મહિલાઓ સંચાલિત ઈન્ક્યુબેટર્સ અને સ્ટાર્ટઅપને ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવે છે.

**એઆઈએમની તાજેતરની પ્રવૃતિઓ**

અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ અને અટલ ગ્રાન્ડ ચેલેન્જ – સામાજિક અને વાણિજયક પ્રભાવો માટે ટેક્નોલોજી સંચાલિત સંશોધનો અને પ્રોડક્ટનું સર્જન સામાજિક / આર્થિક પ્રભાવ ધરાવતી ચોક્કસ પ્રોડક્ટના સંશોધનને પ્રોત્સાહન આપવા માટે એઆઈએમ રાષ્ટ્રીય મહત્ત્વના ચોક્કસ વિસ્તારો અને ક્ષોત્રમાં અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જ / અટલ ગ્રાન્ડ ચેલેન્જ શરૂ કરશે – જેમ કે પુનઃવપરાશી ઊર્જાઓ, ઊર્જા સંગ્રહ, ક્લાઈમેટ – સ્માર્ટ પ્રિસિજન એગ્રિકલ્ચર, વૈશ્વિક પેય જળ, સ્વચ્છ ભારત, પરિવહન, શિક્ષણ, રોબોટિકનો ઉપયોગ કરીને આરોગ્યસંભાળ, આઈઓટી ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોક ચેઈન, વિસ્તૃત અને આભાસી વાસ્તવિકતા, બેટરી ટેક્નોલોજી વગેરે. આમાંથી મોટાભાગના વિસ્તારો તાજેતરમાં પ્રકાશિત થયેલા આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭ – ૧૮ દ્વારા ભલામણ કરાયેલી પ્રાથમિકતાઓ સાથે સંકલિત પણ છે.


૧૭ અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જિસ (એએનઆઈસી)ના પ્રથમ તબક્કાની શરૂઆત ૨૬ એપ્રિલ, ૨૦૧૮ના રોજ શરૂ કરાયો હતો. નીતિ આયોગના સીઈઓએ ભારતની વિશિષ્ટ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ ટેક્નોલોજિકલ ઉપાયો શોધવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. સફળતાપૂર્વક અરજી કરનારને અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જિસ માટે રૂ.૧ કરોડ સુધીની ગ્રાન્ટ અને અટલ ગ્રાન્ડ ચેલેન્જિસ માટે રૂ.૩૦ કરોડ સુધીની વિશાળ ગ્રાન્ટ પ્રાપ્ત થશે.

અટલ ન્યૂ ઈન્ડિયા ચેલેન્જિસ હેઠળ ૧૭ નિર્ધારિત કરાયેલા લક્ષિક વિસ્તારો છે. તેમાં ક્લાઈમેટ – સ્માર્ટ એગ્રિકલ્ચર, રસ્તા અને રેલવે માટે ધૂમ્મસમાં જોવાની વ્યવસ્થા, વૈકલ્પિક ઈંધણ આધારિત પરિવહન, સ્માર્ટ પરિવહન, ત્વરિત પીવાલાયક પીવાના પાણીની ગુણવત્તા ચકાસવી, વ્યાજબી કિંમતોએ પાણીમાંથી ક્ષાર દૂર કરવો / પુનઃવપરાશ અંગેની ટેક્નોલોજી, કચરાંનું સંચાલન રિસાઈકલિંગ / પુનઃવપરાશ, કચરાનું વિઘટન કરતાં ઉપકરણો, વિઘટનની ગણવતા, જાહેર સ્થળોએ કચરો અને અન્ય બાબતોની સાથે જાહેર ગંદકી અંગે લોકોને સમજાવવાનો સમાવેશ થાય છે.

અત્યારે આ કાર્યક્રમ અંતર્ગત *http://aim.gov.in/atal-new-india-challenge.php* ઉપર અરજીઓ સ્વીકારવામાં આવે છે અને અરજી માટે અંતિમ તારીખ ૧૦મી જૂન, ૨૦૧૮ છે.

અગાઉ માર્ચ, ૨૦૧૮માં અટલ ઈનોવેશન મિશન (એઆઈએમ) અંતર્ગત સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાની સંસ્કૃતિ વિકસાવવા માટે જર્મનીની ટેક્નોલોજી કંપની એસએપી સાથે ઈરાદા પત્ર (સ્ટેટમેન્ટ ઓફ ઈન્ટેન્ટ – એસઓઆઈ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતા. એસઓઆઈના ભાગરૂપે સમગ્ર ભારતમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (એસટીઆઈએમ)ની અભ્યાસવૃતિ વિકસાવવા એસએપી પાંચ વર્ષ માટે ૧૦૦ અટલ ટિંકરિંગ લેબોરેટરી (એટીએલ) દત્તક લેશે.

# ભારત-નેપાળના સંબંધોમાં વધતી ઘનિષ્ઠતા



૧૧ – ૧૨ મે, ૨૦૧૮ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેપાળની બે દિવસની મુલાકાતે હતા.

જુદા – જુદા સ્તરોએ બે દેશોની વચ્ચે ઘનિષ્ઠ અને બહુઆયામી સંબંધોની સમીક્ષા કરવાની સાથે સાથે બન્ને દેશોના વડાપ્રધાનોએ સમાનતા, પરસ્પર વિશ્વાસ, સન્માન્ન અને પારસ્પારિક લાભોના આધારે સામાજિક – આર્થિક વિકાસ માટે ભાગીદારી વિકસાવવાની સાથે સાથે વિવિધ ક્ષેત્રે ચાલી રહેલા પ્રવર્તમાન સહકારને વધુ મજબૂત બનાવીને દ્વીપક્ષીય સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા ભેગા મળીને કામ કરવાના સંકલ્પનો પુનઃનિર્ધાર વ્યક્ત કર્યો છે.

આ મુલાકાત દરમિયાન, બન્ને દેશના વડાપ્રધાનોએ સંયુક્ત રીતે નેપાળમાં અરૂણ – III હાઈડ્રો – ઈલેક્ટ્રિક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. બન્ને દેશોના વડાપ્રધાનોએ સીતામાતાના જન્મસ્થાન જનકપુરને અયોધ્યા સાથે જોડતી નેપાળ - ભારત રામાયણ સર્કિટ પણ શરૂ કરી હતી. આ ઉપરાંત જનકપુરમાં તેમણે લીલી ઝંડી બતાવીને જનકપુર અને અયોધ્યા વચ્ચેની સીધી બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.

**મારી નેપાળ મુલાકાત ખૂબ જ ખાસ સમયે છે જ્યારે દેશે કેન્દ્રીય, પ્રાંતિય અને સ્થાનિક ચૂંટણીઓ સફળતાપૂર્વક હાથ ધરી છે: વડાપ્રધાન**

**નેપાળ સફળતાઓની નવી ઊંચાઈ પ્રાપ્ત કરે તે માટે ૧૨૫ કરોડ ભારતીયોની શુભકામનાઓ નેપાળના લોકો સાથે છે: વડાપ્રધાન**

**ભારતનું 'સબ કા સાથ, સબ કા વિકાસ' અને નેપાળનું 'સમૃદ્ધ નેપાળ, સુખી નેપાળ' સૂત્ર એક-બીજાને પૂરક છે: પીએમ મોદી**

**વડાપ્રધાન મોદી અને નેપાળના વડાપ્રધાન ઓલીએ સંયુક્ત રીતે અરૂણ – III પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો.**

પ્રકાશન તા. ૨૫ મે, ૨૦૧૮
પોસ્ટિંગ તા. ૧ જૂન, ૨૦૧૮

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2018-2020
VALID UPTO 31-12-2020 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. PMG/HQ/051/2018-20 VALID UPTO 31-12-2020

**YOJANA (GUJARATI), June 2018** **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ
એ-૨/૩ & ૨/૪, આકાશદર્શન કોલોની,
ભાઈકાકાનગરની પાછળ, આસોપાલવ બંગ્લોઝની
બાજુમાં, જનસેવા કેન્દ્ર થલતેજની પાસે, સોમવિલા બંગ્લોઝ રોડ,
થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૯.

## નીચેના પુસ્તકો ૫૦ થી ૯૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by Dr. Sadhana Rout, D.G. and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110003.

**Regional Office :** Yojana Office, Publications Division, Ministry of Information & Broadcasting, Government of India, A-2/3 & 2/4, Akashdarshan Colony, B/h. Bhaikaka Nagar, B/s, Asopalav Bunglows, Nr. Janseva Kendra Thaltej, Somvilla Bunglows Road, Thaltej, Ahmedabad - 380059. Gujarat.

**For business queries/subsciption, please email at yojanagujarati@gmail.com or call on (079) 26588669.**

Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Gujarat.